અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૨ મે ૨૦૨૫, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ સુદ ૫

વર્ષ : ૧૬
અંક : ૨૯૯

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**પીએમ મોદીએ ગુજરાતીમાં ટ્વિટ શુભકામના આપી** ગુજરાતના સ્થાપના દિવસ પર પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રીએ શુભકામનાઓ આપી

## ગુજરાત સ્થાપના દિવસ પર રાજ્યભરમાં ઉજવણી કરાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

૧ મેના રોજ દુનિયાભરના લોકો આંતરરાષ્ટ્રીય મજદૂર દિવસ મનાવે છે. પરંતુ ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના લોકો માટે આ દિવસ ખૂબ વિશેષ માનવામાં આવે છે. કારણ કે, આ જ દિવસે આજથી ૬૫ વર્ષ પહેલાં બંને રાજ્યોની સ્થાપના કરવામાં આવી હતી. ગુજરાત સ્થાપના દિવસ પર રાજ્યભરમાં ઉજવણી કરવામાં આવે છે.

ગુજરાતના સ્થાપના દિવસ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ગુજરાતીમાં ટ્વિટ કરીને ગુજરાતની જનતાને શુભકામનાઓ આપી છે. તેમણે એક્સ પર લખ્યું છે કે, "ગુજરાત સ્થાપના દિવસના આ ગૌરવપૂર્ણ અવસરે રાજ્યના નાગરિકોને મારી હાર્દિક શુભકામનાઓપ ગુજરાતે, તેની આગવી સંસ્કૃતિ, ઉદ્યોગસાહસિકતાની ભાવના અને ગતિશીલતાને કારણે એક વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે અને, રાજ્યના નાગરિકોએ વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદાન કર્યું છે. રાજ્ય પ્રગતિની નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરતું રહે એ જ અભ્યર્થના."

તો વળી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ ગુજરાત સ્થાપના દિવસ પર એક્સ પર પોસ્ટ લખીને રાજ્યની જનતાને શુભકામના આપી છે. તેમણે લખ્યું છે કે, વૈવિધ્યસભર કુદરતી સંપદા, ઐતિહાસિક સાંસ્કૃતિક વારસો અને આતિથ્ય માટે




પ્રસિદ્ધ ગુજરાતના સૌ બહેનો અને ભાઈઓને ગુજરાત દિવસની અનેકાનેક શુભેચ્છાઓ. ગુજરાતે હંમેશા પોતાની પ્રતિભા, પરિશ્રમ તેમજ વ્યવહારુ કુશળતા થી વિશ્વભરના લોકોને આકર્ષિત કર્યા છે. ભક્તિ ચળવળથી લઈને સ્વતંત્રતા ચળવળ અને આધુનિક સમય સુધી રાષ્ટ્ર નિર્માણમાં અગ્રણી યોગદાન આપનારા ગુજરાતના લોકોની સતત પ્રગતિ અને ઉન્નતિ માટે દાદા સોમનાથને પ્રાર્થના કરું છું.

આ તરફ ગુજરાતના માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલે ગુજરાતની જનતાને શુભકામના આપતો સંદેશો આપ્યો છે. તેમણે એક્સ પર લખ્યું છે કે, ગુજરાત રાજ્યના સ્થાપના દિવસ – 'ગુજરાત ગૌરવ દિવસ' ની સૌ ગુજરાતીઓને ખૂબ ખૂબ શુભકામનાઓ. મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, શ્યામજી કૃષ્ણ વર્મા, રવિશંકર મહારાજ, ઈન્દુચાચા અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા લોકસેવકોની પૂણ્યભૂમિ એટલે ગુજરાત. ગુજરાતની યશગાથા અને સમૃદ્ધ વિરાસતમાં દરેક ગુજરાતીનું યોગદાન છે. ગુજરાતના ઘડતરમાં યોગદાન આપનાર નામી-અનામી સૌ ગરવી ગુજરાતીઓના સ્મરણનો આ દિવસ છે. આ વર્ષનો ગુજરાત ગૌરવ દિવસ આપણા માટે પથદર્શક છે. એક દાયકા પછી ૨૦૩૫ માં ગુજરાતની સ્થાપનાનો હીરક મહોત્સવ આપણે ઉજવવાના છીએ. ૨૦૨૫ થી ૨૦૩૫ના આ આખાય દાયકાને "ઉત્કર્ષ ગુજરાત હીરક મહોત્સવ" તરીકે ઉજવવાનો રોડમેપ આપણે તૈયાર કર્યો છે. આ હીરક મહોત્સવ ગુજરાતીઓના સન્માન સાથે સમૃદ્ધ ઈતિહાસ તથા સાંસ્કૃતિક મૂલ્યોની ઉજવણીનો જનઉત્સવ બનવાનો છે. માનનીય મોદીજીના માર્ગદર્શનમાં ગુજરાત દેશનું રોલ મોડલ અને ગ્રોથ એન્જિન બન્યું છે.

હવે, તેઓના દિશાદર્શનમાં વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણનો આપણો નિર્ધાર છે. સૌ ગુજરાતીઓના સહિયારા પુરુષાર્થ અને જનચેતનાથી આપણે ગુજરાતને વિકાસના સર્વોચ્ચ શિખરે પહોંચાડીશું. જય જય ગરવી ગુજરાત.

### ન્યૂઝ બ્રિફ

#### બાબા રામદેવ કંટ્રોલમાં નથી, પોતાની જ દુનિયામાં રહે છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

હમદર્દ રુહ અફઝા અંગે યોગ ગુરુ બાબા રામદેવ દ્વારા કરાયેલી ટિપ્પણીનો વિવાદ વકરતો જઈ રહ્યો છે. દિલ્હી હાઈકોર્ટે આ મામલે બાબા રામદેવને જોરદાર ફિટકાર લગાવતાં કહ્યું કે બાબા રામદેવ બેકાબુ થઈ ગયા છે. તે પોતાની જ દુનિયામાં મસ્ત રહે છે. અગાઉ કોર્ટે હમદર્દના રુહ અફઝા અંગે વિવાદિત શરબત જેહાદ વાળી ટિપ્પણી મામલે બાબા રામદેવને કોર્ટની અવમાનનાના દોષિત ઠેરવ્યા હતા.

#### મુકેશ અંબાણી ફરીવાર ૧૦૦ અબજ ડોલર ક્લબમાં સામેલ

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

દેશની સૌથી મૂલ્યવાન કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં સતત તેજી જોવા મળી રહી છે. છેલ્લા ૩-૪ દિવસોમાં તેના શેરના ભાવમાં ૮ ટકાનો વધારો થયો છે. તેનાથી કંપનીના ચેરમેન મુકેશ અંબાણીની નેટવર્થમાં પણ ઘણો વધારો થયો છે અને ફરી એક વાર તેઓ ૧૦૦ અબજ ડોલરની ક્લબમાં પ્રવેશી ગયા છે. ફોબ્ર્સની રિયલ ટાઈમ બિલીયોનેર્સની યાદી અનુસાર મુકેશ અંબાણી નેટવર્થ ૧૦૬.૧ અબજ ડોલરના સ્તરે સ્પર્શી ગઈ છે.

#### યુદ્ધ ક્યાં શરૂ થશે તે તમે નક્કી કરો, ક્યાં પુરું થશે તે અમે બતાવીશું

। ઈસ્લામાબાદ, તા.૧ ।

પહેલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં ઘણો તણાવ જોવા મળ્યો છે. ભારતે પાકિસ્તાન સામે ઘણા કડક પગલાં લીધાં છે. આ દરમિયાન, પાકિસ્તાની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ ભારતને ચેતવણી આપી છે. પાકિસ્તાનના લશ્કરી પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ બુધવારે ભારતને ચેતવણી આપી હતી કે જો ભારત કોઈ હુમલો કરશે.


ત્રણ વર્ષમાં સૌથી નીચો ત્રિમાસિક ગ્રોથ, ડિસેમ્બર ક્વાર્ટરમાં ગ્રોથ ૨.૪ ટકા હતો

## ટ્રમ્પ શાસનમાં USનો GDP ગ્રોથ ઘટીને ૦.3%, મંદીના ભણકારા

### ટેરિફને કારણે અમેરિકાના ગ્રોથ પર કેવી અસર થશે તેવા સવાલના જવાબમાં બોસ્ટન કોલેજના ઈકોનોમિસ્ટ બ્રાયન જેટલો ગ્રોથ છે તે બધો જ ધોવાઈ જશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧ ।

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા પછીના પ્રથમ ક્વાર્ટર (જાન્યુઆરી-માર્ચ) માં જીડીપી ગ્રોથ ઘટીને ૦.૩ ટકા થઈ ગયો હતો, જે ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં ૨.૪ ટકા હતો. છેલ્લાં ત્રણ વર્ષમાં પ્રથમવાર યુએસ જીડીપી ગ્રોથ ઘટ્યો છે. વળી, ટ્રમ્પે ટેરિફ જાહેર કર્યા તેને કારણે આગામી દિવસોમાં અમેરિકામાં મંદીની સંભાવના પણ અર્થશાસ્ત્રીઓએ વ્યક્ત કરી છે. માર્ચ ક્વાર્ટરમાં અમેરિકાની આયાત નોંધપાત્ર વધી હતી કારણ કે ટ્રમ્પના રેસિપ્રોકલ ટેરિફનો અમલ થાય તે પહેલાં આયાતકારોએ મોટાપાયે ખરીદી કરવા માંડી હતી. આયાતને કારણે જીડીપી ગ્રોથ પર ૦.૫૦ ટકા અસર થઈ હતી. કન્ઝ્યુમર સ્પેન્ડિંગ પણ નોંધપાત્ર ઘટ્યું હતું.દરમિયાન અમેરિકાની કંપનીઓએ આકરા ટેરિફને પગલે ચીનમાંથી આયાતના ઓર્ડર રદ કરવાનું શરૂ કરી દીધું છે. ઘણી કંપનીઓએ વિસ્તરણ પણ અટકાવી દીધું છે. ટ્રમ્પે ચીન સિવાયના દેશો



પર પણ ટેરિફ જાહેર કરીને ૯૦ દિવસ સુધી અમલ મોકૂફ રાખતા અનિશ્ચિતતા વધી ગઈ છે. ટેરિફને કારણે અમેરિકાનાં અર્થતંત્ર પર વ્યાપક અસર થશે તેવું અર્થશાસ્ત્રીઓ માને છે અને તેમણે મંદીની સંભાવના વધારી દીધી છે. અમેરિકાના સૌથી મોટા ટ્રેડ પાર્ટનર ચીન પર જ તેમણે ૧૪૫ ટકા ટેરિફ ઝીંક્યા છે. ચીને પણ અમેરિકા પર વળતા ૧૨૫ ટકા ટેરિફ લાગુ કર્યા છે. ટેરિફને કારણે અમેરિકાના ગ્રોથ પર કેવી અસર થશે તેવા સવાલના જવાબમાં બોસ્ટન કોલેજના ઈકોનોમિસ્ટ બ્રાયન જેટલો ગ્રોથ છે તે બધો જ ધોવાઈ જશે. લોસ એન્જેલસ પોર્ટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર જિન સેરોકાએ ગત સપ્તાહે કહ્યું હતું કે બે સપ્તાહમાં જ ચીનમાંથી અમેરિકામાં આયાત થતી વસ્તુઓમાં ૩૫ ટકા જેવો ઘટાડો બે સપ્તાહમાં જ જોવા મળશે કારણ કે ચીનના અગ્રણી રિટેલર્સ અને મેન્યુફેક્ચરર્સ તરફથી અમેરિકા ખાતે તમામ શિપમેન્ટ અટકી ગયા છે. એશિયાના દેશોમાંથી થતી નિકાસ પણ નરમ પડી છે. ચીનથી અમેરિકા ખાતે નિકાસ માટેના કન્ટેનરનું બુકિંગ ૬૦ ટકા ઘટી ગયું હોવાનું સેન ફ્રાન્સિસ્કોની કાર્ગો કંપનીએ કહ્યું છે. એપોલો ગ્લોબલ મેનેજમેન્ટના ચીફ ઈકોનોમિસ્ટ ટોર્સ્ટેન સ્લોકે કહ્યું છે કે જો ટ્રમ્પના ટેરિફ તેમના કહ્યા મુજબ યથાવત રહેશે તો અમેરિકામાં મંદીમાં સરકી જવાના ૯૦ ટકા ચાન્સ છે. આરએસએમ કન્સલ્ટન્સીના ઈકોનોમિસ્ટે ૧૨ મહિનામાં જ યુએસ મંદીમાં સરકી જવાના ૫૫ ટકા ચાન્સ હોવાનું કહ્યું છે.


આતંકીઓને વીણી વીણીને મારીશું : શાહ

## ૨૭ નિર્દોષોની હત્યાનો બદલો લઈશું: અમિત શાહ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પહલગામ હુમલામાં સામેલ આતંકવાદીઓને ચેતવણી આપી છે કે, તેઓ એવું ન વિચારે કે યુદ્ધ જીતી લીધું છે. પહલગામ આતંકી હુમલા બાદ પોતાની પહેલી સાર્વજનિક ટિપ્પણીમાં શાહે કહ્યું કે, "લડાઈ હજુ ખતમ નથી થઈ. તેમણે (આતંકવાદીઓએ) એવું ન વિચારવું જોઈએ કે, અમારા ૨૭ લોકો માર્યા બાદ તેમણે યુદ્ધ જીતી લીધું છે." તેમણે કહ્યું કે, "જો કોઈ કાયરતા પૂર્ણ હુમલો કરવાનું વિચારે છે તો આ તેમની મોટી જીત છે, તો એક વાત સમજી લે, આ નરેન્દ્ર મોદીની સરકાર છે, કોઈને છોડશે નહીં. અમારો સંકલ્પ છે કે આ દેશના દરેક ખૂણામાંથી આતંકવાદને ઉખાડીને ફેંકી દઈશું. ન ફક્ત ૧૪૦ કરોડ ભારતીયો પણ આખી દુનિયા આ લડાઈમાં ભારત સાથે ઊભી છે."

અમિત શાહે આગળ કહ્યું કે, "દુનિયાના તમામ દેશો એકજૂટ થઈને ભારતના લોકો સાથે આતંકવાદ વિરુદ્ધ લડાઈમાં ઊભા છે. હું આ સંકલ્પને ફરી રિપીટ કરવા માગું છું કે, જ્યાં સુધી આતંકવાદનો ખાતમો નહીં થાય, અમારી લડાઈ ચાલુ રહેશે અને જેમણે આ કામ



કર્યું છે, તેમને નિશ્ચિતપણે યોગ્ય સજા આપ વામાં આવશે." કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, "આજે હું જનતાને કહેવા માગું છું કે, અમે ૯૦ના દાયકાથી કાશ્મીરમાં આતંકવાદ વિરુદ્ધ ઝીરો ટોલરેન્સની નીતિ પર મજબૂતીથી લડી રહ્યા છીએ. આજે આતંકીઓએ એવું ન વિચારવું જોઈએ કે, તેમણે અમારા નાગરિકોના જીવ લઈને જંગ જીતી લીધો છે. હું એ તમામ લોકોને કહેવા માગું છું કે જે આતંક ફેલાવે છે, આ લડાઈનો અંત નથી, દરેક વ્યક્તિને જડબાતોડ જવાબ મળશે."

GST કલેક્શન એપ્રિલમાં ૨.૩૭ લાખ કરોડની રેકોર્ડ સપાટીએ

## નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની શરૂઆત સાથે જ કેન્દ્ર સરકારની તિજોરી છલકાઈ

### લક્ષદ્વીપમાં સૌથી વધુ ૨૮૭ ટકાનો ગ્રોથ નોંધાયો છે જ્યારે ગુજરાતમાં પણ ડબલ ડિજિટ ગ્રોથ નોંધાયો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની શરૂઆત સાથે જ કેન્દ્ર સરકારની તિજોરી છલકાઈ છે. GST કલેક્શન આ વર્ષે એપ્રિલમાં રૂ. ૨.૩૭ લાખ કરોડની રેકોર્ડ બ્રેક સપાટીએ નોંધાયુ છે. જે વાર્ષિક ધોરણે ૧૨.૬ ટકાનો ઉછાળો દર્શાવે છે. સરકારી આંકડાઓ અનુસાર, એપ્રિલ, ૨૦૨૫માં રૂ. ૨.૩૭ લાખ કરોડનું ઓલટાઈમ હાઈ જીએસટી કલેક્શન નોંધાયુ છે. જે ગતવર્ષે સમાન ગાળામાં રૂ. ૨.૧૦ લાખ કરોડ હતું. જ્યારે માર્ચ, ૨૦૨૫માં રૂ. ૧.૯૬ લાખ કરોડ નોંધાયુ હતું.

જુલાઈ, ૨૦૧૭માં અમલી બનેલા જીએસટીથી સરકારની આવક ધીમા ધોરણે સતત વધી છે. અગાઉ એપ્રિલ ,૨૦૨૪માં




રેકોર્ડ રૂ. ૨.૧૦ લાખ કરોડનો જીએસટી નોંધાયો હતો. આ વર્ષે એપ્રિલમાં રિફંડ બાદ નેટ જીએસટી કલેક્શન ૯.૧ ટકા વધી એપ્રિલમાં રૂ. ૨.૦૯ લાખ કરોડ નોંધાયુ હતું.

રાજ્યવાર જીએસટી કલેક્શનને ધ્યાનમાં લઈએ તો લક્ષદ્વીપમાં સૌથી વધુ ૨૮૭ ટકાનો ગ્રોથ નોંધાયો છે. જ્યારે ગુજરાતમાં પણ ડબલ ડિજિટ ગ્રોથ નોંધાયો હતો. ગતમહિને માર્ચમાં ગુજરાતમાં રૂ. ૧૨૦૯૫ કરોડનું જીએસટી કલેક્શન નોંધાયુ હતું. જે એપ્રિલમાં ૧૩ ટકા વધી રૂ. ૧૪૯૭૦ કરોડ નોંધાયુ છે. નોંધનીય છે, મિઝોરમમાં સૌથી ઓછો ૨૮ ટકા ગ્રોથ જોવા મળ્યો હતો. ભારતમાં વિવિધ ગુડ્સ અને સર્વિસિઝ પર ચાર સ્લેબમાં જીએસટી વસૂલાય છે. જેમાં ૫ ટકા જીએસટી, ૧૨ ટકા જીએસટી, ૧૮ ટકા જીએસટી અને ૨૮ ટકા જીએસટી સામેલ છે. દેશમાં જુલાઈ, ૨૦૧૭માં જીએસટી લાગુ થયા બાદ જીએસટી કાઉન્સિલ દ્વારા વિવિધ પ્રોડક્ટ્સ પર જીએસટી રેટમાં ઘણીવાર સંશોધન કરવામાં આવ્યા છે.

#### પહેલગામ આતંકવાદી હુમલામાં થયા ચોંકાવનારા ખુલાસા

। નવી દિલ્હી, તા. ૧ ।

૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની તપાસમાં ઘણા ખુલાસા થયા છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, NIA ની તપાસમાં જાણવા મળ્યું છે કે આ ઘટનાને અંજામ આપનારા આતંકવાદીઓ ૧૫ એપ્રિલે જ પહેલગામ પહોંચ્યા હતા. અને આ ઘટના બાદ આંતકવાદી સોશિયલ મીડિયામાં એક્ટિવેટ હતા અને તેમના બોસને દરેક વસ્તુની માહિતી આપી રહ્યા હતા.

ગુજરાત સહિત ૧૧ રાજ્યોના ૨૬ બેંકોનું મર્જર

## 'એક રાજ્ય, એક ગ્રામીણ બેંક' યોજના આજથી લાગુ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

દેશભરમાં આજથી 'એક રાજ્ય, એક ગ્રામીણ બેંક' યોજના લાગુ કરી દેવાઈ છે. નાણા મંત્રાલયે આજે (૧ મે) કહ્યું છે કે, 'આજથી દેશભરમાં આ યોજના લાગુ કરી દેવાઈ છે. અગાઉ ૭૦૦ જિલ્લામાં કાર્યરત ૪૩ આરઆરબી ઘટીને ૨૮ થશે. યોજના અંતર્ગત ૧૧ રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોની ૨૬ પ્રાદેશિક ગ્રામીણ બેંકોને રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોમાં એકલ આરઆરબીમાં મર્જર કરી દેવાયું છે. નાણાકીય સેવા વિભાગે (ડીએફએસ) કહ્યું કે, 'મર્જર બાદ RRB બેંકોની સંખ્યા ૪૩થી ઘટીને ૨૮ થઈ ગઈ છે. આમ કરવાથી આરઆરબીના નાણાંકીય વ્યવહાર તેમજ પ્રદર્શનમાં સુધારો થશે. ડીએફએસએ સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું છે કે, 'હવે કુલ ૨૮ પ્રાદેશિક ગ્રામીણ બેંકો હશે, જેમની ૭૦૦ જિલ્લામાં ૨૨૦૦૦થી વધુ શાખાઓ હશે.' બધી સંસ્થાઓની અધિકૃત મૂડી ૨,૦૦૦ કરોડ રૂપિયા હશે.

આંધ્રપ્રદેશમાં ચૈતન્ય ગોદાવરી ગ્રામીણ બેંક, આંધ્ર પ્રગતિ ગ્રામીણ બેંક અને અન્ય RRBનું વિલીનીકરણ કરીને આંધ્રપ્રદેશ ગ્રામીણ બેંક બનાવવામાં આવશે.

## વડાપ્રધાને WAVES સમિટનું લોકાર્પણ કર્યું

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

ભારતના મીડિયા અને મનોરંજન ઉદ્યોગને વિશ્વમાં પ્રમોટ કરવા માટે વેવ્ઝ ૨૦૨૫ નામનો એક ખાસ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. આ કોન્ફરન્સ મુંબઈના જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ચાર દિવસ સુધી ચાલશે. તેનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશ્વભરના ક્રિએટિવ લોકો, ઈન્વેસ્ટર, સ્ટાર્ટઅપ્સ અને ટેક્નોલૉજી સાથે જોડાયેલા ઉદ્યોગસાહસિકો ભાગ લઈ રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે WAVESનો અર્થ છે - વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ અને એન્ટરટેઈનમેન્ટ સમિટ. તેમણે કહ્યું કે, 'WAVES એ ફક્ત એક ટૂંકું નામ નથી. તે ખરેખર એક લહેર છે. સંસ્કૃતિ, ક્રિએટિવિટી અને દુનિયાને જોડનારી એક લહેર છે. આ લહેર પર ફિલ્મો, સંગીત, ગેમિંગ, નવીનતા અને વાર્તા કહેવાની છે. આજે ૧૦૦થી વધુ દેશોના કલાકારો, નવીનતાઓ, રોકાણકારો અને નીતિ નિર્માતાઓ અહીં એક છત નીચે ભેગા થયા છે. અમે પ્રતિભા અને રચનાત્મકતાના વૈશ્વિક ઈકોસિસ્ટમનો પાયો નાખી રહ્યા છીએ. WAVES એક વૈશ્વિક પ્લેટફોર્મ છે જે દરેક કલાકાર અને સર્જકનું છે.' પીએમ મોદીએ કહ્યું- ભારતીયસિનેમાસમગ્રવિશ્વમાંગુંજતુંરહેછે.આપણેબધાનું દિલ જીતવું પડશે. વિકસિત ભારત તરફની આપણી યાત્રા હવે શરુ થઈ રહી છે. પીએમ મોદીએ આગળ કહ્યું- સંગીત આપણા માટે એક સાધના છે. ભારતના દરેક ખૂણામાં પ્રતિભા છે.' પીએમ મોદીએ કહ્યું, આ સમય ભારતમાં ઑરેન્જ ઈકોનોમીના ઉદ્ભવનો છે. કન્ટેન્ટ, ક્રિએટિવિટી અને સંસ્કૃતિ - આ ત્રણેય આ ઑરેન્જ ઈકોનોમીના મજબૂત પાયા છે.

## પહેલગામ હુમલા પર સુપ્રીમ કોર્ટમાં પહોંચી એક અરજી

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૧ ।

પહેલગામ આતંકવાદી હુમલા સંબંધિત અરજી પર સુપ્રીમ કોર્ટે મોટી ટિપ્પણી કરી છે. પહેલગામ હુમલા પર અરજી દાખલ કરનાર અરજદારને ઠપકો આપતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે આવી અરજી દાખલ કરતા પહેલા મામલાની ગંભીરતા સમજવી જોઈતી હતી. આપણા દળોનું મનોબળ તોડશો નહીં. આ અરજીઓ માટે આ યોગ્ય સમય નથી. પહેલગામ હુમલાની તપાસ માટે સુપ્રીમ કોર્ટમાં એક પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી. પહેલગામ આતંકવાદી હુમલા અંગે અરજદારોને ફટકાર લગાવતા સુપ્રીમ કોર્ટે કહ્યું, 'શું તેઓ સુરક્ષા દળોનું મનોબળ નીચું કરવા માંગે છે?' આ તે સમય છે. જ્યારે દરેક ભારતીય આતંકવાદ સામે લડવા માટે હાથ મિલાવી રહ્યાં છે. આપણા દળોનું મનોબળ તોડશો નહીં. આ યોગ્ય સમય નથી. ઉપરાંત, તેમને આવા મુદ્દાઓ કોર્ટમાં ન લાવવાની સૂચના આપવામાં આવી હતી. આ કેસમાં, ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ એનકે સિંહની બેન્ચે અરજદારોને પૂછ્યું કે શું તેઓ સુરક્ષા દળોનું મનોબળ તોડવા માંગે છે? સુપ્રીમ કોર્ટે કહ્યું કે આવી અરજી દાખલ કરતા પહેલા, મામલાની 'સંવેદનશીલતા' પર વિચાર કરવો જોઈતો હતો. ઉલ્લેખનીય છે કે પહેલગામ આતંકવાદી હુમલામાં વિદેશી પ્રવાસીઓ સહિત ૨૬ લોકો માર્યા ગયા હતા. આતંકવાદીઓએ બધાને તેમનો ધર્મ પૂછીને મારી નાખ્યા. અરજદારોએ પહેલગામ આતંકવાદી હુમલાની ન્યાયિક તપાસની માંગ કરી હતી જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા. પરંતુ સુપ્રીમ કોર્ટે અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે અરજદારને પોતાના નિષ્કર્ષ અંગે થોડા જવાબદાર બનવા કહ્યું. આ મુશ્કેલ સમયમાં, દેશનો દરેક નાગરિક આતંકવાદ સામે લડવા માટે એક થયો છે.

## અંબાજી મંદિરમાં દર્શન-આરતીના સમયમાં ફેરફાર

। (માહિતી) અમદાવાદ, તા.૧ ।

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા એક યાદીમાં જણાવ્યું છે કે, ઋતુ અનુસાર સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં થતા ફેરફારને થવાથી યાત્રાળુઓને ધ્યાનમાં રાખીને યાત્રાળુઓની સગવડતા માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે.દેવસ્થાન ટ્રસ્ટના નવા સમયપત્રક મુજબ, સવારની આરતી ૭:૦૦થી ૭:૩૦ વાગ્યા સુધી રહેશે. ત્યારબાદ દર્શન સવારે ૭:૩૦થી ૧૦:૪૫ વાગ્યા સુધી ચાલુ રહેશે. ત્યાર બાદ બપોરે ૧૨:૩૦થી ૧:૦૦ વાગ્યા સુધી રાજભોગ આરતી થશે. તેમજ બપોરના દર્શન ૧:૦૦થી ૪:૩૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. સાંજની આરતી ૭:૦૦થી ૭:૩૦ વાગ્યા દરમિયાન રહેશે. અને રાત્રિ ૭:૩૦થી ૯:૦૦ વાગ્યા સુધી યાત્રાળુઓ દર્શન કરી શકાશે.શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા એક યાદીમાં જણાવ્યું છે કે, ઋતુ અનુસાર સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં થતા ફેરફારને થવાથી યાત્રાળુઓને ધ્યાનમાં રાખીને યાત્રાળુઓની સગવડતા માટે મહત્વ પૂર્ણ નિર્ણય લેવાયો છે.દેવસ્થાન ટ્રસ્ટના નવા સમયપત્રક મુજબ, સવારની આરતી ૭:૦૦થી ૭:૩૦ વાગ્યા સુધી રહેશે. ત્યારબાદ દર્શન સવારે ૭:૩૦થી ૧૦:૪૫ વાગ્યા સુધી ચાલુ રહેશે. ત્યાર બાદ બપોરે ૧૨:૩૦થી ૧:૦૦ વાગ્યા સુધી રાજભોગ આરતી થશે. તેમજ બપોરના દર્શન ૧:૦૦થી ૪:૩૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. સાંજની આરતી ૭:૦૦થી ૭:૩૦ વાગ્યા દરમિયાન રહેશે. અને રાત્રિ ૭:૩૦થી ૯:૦૦ વાગ્યા સુધી યાત્રાળુઓ દર્શન કરી શકાશે.

## કચ્છ જિલ્લા માટે શિક્ષકોની સ્પેશિયલ ભરતી કરાશે

। (માહિતી) ગાંધીનગર, તા.૧ ।

શિક્ષકોની ભરતી માટે રાજ્ય સરકારે મોટો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે આપેલી માહિતી પ્રમાણે કચ્છ જિલ્લા માટે સ્પેશિયલ શિક્ષકોની ભરતી કરાશે. પ્રફુલ પાનશેરીયાએ આપેલી માહિતી પ્રમાણે કચ્છ જિલ્લા માટે રાજ્ય સરકારે સ્પેશિયલ ભરતીને મંજૂરી આપી છે. આ જગ્યાઓ પર નિમણૂંક મેળવવા ઈચ્છતા ઉમેદવારે સમગ્ર નોકરી દરમિયાન માત્ર કચ્છ જિલ્લામાં ફરજ બજાવવાની રહેશે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા મોટો નિર્ણય કરાયો છે. હવે કચ્છ જિલ્લા માટે સ્પેશિયલ શિક્ષકોની ભરતી કરાશે. પ્રાથમિક વિભાગ (ધોરણ ૧થી ૫) માટે કચ્છ જિલ્લામાં ૨૫૦૦ જગ્યાઓ પર સીધી ભરતી કરાશે. જ્યારે ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધોરણ ૬થી ૮) ની ૭૦૦૦ મંજૂર જગ્યાઓમાં કચ્છ જિલ્લા માટે સ્પેશિયલ ૧૬૦૦ ભરતી કરવામાં આવશે.

# સમાજ પર વિશેષ પ્રભાવ પાડતા લોકો નશામુક્તિ અભિયાનમાં સહભાગી થાય તે જરૂરીઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

। (માહિતી) નવસારી, તા.૧ ।



આપણા દેશના લોકલાડીલા અને ગુજરાતના પનોતા પુત્ર માનનીય વડાપ્રધાનશ્રીના પ્રયાસો થી સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિન ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે રમત ગમત વિભાગ હેઠળ ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના કરવામાં આવેલ જેનો હેતુ સમગ્ર ગુજરાતમાં લોકો નિરોગી રહે અને દરેક નાગરિક સ્વસ્થ જીવનશૈલી જીવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે જે સંદર્ભે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા "સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાન" અંતર્ગત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અન્વયે નવસારીમાં આજે તારીખ ૦૨-૦૫-૨૦૨૫,શુક્રવારના રોજ સાંજે ૦૩ થી ૦૬ વાગ્યા દરમિયાન ટાટા હોલ આશાનગર નવસારી ખાતે યોગ સંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ તારીખ ૦૩-૦૫-૨૦૨૫,શનિવારના રોજ સવારના ૦૫.૩૦ થી ૦૭.૩૦ કલાક દરમિયાન લુનસીકુઈ ગ્રાઉન્ડ પર ચેરમેનશ્રી યોગ સેવક શિશપાલજી ગુજરાત રાજ્ય યોગ બોર્ડની અધ્યક્ષતામાં યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરનો હેતુ લોકોને માનસિક અને શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે આવનારી પેઢીમાં યોગ અંગેની જાગૃતતા આવે અને લોકો યોગ કરતા થાય તે માટે યોગ શિબિરમાં નવસારી જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે નવસારી જિલ્લામાં કાર્યક્રમ થશે. કાર્યક્રમમા ભાગ લેવા ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોટામા સ્કેનર દ્વારા કરવુ તથા ૫૦ રૂપિયા ટોકન આપી આઈકાર્ડ કાર્યાલય સ્થળ લુનસીકુઈ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ પર થી મેળવી લેવું. આ આઈકાર્ડ શિબિર સ્થળ પર બતાવી આકર્ષક યોગની ટી શર્ટ અને યોગની પુસ્તિકા મેળવી શકાશે. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ભાગ લેવા જાહેર જનતાને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ તથા નવસારી જિલ્લા તંત્ર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# "નિર્મળ ગુજરાત - ૨.૦ યોજના" ભાયાવદરમાં આઇકોનીક રોડની કામગીરી પ્રગતિ હેઠળ




। (એજન્સી) રાજકોટ, તા.૧ ।

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ભાયાવદર શહેરમાં આઈકોનીક રોડ બની રહ્યો છે. ભાયાવદર નગરપાલિકા દ્વારા નિર્મળ ગુજરાત - ૨.૦ યોજના અંતર્ગત બની રહેલો આ આઈકોનીક રોડ / નિર્મળ પથ નાગરીકોની સુવિધામાં વધારો કરશે. હાલ આ કામગીરી પ્રગતિ હેઠળ છે. આઈકોનીક રોડ એટલે સીટી એન્ટ્રી રોડ. જેમાં મેઈન રોડ, સર્વિસ રોડ, ફૂટપાથ, પાર્કિંગ સહિતની તમામ પ્રકારની સુવિધાઓ હોય, જેથી, સ્થાનિકોને ટ્રાફિક જામની તકલીફ ન રહે. નિર્મળ પથથી શહેરની આગવી ઓળખ ઊભી થશે અને શોભામાં વધારો થશે. આમ, 'માય સીટી, માય પ્રાઈડ' સૂત્રને સાકાર કરતો આઈકોનીક રોડ ભાયાવદરના શહેરીજનો માટે આવન-જાવનમાં ખૂબ ઉપયોગી બનશે.

# માહિતી ખાતા દ્વારા પ્રકાશિત પુસ્તિકાઓને આવકારતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ

। (માહિતી) રાજકોટ, તા.૧ ।



"માહિતી નિયામકની કચેરી દ્વારા પ્રકાશિત થતાં વિવિધ પુસ્તિકાઓ અમને ખૂબ ઉપયોગી નીવડે છે." આ શબ્દો છે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવા વિદ્યાર્થીઓના...

માહિતી નિયામકની કચેરી દ્વારા ગુજરાત પાક્ષિક, રોજગાર સમાચાર, દીપોત્સવી અંક સહિત વિવિધ પ્રકીર્ણ પ્રકાશન પ્રકાશિત કરવામાં આવે છે. જે અંતર્ગત પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની લાઈબ્રેરીને ગુજરાત પાક્ષિક, લોક સંસ્કૃતિ અને કલા વૈભવ, વિકસિત ભારત વિકસિત ગુજરાત, આદિવાસી ઓળખ, વિકાસનું પંચામૃત, વન્યજીવન સહિત પુસ્તિકાઓ લાઈબ્રેરીને ભેટ કરવામાં આવી હતી. જે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને ખૂબ મદદરૂપ થશે. આ તકે વિદ્યાર્થી મિત્રોએ પોતાના પ્રતિભાવમાં કહ્યું હતું કે, માહિતી નિયામકની કચેરી દ્વારા પ્રકાશિત ગુજરાત પાક્ષિક તેમજ અન્ય પુસ્તિકાઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાનોને ઉપયોગી બને છે. તેમની વાતમાં સુર પુરાવતા કોન્સ્ટેબલ, પી.એસ.આઈ પરીક્ષાની તૈયારી કરતા પારુલબેન વાલાણીએ કહ્યું હતું કે, ગુજરાત પાક્ષિક હું નિયમિત વાંચું છું. આ પાક્ષિકની અંદર રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની જન કલ્યાણકારી યોજનાઓ સહિત વર્તમાન કાર્યક્રમ વિશે વિસ્તૃત જાણકારી મળે છે. અન્ય એક વિદ્યાર્થી પ્રશાંતભાઈ ગ્રાંભડીયાએ કહ્યું કે, તાજેતરમાં જ મેં પોલીસ સબ ઈન્સ્પેક્ટરની પરીક્ષા આપી છે. રાજ્ય સરકાર દ્વારા પ્રકાશિત ગુજરાત પાક્ષિક તેમજ અન્ય પુસ્તિકાઓ મને આવી વિવિધ પરીક્ષાઓમાં ઉપયોગી બને છે. આમ વિદ્યાર્થીઓ સહિત સામાન્ય નાગરિકો માટે પણ માહિતી વિભાગના વિવિધ પ્રકાશનો જ્ઞાનકુંજ બની રહ્યાં છે.

## કાલુપુર રેલવે સ્ટેશન સામેનો રોડ ચાર મહિના માટે બંધ રહેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદ શહેરમાં કાલુપુર રેલવે સ્ટેશનને તોડી તે જગ્યા ઉપર નવુ અદ્યત્તન રેલવે સ્ટેશન અને સંલગ્ન બ્રીજ બનાવવાની કામગીરી હાલમાં ચાલી રહેલ છે. આ કામકાજ અંતર્ગત રેલવે સ્ટેશનની સામેના રોડ ઉપર બનાવવામાં આવેલ પીલ્લર નં. **P24 TO P27** ના વચ્ચેના ભાગે એલીવેટેડ રોડના નિર્માણ માટે ગર્ડર લોન્ચીંગ તથા અન્ય કામગીરી ક્રેઈન તથા અન્ય મશીનરી સાથે કરવામાં આવનાર છે. આ કામગીરી તા.૦૧/૦૫/૨૦૨૫થી તા.૩૧/૦૮/૨૦૨૫ સુધી ૩ મહિના સુધી ૨૪.૦૦ કલાકના સમયગાળા દરમિયાન કરવામાં આવનાર છે. સાળંગપુર સર્કલ તરફથી આવતો વાહન વ્યવહાર સીધે સીધા રેવડી બજાર થઈ બી.બી.સી. માર્કેટ થઈ રીડ હોટલ તરફથી વણાંક લઈ કાલુપુર ઈનગેટ તરફ તેમજ કાલુપુર સર્કલ તરફ જઈ શકશે. તેમજ કાલુપુર સર્કલ તરફથી આવતો વાહન વ્યવહાર કે જે કાલુપુર રેલ્વે સ્ટેશનની સામે આવેલ એક તરફનો રોડ ચાલું છે તે માર્ગ થઈ સાળંગપુર તરફ જઈ શકશે.

### ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે આગાહી

# ગાજવીજ સાથે કમોસમી વરસાદની આગાહી


। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે, ત્યારે રાજ્યના અનેક વિસ્તારોમાં ગરમીનો પારો હાઈ જતો જોવા મળી રહ્યો છે. તેવામાં આજે બુધવારે (૩૦ એપ્રિલ, ૨૦૨૫)ના રોજ કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, અમદાવાદ, બોટાદ જિલ્લામાં હીટવેવને લઈને યલો ઍલર્ટ અને રાજકોટમાં ઑરેન્જ ઍલર્ટની આગાહી કરાઈ હતી. જ્યારે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી નોંધાવાની શક્યતા છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૩ મેથી ૬ મે દરમિયાન રાજ્યના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૩ મે, ૨૦૨૫ના રોજ કચ્છ, બનાસકાંઠા અને સાબરકાંઠા અને ૪ મેના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટા ઉદેપુર, અમરેલી અને ભાવનગર જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી છે. રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે હવામાન વિભાગે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં માવઠાની આગાહી કરી છે. જેમાં ૫ મે, ૨૦૨૫ના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, ગીર સોમનાથ અમરેલી અને ભાવનગર જિલ્લાના છૂટાછવાયા વિસ્તારોમાં મેઘગર્જના સાથે માવઠાની શક્યતા છે. રાજ્યમાં હીટવેવની આગાહી વચ્ચે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે, ત્યારે ૬ મે, ૨૦૨૫ના રોજ સૌરાષ્ટ્રના રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને ઉત્તર-મધ્ય અને દક્ષિણ ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે.

### AMC દ્વારા રિડેવલપમેન્ટ કરવામાં આવ્યું હતું

# નવનિર્મિત બાલવાટિકા તૈયાર, એન્ટ્રી ફી રૂ. ૫૦

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।




અમદાવાદમાં આવેલા કાંકરિયા તળાવ ખાતે બાલવાટિકા તૈયાર કરવામાં આવ્યું છે, ત્યારે બાલવાટિકામાં પ્રવેશવાની ફી નક્કી કરવામાં આવી છે. જેમાં નવા ભાવ મુજબ બાલવાટિકાના મુલાકાર્થીઓને ૫૦ રૂપિયા એન્ટ્રી ફી આપવી પડશે. નવનિર્મિત બાલવાટિકા ૨૧ જેટલી અલગ-અલગ એક્ટિવિટીનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. જેમાં વિવિધ આકર્ષણોનો ટિકિટ દર રૂ.૬૦થી ૪૫૦ સુધી રહેશે. અમદાવાદના કાંકરિયામાં આવેલા બાલવાટિકામાં **AMC** દ્વારા રિડેવલપમેન્ટ કરવામાં આવ્યું હતું. હવે નવનિર્મિત બાલવાટિકા તૈયાર છે, ત્યારે એન્ટ્રી ફીમાં વધારો કરાયો છે. જેમાં અગાઉ ૩ રૂપિયા એન્ટ્રી ફી હતી, જેમાં ૨ એક્ટિવિટી ફ્રી હતી. જ્યારે હવે ૫૦ રૂપિયાની એન્ટ્રી ફી છે, ત્યારે ૬ એક્ટિવિટી ફ્રી રહેશે. તેમજ બાલવાટિકાની મુલાકાતે આવતા લોકો રૂ.૬૦થી લઈને ૪૫૦ રૂપિયા સુધી અન્ય ૨૧ એક્ટિવિટીનો આનંદ લઈ શકશે. મળતી માહિતી મુજબ, નવનિર્મિત બાલવાટિકામાં ડાયનાસોર અને હેરણ ટ્રેન, લેઝી રિવર, ભૂલ ભૂલૈયા, ફલાઈંગ થિયેટર, એડવેન્ચર રાઈડસ, ગ્લાસ ટાવર સ્નો-પાર્ક, સહિતના નવા આકર્ષણો ઉમેરવામાં આવ્યા છે. જેને લઈને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને જણાવ્યું હતું કે, 'કાંકરિયામાં બાલવાટિકા ૨૨ કરોડના ખર્ચે તૈયાર કરાયું છે. જેમાં બાલવાટિકામાં સિક્યુરિટી, કર્મચારીનો પગાર, મેન્ટેનન્સ, લાઈટ બિલ સહિતની જવાબદારી સુપરસ્ટાર એમ્યુઝમેન્ટ પ્રા.લિને સોંપવામાં આવી છે.' પહેલા મહાનગરપાલિકાને વાર્ષિક ૧૦ લાખની આવક થતી હતી.

## ભુજ-મુંબઈ વચ્ચે વધુ એક ફ્લાઈટને મળી મંજૂરી

। (એજન્સી) ભુજ, તા.૧ ।

ગુજરાતના ભુજથી મુંબઈ સુધી મોટી સંખ્યામાં લોકોની અવજ-જવર રહે છે, ત્યારે ભુજથી મુંબઈ અને વિદેશના મુસાફરોને લઈને સારા સમાચાર સામે આવ્યા છે. ભુજથી સવારના સમયે બે ફલાઈટ શરૂ છે, ત્યારે બપોરના સમયે વધુ એક ફલાઈટ શરૂ કરવાને લઈને સ્થાનિકો અને કચ્છના સાંસદ દ્વારા લેખિત-મૌખિક રજૂઆત કરવામાં આવી હતી. એર ઈન્ડિયાની સેવાને મળી મંજૂરી છે, ત્યારે બપોરના સમયને લઈને આગામી ૧૦ મેથી નવી ફલાઈટની શરૂઆત થશે. ભુજ-મુંબઈ વચ્ચે સવારે બે વિમાન સેવા કાર્યરત છે. જેમાં મોટી સંખ્યામાં મુસાફરી કરતાં સારો એવો પ્રતિસાદ મળ્યો હતો. જ્યારે બંને ફલાઈટ સવારના સમયે હોવાથી બપોરના સમયે ત્રીજી વિમાની સેવા શરૂ કરવાને લઈને મુસાફરોની માગ હતી. જ્યારે આ બાબતે કચ્છના સાંસદે પણ નવી ફલાઈટ બાબતે લેખિત-મૌખિક રજૂઆત કરી હતી. એર ઈન્ડિયા મંજૂરી આપ છે, ત્યારે બપોર બાદ હવે કચ્છથી મુંબઈ આવન-જવન થઈ શકશે. મુંબઈ-કચ્છ વચ્ચે આગામી ૧૦ મેથી વધુ એક વિમાન સેવા શરૂ થવાની છે. જેમાં મુંબઈથી બપોરે ૧૨:૧૦ વાગ્યે ફ્લાઈટ ઉપડીને બપોરે ૧:૩૫ વાગ્યે ભુજ પહોંચાડશે.

## વિશેષ

### ગુજરાત સરકારના પ્રયત્નોથી હાથ બનાવટની વસ્તુઓ તરફ લોકોનો ઝોક વધ્યો, રાજ્યના ૮ હજારથી વધુ કારીગરોને થઈ રૂ. ૨૦.૮૯ કરોડની કમાણી

# ગ્રામ્ય હસ્તકલા-હાથશાળ કલાકારોને 'ગરવી ગુર્જરી'નો સથવારો, વર્ષ ૨૦૨૪-૨૫માં સતત બીજા વર્ષે રેકોર્ડ રૂ. ૩૧.૪૭ કરોડનું થયું વેચાણ

। (માહિતી) ગાંધીનગર ।



વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્રને અનુસરીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર અનેક પરંપરાગત વારસાઓનું સંરક્ષણ સુનિશ્ચિત કરી રહી છે. આવો જ એક વારસો છે- ગુજરાતનો ભવ્ય અને ભાતીગળ હાથશાળ-હસ્તકલાનો પરંપરાગત વારસો, કે જેનો વેલો રાજ્ય સરકારના સકારાત્મક વલણને પગલે સતત વધી રહ્યો છે.

રાજ્યની હસ્તકલા અને હાથશાળની સમગ્ર દેશ અને વિશ્વમાં આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા, તેને ટકાવી રાખવા અને તેના વિકાસના મુખ્ય ઉદેશ સાથે કાર્યરત ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ (જીએસએચએચડીસી) છેલ્લા ૫૨ વર્ષથી ગુજરાતના આ પરંપરાગત વારસાના વેલાને સતત સિંચી રહ્યું છે. જીએસએચએચડીસીના 'ગરવી-ગુર્જરી' એમ્પોરિયમ થકી રાજ્યમાં ગ્રામ્ય કક્ષાના પરંપરાગત કલા-કારીગરીના વ્યવસાય ઝડપથી પ્રગતિ કરી રહ્યા છે. 'ગરવી-ગુર્જરી' હાથશાળ-હસ્તકલાની શ્રેષ્ઠ કૃતિઓનું સર્જન કરતા દૂરસુદૂર ગામોના હજારો કારીગરોના કલા-કસબ તથા પરિશ્રમને લોકો સુધી પહોંચાડે છે અને તેમના ઉત્પાદનોના વેચાણમાં વધારો કરવાના સતત પ્રયત્નો કરે છે. ગરવી-ગુર્જરીના વિક્રમી વેચાણ પર નજર નાખીએ તો, વર્ષ ૨૦૨૩-૨૪માં છેલ્લાં ૫૦ વર્ષનાં ઈતિહાસમાં સૌથી મહત્તમ એટલે કે રૂ. ૨૫ કરોડથી વધુના ઉત્પાદનોનું વેચાણ થયું હતું. તો આ વર્ષે એટલે કે ૨૦૨૪-૨૫માં તો ગરવી ગુર્જરીએ ગત વર્ષનો રેકોર્ડ તોડીને અંદાજીત રૂ. ૩૧.૭૦ કરોડનું વેચાણ હાંસલ કર્યું છે.

**નિગમનું મિશન કારીગરો માટે બન્યું વરદાન**

ઉલ્લેખનીય છે કે, નિગમ સાથે રાજ્યના આશરે ૮૦૦૦ કરતા પણ વધારે કારીગરો જોડાયેલા છે. નિગમે આ કારીગરોના રૂ. ૨૦.૮૯ કરોડના ઉત્પાદનોની ખરીદી કરી હતી. આમ, નિગમનું વારસાના આ વેલાનું સિંચન કરવાનું મિશન કારીગરો માટે વરદાન બન્યું છે. નિગમે આ ઉત્પાદનોની ખરીદી કરી પોતાના રાજ્ય અને રાજ્યની બહાર આવેલ વેચાણ કેન્દ્રો થકી રૂ. ૧૪.૪૬ કરોડના ઉત્પાદનોનું વેચાણ કર્યું છે. એટલું જ નહીં, નિગમે કારીગરોને ઓપન માર્કેટ મળી રહે, તે માટે રાજ્ય અને રાજ્ય બહાર વિવિધ સ્થળોએ મેળા-પ્રદર્શનોનું માસવાર અસરકારક આયોજન કરી રૂ. ૧૭.૨૪ કરોડથી વધુના ઉત્પાદનોનું વેચાણ લક્ષ્ય હાંસલ કર્યું છે.

આ ઐતિહાસિક સિદ્ધિ અંગે નિગમના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. પ્રશાંત જિલોવાએ જણાવ્યું હતું કે, "અમને આ માઈલસ્ટોન પર ખૂબ જ ગર્વ છે કે જે અમારી ટીમના સમર્પણ અને સખત મહેનત, સરકારની સતત સહાય અને અમારા કારીગરોની અજોડ કારીગરીનો પુરાવો છે. અમે આ નોંધપાત્ર સફળતાની ઉજવણી કરીએ છીએ, ત્યારે સ્થાનિક કારીગરોને સશક્ત બનાવવા અને ટકાઉ આજીવિકા વધારવાની સાથે સાથે ગુજરાતના સમૃદ્ધ હાથશાળ અને હસ્તકલા વારસાને જાળવવાના અમારા મિશન માટે અમે પ્રતિબદ્ધ છીએ."

**વારસા સંરક્ષણમાં રાજ્ય સરકારનો સંપૂર્ણ સહકાર**

જીએસએચએચડીસી રાજ્યના પરંપરાગત વારસાના સંરક્ષણની સાથે રાષ્ટ્ર તેમજ રાષ્ટ્રીય એકતા પ્રત્યે સમર્પણ ભાવ પણ ધરાવે છે. સરકારી ખરીદદારો દ્વારા આપવામાં આવતું અમૂલ્ય સમર્થન વેચાણને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે નિમિત્ત બની રહ્યું છે. સરકારે વન ડિસ્ટ્રિકટ વન પ્રોડક્ટ (ઓડીઓપી) અને વોકલ ફોર લોકલ જેવી પહેલો દ્વારા પરંપરાગત હસ્તકલાને જાળવવામાં મહત્વની ઓળખ ઊભી કરવામાં અને હેન્ડલૂમ ઉત્પાદનોને પ્રોત્સાહન આપીને બજાર હાજરીને નોંધપાત્ર રીતે વેગ આપ્યો છે. આ ઉપરાંત, નિગમ દ્વારા સ્વર્ણિમ સંકુલ-૧, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનીક મિશન (**GSEM**), ગુજરાત મેડીકલ સર્વિસ કોર્પોરેશન (**GMSCL**), કમિશ્નર હાયર એજયુકેશન ઑફ ગુજરાતની કચેરીમાં ગુજરાતની હાથશાળ અને હસ્તકલાની વિવિધ કલાકૃતિઓની સુશોભનની કામગીરી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્યની હસ્તકલાની વિરાસત ઘરચોળા કલાને જી.આઈ. ટેગ મળેલ છે. નિગમના ગરવી ગુર્જરીના વેચાણ કેન્દ્રો ખાતે ઘરચોળાનું વિપુલ પ્રમાણમાં વેચાણ થઈ રહેલ છે.

**નવા શોરૂમ અને પ્રદર્શનો દ્વારા ગરવી ગુર્જરી રાજ્યની હસ્તકલા-હાથશાળને આપી રહ્યું છે પ્રોત્સાહન**

રાજ્યની હસ્તકલા-હાથશાળને વધુ પ્રોત્સાહન આપતાં નિગમ દ્વારા (૧) સ્મૃતિવન, ભુજ (૨) દાંડી કુટિર, ગાંધીનગર (૩) નડાબેટ (૪) શાળઘર ચોરણીયા લીંબડી (૫) સાળંગપુર ખાતે ગરવી ગુર્જરીના નવા શોરૂમ ચાલુ કરવામાં આવ્યા છે. આ સાથે જ આ વર્ષે ગરવી ગુર્જરીએ વિવિધ જગ્યાએ પ્રદર્શનો દ્વારા દેશભરના ખરીદદારોને ઉત્કૃષ્ટ અનુભવ પૂરો પાડયો હતો. આ વર્ષે ગુજરાત ઉપરાંત, મુંબઈ, પુણે, દિલ્હી, કોલકાતા, લખનૌ, અમૃતસર, ફરીદાબાદ(હરિયાણા), મૈસુર, ચંદીગઢ જેવા મહત્વના શહેરોમાં સૌથી વધુ પ્રદર્શનો જોવા મળ્યા હતા.

**કારીગરોને તાલીમ, નવીન ડિઝાઇન**

અત્રે ઉલ્લેખનીય છે કે, કારીગરોના સશક્તિકરણ અને ઉત્પાદનની ગુણવત્તા વધારવામાં કૌશલ્ય વિકાસના મહત્વને ઓળખીને, ગરવી ગુર્જરીએ ડિઝાઈન તાલીમ માટે **NIFT** સાથે **MOU** કર્યા છે. ઉપરાંત, **NID** તરફથી કૌશલ્ય તાલીમ વર્કશોપનું આયોજન, અને **NIFT** દ્વારા પ્રશિક્ષિત માસ્ટર કારીગરોએ તાલીમની ગુણવત્તામાં સુધારો કર્યો છે. આ પહેલોએ કારીગરોને ઉચ્ચ ગુણવત્તાની હેન્ડલૂમ પ્રોડક્ટ્સ બનાવવા માટે જરૂરી કૌશલ્યો અને જ્ઞાનથી સજ્જ કર્યા છે, જે ગ્રાહકોની વિકસતી જરૂરિયાતોને પૂર્ણ કરે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨





ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર અને ડો. સુદેશ ધનખરનું લખનૌ, ઉત્તર પ્રદેશમાં આગમન થતાં ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક, વિધાન પરિષદના સભ્ય ભૂપેન્દ્ર સિંહ ચૌધરી અને અન્ય મહાનુભાવો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### પાક.ને જ આતંકવાદીઓને હથિયાર આપ્યાનો ખુલાસો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા મુદ્દે મોટો ખુલાસો થયો છે. એફઆઈઆરમાં ખુલાસો થયો છે કે, આ હુમલામાં આતંકવાદીઓએ પાકિસ્તાની હથિયારોનો ઉપયોગ કર્યો હતો. સરહદ પારથી હેન્ડલર્સે હુમલાને અંજામ આપ્યો હતો. એનઆઈએ હુમલાની યોજના ક્યાં ઘડવામાં આવી હતી, તેની તપાસ કરી રહી છે. પહલગામ આતંકવાદી હુમલાની એફઆઈઆરમાં ઘણા મોટા ખુલાસા કરવામાં આવ્યા છે. જેમાં પાકિસ્તાનમાં બેઠેલા હેન્ડલર્સે આ હુમલાનું ષડયંત્ર ઘડ્યું હતું. તેણે આતંકવાદીઓને ભારતમાં પહોંચાડવામાં મદદ કરી હતી. હેન્ડલર્સે આતંકવાદીઓને હથિયાર ઉપલબ્ધ કરાવ્યા હતા. આ હુમલામાં પાકિસ્તાની હથિયારોનો ઉપયોગ થયો હતો. આ હુમલા બાદ કુલ આઠ કલમોમાં એફઆઈઆર નોંધાઈ છે. ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ ૧૦૩, ૧૦૯, ૬૧, ૭, ૨૭, ૧૬, ૧૮ અને ૨૦ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે. પહલગામ આતંકી હુમલાની તપાસ એનઆઈએ કરી રહી છે. એનઆઈએના ચીફ બેસરન ખીણ પહોંચી હુમલાની તપાસ કરી રહ્યા છે. સ્થાનિકોના નિવેદનો લેવાઈ રહ્યા છે. તેમજ સંદિગ્ધોની પૂછપરછ પણ થઈ રહી છે. આ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી વધી છે.

### કેન્દ્ર સરકારે પાકિસ્તાનીઓ માટે ડેડલાઈન વધારી દીધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ કેન્દ્ર સરકાર સતત પાકિસ્તાન વિરૂદ્ધ કાર્યવાહી કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ તાબડતોડ નિર્ણયો લેવાઈ રહ્યા છે. સરકારે ભારતમાં રહેતાં પાકિસ્તાનીઓને પોતાના દેશ પરત ફરવા માટે ૪૮ કલાકનો સમય આપ્યો હતો. જેની સમય મર્યાદા પૂર્ણ થઈ હોવા છતાં હજી ભારતમાં પાકિસ્તાનના નાગરિકો હાજર છે. કેન્દ્ર સરકારે વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખતાં આ ડેડલાઈન આગામી આદેશ સુધી લંબાવી છે. કેન્દ્ર સરકારે ૩૦ એપ્રિલ સુધી પાકિસ્તાનીઓને પોતાના વતન પરત ફરવા કડક આદેશ આપ્યો હતો. જો કે, હજી કેન્દ્ર સરકારે પાકિસ્તાનીઓને પરત મોકલવા અટારી-વાઘા બોર્ડર ખુલ્લી રાખી છે. સરકારની પ્રથમ ડેડલાઈન દરમિયાન છેલ્લા છ દિવસમાં ૫૫ રાજદ્વારીઓ, આશ્રિતો અને સહાયક કર્મચારીઓ સહિત ૭૮૬ પાકિસ્તાની નાગરિક અટારી-વાઘા બોર્ડર પરથી પાકિસ્તાન પરત ફર્યા છે. પંજાબમાં આવેલી આંતરરાષ્ટ્રીય સરહદ મારફત પાકિસ્તાનમાંથી ૧૪૬૫ ભારતીયો પરત વતન ફર્યા છે. જેમાં ૨૫ રાજદ્વારીઓ અને અધિકારી સામેલ છે. ભારતીય વિઝાધારક ૧૫૧ પાકિસ્તાની પણ ભારત પરત ફર્યા છે. જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કરી પર્યટકો પર હુમલો કર્યો હતો.

### પાકિસ્તાનના પત્રકાર જાવેદ ચૌધરીનો દાવો

# ૪૦ લાખ પૂર્વ સૈનિકો ભારત સામે લડવા તૈયાર છે તેઓને ગણવેશને ઇસ્ત્રી કરવાની જ બાકી છે

### ભારત પર માનસિક દબાણ કરવા તે પત્રકારે વધુમાં જણાવ્યું કે, રાતો-રાત તેઓને સરહદ પર મોકલી શકાય તેવી તૈયારી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।



પહેલગામ હુમલા પછી બંને દેશો વચ્ચે વધી રહેલી તંગદિલીનાં પગલે પાકિસ્તાનના પત્રકાર જાવેદ ચૌધરીએ કહ્યું હતું કે પાકિસ્તાનના ૪૦ લાખ નિવૃત્ત સૈનિકોને સરહદે રવાના કરી શકાય તેમ છે. તેઓ દેશનાં સંરક્ષણ માટે ગણવેશ પહેરવા તૈયાર જ છે. ગણવેશને માત્ર ઈસ્ત્રી કરવાની જ બાકી છે. આ પત્રકારે વધુમાં કહ્યું હતું કે, આ પૂર્વ સૈનિકોને તેઓના ગણવેશને ઈસ્ત્રી કરવા તથા તેઓનાં શસ્ત્રોનું ઓઈલિંગ કરવા પણ કહી દેવાયું છે. આ સાથે તેઓને સરહદો પર મોકલવા માટે વાહનો પણ તૈયાર રખાયા છે અને ગીનેસ બુકમાં પણ જેની નોંધ લેવાશે, તેટલી ઝડપથી તેમને સરહદે ગોઠવી દેવાશે.જો કે જાવેદ ચૌધરીનાં આ વિધાનોને કોઈ સત્તાવાર પુષ્ટિ મળતી નથી. પરંતુ તેમ માનવામાં આવે છે કે, પાકિસ્તાનની જનતાનું મનોબળ ટકાવી રાખવા પાકિસ્તાન સરકારે જ આડકતરી રીતે આવા વિધાનો વહેતાં મુકાવ્યા હશે. કારણ કે હજી પાકિસ્તાનની યુદ્ધ તૈયારીઓ પૂરી થઈ નથી. તેથી પ્રજાનું મનોબળ ટકાવી રાખવા આવા વિધાનો કરાવ્યાં હશે.ભારતે આ દાવાનો તત્કાળ ઉત્તર આપતાં જણાવ્યું હતું કે, ભારતને નિવૃત્ત સૈનિકોને ફરજ પર બોલાવવાની જરૂર જ નથી. કારણ કે તેની પાસે પૂરતું સૈનિક સંખ્યા બળ છે. જે કોઈપણ આક્રમણને પૂરો જવાબ આપી શકે તેમ છે.

### ભારતને અમેરિકાનો નજીકનો ભાગીદાર ગણાવ્યો

# પહેલગામ હુમલા મુદ્દે અમેરિકા ગુસ્સે ભરાયું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧ ।



જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલા અંગે અમેરિકા ખુલ્લેઆમ ભારતનું સમર્થન કરવા માટે બહાર આવ્યું છે. તેમણે પાકિસ્તાનને આ જઘન્ય હુમલાની તપાસમાં સંપૂર્ણ સહયોગ આપવા ભારપૂર્વક માંગ કરી છે. મોડી રાત્રે, અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ભારતના વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે અલગ-અલગ વાતચીતમાં આતંકવાદ સામે અમેરિકાની સ્પષ્ટ નીતિ સ્પષ્ટ કરવામાં આવી હતી. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદન અનુસાર, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ આ મુશ્કેલ સમયમાં ભારતને અમેરિકાનો નજીકનો ભાગીદાર ગણાવ્યો અને આતંકવાદ સામેની લડાઈમાં બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક સહયોગને વધુ મજબૂત બનાવવાની ખાતરી આપી. ઉપરાંત, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ કહ્યું કે આતંકવાદ સામેની લડાઈમાં અમેરિકા ભારતની સાથે ઉભું છે. પાકિસ્તાન સાથેની વાતચીતમાં, રુબિયોએ ખૂબ જ કડક સ્વરમાં કહ્યું કે હુમલાની નિષ્પક્ષ તપાસ કરવી અને ગુનેગારોને સજા આપવી તે પાકિસ્તાનની જવાબદારી છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટ દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથેની વાતચીતમાં, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે પાકિસ્તાને પહેલગામ હુમલાની તપાસમાં સહયોગ કરવો જોઈએ. અમેરિકાએ વાટાઘાટોમાં બંને દેશોને પ્રાદેશિક શાંતિ જાળવવા હાકલ કરી અને ભારતીય વિદેશ પ્રધાન અને પાકિસ્તાની વડા પ્રધાન બંનેને દક્ષિણ એશિયામાં શાંતિ માટે એકબીજા સાથે વાત કરવા કહ્યું, પરંતુ ભારત સાથે એકતા વ્યક્ત કરી અને તપાસમાં પાકિસ્તાનના સહયોગની માંગ કરી. એ સ્પષ્ટ છે કે આંતરરાષ્ટ્રીય સમુદાય હવે ભારતની સુરક્ષા ચિંતાઓને ગંભીરતાથી લઈ રહ્યો છે.



નવી દિલ્હીમાં MoF કાર્યાલય ખાતે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા કોલકાતામાં પીએમ ઇન્ટર્નશિપ સ્કીમ (PMIS) સુવિધા કેન્દ્ર સહિત કોર્પોરેટ ભવનના વર્ચ્યુઅલ ઉદ્ઘાટનને સંબોધિત કરવામાં આવ્યું.

### તાત્કાલિક દેશ છોડવાનું કહેવામાં આવ્યું

# ૨૬ વર્ષથી પોલીસમાં કાર્યરત, હવે સરકારે કહ્યું તમે પાકિસ્તાની છો

### ભારત સરકારે તમામ પાકિસ્તાની નાગરિકોને દેશ છોડી દેવાનો આદેશ આપ્યો છે, ત્યારથી મુશ્કેલીમાં મુકાયા



। (એજન્સી) જમ્મુ, તા.૧ ।

જમ્મુ અને કાશ્મીરના પૂંછમાં એક પોલીસકર્મી સહિત ૯ જણના પરિવારની અટકાયત કરવામાં આવી હતી. આ પછી ૩૦ એપ્રિલે, તેમને પાકિસ્તાન પરત મોકલવા માટે પંજાબ લઈ જવામાં આવ્યા. આ સમયગાળા દરમિયાન, જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટના એક આદેશની અવગણના કરવામાં આવી હતી. જાણીએ કે આ ઓર્ડર શું હતો. આ લોકોને પાકિસ્તાન મોકલવાની જરૂર એટલા માટે ઊભી થઈ છે કારણ કે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (POK) ની સેંકડો મહિલાઓએ જમ્મુ અને કાશ્મીરના રહેવાસીઓ સાથે લગ્ન કર્યા છે. પહલગામ આતંકવાદી હુમલા બાદ, ભારત સરકારે તમામ પાકિસ્તાની નાગરિકોને દેશ છોડી દેવાનો આદેશ આપ્યો છે. ત્યારથી, આવા પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે. જેમાં જમ્મુ અને કાશ્મીર પોલીસના કોન્સ્ટેબલ ઈફ્તિખાર અલી, તેના ત્રણ ભાઈઓ અને પાંચ બહેનોને પંજાબ મોકલવામાં આવ્યા છે. પીટીઆઈના અહેવાલ મુજબ, કોન્સ્ટેબલ ઈફ્તિખાર અલી હજુ પણ જમ્મુ અને કાશ્મીર પોલીસમાં ફરજ બજાવી રહ્યા છે અને હાલમાં માતા વૈષ્ણો દેવી મંદિરના કટરા બેઝ કેમ્પ માં તૈનાત છે. ઈફ્તિખાર અલીની પત્નીએ મીડીયાને જણાવ્યું કે, અમારા ત્રણ બાળકો છે અને તેના પિતાને પાકિસ્તાન મોકલવા માટે લઈ જવામાં આવ્યા છે. ઈફ્તિખાર અલીએ ૨૬ વર્ષ સુધી જમ્મુ અને કાશ્મીર પોલીસમાં કામ કર્યું, તો હવે તે પાકિસ્તાની કેવી રીતે બન્યો? ૨૯ એપ્રિલના રોજ, પરિવારે આવી કાર્યવાહી પર રોક લગાવવા માટે જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે કહ્યું કે, અરજદારોને જમ્મુ-કાશ્મીર છોડવા માટે ન તો કહેવામાં આવે કે ન તો તેમને દબાણ કરવામાં આવે. જસ્ટીસ રાહુલ ભારતીએ પૂંચના ડેપ્યુટી કમિશનરને અરજદારોની મિલકતની સ્થિતિ અંગે સોગંદનામું દાખલ કરવાનો આદેશ પણ આપ્યો હતો. કોર્ટના આદેશ બાદ, અલીની પત્નીએ ડેપ્યુટી કમિશનર અને સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (SSP) બંનેનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ ક્યાંયથી કોઈ મદદ મળી નહીં. તેણી કહે છે કે, મને સમજાતું નથી કે કોર્ટના આદેશ છતાં મારા પતિને પંજાબ કેમ લઈ જવામાં આવ્યો?

# આંધ્ર પ્રદેશમાં સામંથા રુથ પ્રભુના એક ચાહકે તેનું મંદિર બનાવ્યું

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।




સામંથા રુથ પ્રભુના એક ચાહકે આંધ્ર પ્રદેશના બાપટલા ખાતે તેનું મંદિર બનાવ્યું છે. તેનાલી સંદિપ નામના આ ચાહકે મંદિરમાં સામંથાનો ૩૮મો જન્મદિવસ મનાવ્યો હતો. આ મંદિરને સામંથાનાં મંદિર તરીકે ઓળખ આપવામાં આવી છે. મંદિરમાં સામંથાની બે પ્રતિમા રાખવામાં આવી છે. જેમાંની એક થોડી મોટી છે, જેને મંદિરના કેન્દ્રમાં રાખવામાં આવી છે. મંદિરને તેના જન્મદિવસે ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. પ્રશંસકે બાળકો સાથે કેક કાપીને તેમજ તેમને ભોજન આપીને પોતાની ખાસ અભિનેત્રીનો જન્મદિવસ મનાવ્યો હતો. તેણે પોતાના જન્મદિવસે અનાથઆશ્રમમમાં ભોજનનું આયોજન પણ કર્યુ હતું. મંદિરને જન્મદિવસના દિવસે ફૂલોથી સજાવામાં આવ્યું હતું. તેમજ બપોરના ભોજનનું પણ આયોજન કરવામાંઆવ્યું હતું. અભિનેત્રીના ચાહકે મીડિયાને જણાવ્યું હતુ કે, હું સામંથાના દરેક જન્મદવિસે કેક કાપીને અનાથ આશ્રમના બાળકોને ખવડાવુ છું.

# દિલ્હીમાં વર્ગખંડોના બાંધકામમાં રૂ. ૨૦૦૦ કરોડના ભ્રષ્ટાચારનો પર્દાફાશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।



દિલ્હી સરકારની ભ્રષ્ટાચાર વિરોધી શાખા (એસીબી)એ અરવિંદ કેજરીવાલના નેતૃત્ત્વવાળી સરકારમાં ૧૨,૭૪૮વર્ગખંડોના નિર્માણમાં ભ્રષ્ટાચાર બદલ આપ નેતાઓ મનિષ સિસોદીયા અને સત્યેન્દ્ર જૈન વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે તેમ અધિકારીએ એક નિવેદનમાં જણાવ્યું છે.એસીબીના નિવેદન અનુસાર આ કૌભાંડ ૨૦૦૦ કરોડ રૂપિયાનું છે અને તેમાં ખૂબ જ વધારે રકમ ધરાવતા ટેન્ડરોને મંજૂરી આપવામાં આવી હતી. પ્રત્યેક વર્ગખંડનું નિર્માણ ૨૪.૮૬ લાખ રૂપિયામાં કરવામાં આવ્યું છે. આ રકમ સામાન્ય ખર્ચથી પાંચ ગણી વધારે છે.આ પ્રોજેક્ટ હેઠળ આમ આદમી પાર્ટી સાથે સંકળાયેલા કોન્ટ્રાકટરોને કામ સોંપવામાં આવ્યું હતું. તે સમયે સિસોદીયા શિક્ષણ પ્રધાન હતાં અને જૈન પીડબ્લ્યુડી પ્રધાન હતાં.કમ્પેટેન્ટ ઓથોરિટી દ્વારા પીસી એક્ટની કલમ ૧૭-એ હેઠળ ફરિયાદ મળતા કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

# પાકિસ્તાને ચાર વખત મિસાઈલ પરિક્ષણ કરવાની જાહેરાતો કરી

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧ ।

પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી તંગદિલીના માહોલ વચ્ચે પાકિસ્તાને ચાર વખત મિસાઈલ પરિક્ષણ કરવાની જાહેરાતો કરી છે. પરંતુ આ જાહેરાતો બાદ તે ગાયબ થઈ ગયું છે. અર્થાત તેણે હજી સુધી કોઈ મિસાઈલ પરિક્ષણ હાથ ધર્યું નથી. બીજી બાજુ ભારતીય સેનાએ મોકડ્રીલ અને મિસાઈલ પરિક્ષણો શરૂ કરી દીધા છે. પાકિસ્તાને આ તંગદિલીના માહોલ વચ્ચે છેલ્લા એક સપ્તાહમાં ચાર વખત મિસાઈલ પરિક્ષણ કરવાની જાહેરાત કરી છે. પરંતુ હજી સુધી એક પણ વખત મિસાઈલ પરિક્ષણ કર્યું નથી. ૨૪ એપ્રિલે પાકિસ્તાને જાહેરાત કરી હતી કે, તેણે ૨૪-૨૫ એપ્રિલના કરાચી તટ નજીક વિશેષ આર્થિક ઝોનમાં સરફેસ-ટુ સરફેસ મિસાઈલનું પરિક્ષણ કરશે. પરંતુ હજી સુધી કોઈ પરિક્ષણ જોવા મળ્યું નથી. પાકિસ્તાનની ભૂ-સેના છેલ્લા સાત દિવસથી સતત સીઝફાયરનો ઉલ્લંઘન કરી રહી છે. બીજી બાજુ ભારતની નૌસેનાએ ૩૦ એપ્રિલથી ૩ મે સુધી ગુજરાત તટ નજીક અરબ સાગરમાં યુદ્ધાભ્યાસ કરતા ત્રણ ગ્રીન નોટિફિકેશન જાહેર કર્યા છે. તેમજ દરિયાઈ સરહદ પર યુદ્ધ જહાજોને યુદ્ધ માટે સજ્જ બનાવ્યા છે. નોંધનીય છે, નૌસેનામાં ગ્રીન નોટિફિકેશનનો અર્થ જાહેર નોટિસ થાય છે. જેનો ઉપયોગ જહાજો અને એરક્રાફ્ટને પોતાની ગતિવિધિઓની જાણ કરવા માટે થાય છે. જેમાં એક નિશ્ચિત સમયમાં નિશ્ચિત સ્થળ પર મિસાઈલ ટેસ્ટિંગ અને મોક ડ્રિલ થાય છે. ભારતીય નૌસેનાએ હાલમાં જ પોતાના યુદ્ધ જહાજો પરથી અનેક એન્ટી-શીપ મિસાઈલ પરિક્ષણ પણ કર્યા હતાં. જે સફળ રહ્યા હતાં. ભારતીય નૌસેના અનેક પ્રકારના યુદ્ધાભ્યાસ કરી રહી છે. જેમાં મિસાઈલ ફાયરિંગ અને યુદ્ધાભ્યાસ સામેલ છે. આગામી દિવસોમાં અનેક પ્રદર્શન અને અભ્યાસ કરવાની યોજના છે. ભારતીય કોસ્ટ ગાર્ડે ગુજરાત તટ પરથી દૂર આંતરરાષ્ટ્રીય સમુદ્ર સરહદની નજીક યુદ્ધ જહાજ પણ તૈનાત કર્યા છે. તેમજ પાકિસ્તાન પર ચાંપતી નજર રાખી રહી છે. સત્તાવાર સુત્રોએ જણાવ્યા પ્રમાણે, આગામી દિવસોમાં નૌસેના દ્વારા વધુ અભ્યાસ અને મિસાઈલ ટેસ્ટિંગ થવાની યોજના છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ભારતીય નૌસેનાના પ્રવક્તાએ જણાવ્યું કે, અભ્યાસ દરમિયાન કરવામાં આવેલા ફાયરિંગ લાંબા અંતરના સટીક આક્રમક હુમલા માટે પ્લેટફોર્મ્સ, પ્રણાલીઓ અને ચાલક દળની તત્પરતાને પ્રમાણિત કરવા તેમજ પ્રદર્શિત કરવા માટે હતાં.


## તંત્રી લેખ...

# અમેરિકામાં ખતરનાક બીમારી ફેલાઈ

અમેરિકાના ૨૫ વર્ષ પહેલા જે બીમારીને ખતમ કરવાની જાહેરાત કરી હતી, તે બીમારી ટેક્સાસમાં અનેક વ્યક્તિોમાં ફેલાતા ચિંતાજનક સ્થિતિ ઉભી ગઈ છે. મીડિયા રિપોર્ટ મુજબ પશ્ચિમ ટેક્સાસમાં દર્દીઓની સંખ્યામાં એકાએક વધારો થતા આરોગ્યતંત્ર દોડતું થઈ ગયું છે. પીડિત દર્દીઓના રિપોર્ટ સામે આવ્યા બાદ અમેરિકન આરોગ્ય વિભાગ પણ ચોંકી ગયું છે અને તેણે તાત્કાલીક રોગચાળાનું નિવારણ કરવા માટે પગલા ભરવાનું શરૂ કરી દીઝા છે. વૉલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટમાં જણાવ્યા મુજબ, 'ટેક્સાસમાં ઓરી નામનો રોગચાળો ફેલાયો છે. જાન્યુઆરીના અંત સુધીમાં ટેક્સાસમાં ૭૦૦થી વધુ લોકો ઓરીનો શિકાર થયા છે, ત્યારબાદ તેમને હોસ્પિટલો દાખલ કરવામાં આવ્યા છે. એટલું જ નહીં આ રોગચાળો અન્ય રાજ્યોમાં પણ ફેલાઈ રહ્યો છે. અમેરિકાના એક દાયકામાં પ્રથમવાર આટલા બધા ઓરીના દર્દીઓ નોંધાયા છે. કેટલાક જાહેર આરોગ્ય નિષ્ણાંતો અને મહામારી વિજ્ઞાનીઓનું માનવું છે કે, આ રોગચાળો અમેરિકાને એક વર્ષથી વધુ સમય મુશ્કેલીમાં મુકી શકે છે. સમાચાર એજન્સી સિન્હુઆના રિપોર્ટ મુજબ, વર્ષ ૨૦૦૦માં અમેરિકાએ વ્યાપક રસીકરણ અભિયાન હાથ ધર્યું હતું. આ દરમિયાન મોટાભાગના બાળકોને ઓરી, ગાલપ ચોળિયાં અને રૂબેલા અથવા એમએમઆર રસી આપવામાં આવી હતી.

## એકલા રહેવું એ સજા નથી પણ એક અવસર છે

સિંહને ક્યારેય એવો વિચાર નથી આવતો કે હું એકલો છું હું દુર્બળ છું આશ્રય વિનાનો છું જંગલમાં છું એવો વિચાર ફક્ત નિર્બળ ને જ આવે છે એકલા રહેવું એ ખુદને શોધવાનો એક પ્રસંગ છે જ્યારે સંબંધોમાં તિરાડો પડે એવું લાગે કે બધું જ પતી ગયું છે ત્યારેજ જીવનનો સૌથી મોટો અધ્યાય ચાલુ થાય છે પોતાના વ્યક્તિત્વને જાણવાની .ખુદની ખોજ કરવાનો સુનહેરો મોકો છે અવસર છે જ્યારે સંબંધોમાં કે કોઈ વ્યક્તિ પર કે સંજોગો પર તમારું નિયંત્રણ ના હોય એ સમયે ખૂબ જ શાંતિથી પરિસ્થિતિનો સ્વીકાર કરવો મનને શાંત રાખવું જ્યારે તમારું ધાર્યું કંઈ ન થાય તમે દુઃખી થાઓ ત્યારે વિચારવું કે આ તમારી જિંદગીનો અંત નથી ફક્ત એક ચેપ્ટર હતું. સમય છે સારો કે ખરાબ આ પણ પસાર થઈ જશે કોઈ પણ પરિસ્થિતિ હંમેશા એવી જ નથી રહેતી જેમ મોસમ બદલાતું રહે છે એવી જ રીતે સુખ દુઃખની પરિસ્થિતિઓ પણ જીવનમાં આવે છે અને જાય છે આજે જે દુઃખ સહન કરી રહ્યા છો એ થોડા દિવસો મહિનાઓ પછી ધૂંધળું થતું જશે પોતાની જાતને કહો કે આ સમય પણ પસાર થઈ જશે જ્યારે તમારા જીવનમાંથી અચાનક કોઈ વ્યક્તિ વર્ષોનો સંબંધ એક પળમાં તોડી નાખે છે તમારું બધું જ ઈન્વેસ્ટ તમે એ વ્યક્તિમાં જ કર્યું હોય ત્યારે તમે પોતાની જાતને સંભાળી નથી શકતા અને અંદરથી ખૂબ જ તૂટી જાઓ છો એ સમયે એવુ વિચારવું કે જે ખોયું છે એ તમારું હતું જ નહીં બસ તમારી જિંદગીમાં એમનો રોલ હવે પૂરો થયો કોઈને પોતાની જિંદગી માંથી જવા દેવું એ કમજોરી નથી પણ તમારી તાકાત છે એમાંથી પ્રેરણા લો કે તમે આમાંથી શું શીખ્યા? દરેક અનુભવ ભલે સારો હોય કે ખરાબ તમને કંઈ ને કંઈ શીખવીને જાય છે દુઃખથી જે આપણા વ્યક્તિત્વનું ઘડતર થાય છે તે સૌથી મજબૂત હોય છે આ સંબંધ તૂટવાથી તમને શું શીખ મળી? તમારી હદની તમે પૂરી ઓળખ કરી તમારો મૂલ્ય સમજ્યા કે તમને કેવો પ્રેમ જોઈએ. એના પરથી તમારા ભવિષ્યનું નિર્માણ કરો.



**વિશેષ**
લેખિકા : દર્શના પટેલ (નેશનલ એથલીટ) અમદાવાદ

એકલા રહેવું એ એક પ્રસંગ એટલા માટે કે તમે પોતાની જાતને ઓળખવાનો મોકો મળ્યો તમારા સપના પૂરા કરવાનો ફરીથી તમારી જિંદગી જીવવાનો તમારો પુનઃ નિર્માણ કરવાનો જ્યાં તમે સૌથી બહેતર બની શકો છો કોઈ વ્યક્તિના લાઈફમાં થી જતા રહેવાથી ઘણીવાર લોકો ખૂબ જ તૂટી જાય છે અને દુઃખી થઈ જાય છે જે ગયું એ એમની યાત્રા પર હતું અને હવે તમારી બીજી યાત્રા શરૂ થઈ છે પોતાની તાકાત ને ફરીથી જાગૃત કરો અને પોતાની જાતને સાબિત કરો. હવે તમે આઝાદ છો, પોતાના વિચારો આદતો સપનાઓને ફરીથી સાકાર કરવાનો મોકો છે આ એક એવી ક્ષણ છે જ્યાં તમારું નવું વ્યક્તિત્વ નું નિર્માણ થાય છે શાંત ઊંડાણ અને આકર્ષક કદાચ તમને ફરીથી ભૂતકાળની યાદોઆવે દુઃખી થાઓ ત્યારે યાદ રાખો તમારું જીવન કોઈ એક વ્યક્તિથી નથી તમે પોતે એક બ્રહ્માંડ છો અને ફરીથી પોતાની દુનિયાનું નિર્માણ કરો સ્ટોક કહે છે કે દર્દમાં તાકાત શોધો એકલા પણમાં અવસર શોધો અને પોતાની જાતને ફરીથી પ્રેમ કરતા શીખો જે પોતાની જાતને સંભાળી શકે છે એ આખી દુનિયા સાથે લડી શકે છે એકલા હોય ત્યારે પોતાનું ધ્યાન પોતાના લક્ષ્ય પર કેન્દ્રિત કરવું નકારાત્મક વિચારોથી દૂર રહેવું સકારાત્મક વિચારો કરવા માનસિક રીતે મજબૂત વ્યક્તિને દુનિયાની કોઈ વ્યક્તિ તોડી નથી શકતી માનસિક શક્તિ વધારવા માટે ધ્યાન વાંચન અને ગમતી પ્રવૃત્તિ કરવી પ્રકૃતિ સાથે રહેવું જ્યારે પણ જીવનમાં ખરાબ પરિસ્થિતિ આવે એવુ વિચારવું કે આ સમય પણ પસાર થઈ જશે જીવનમાં કંઈ પણ સ્થાયી નથી. સુખ કે દુઃખ ધીરજ રાખવી કેમ કે સમયની સાથે બધું જ બદલાય છે પોતાના વિચારો પર નિયંત્રણ કરવું જેવું વિચારો એવું જ જીવનમાં થશે એટલે હંમેશા સકારાત્મક વિચારો અપનાવો જીવનમાં કંઈ પણ મુશ્કેલી આવે તો પોતાની જાતને પૂછો કે ..શું આ મારા નિયંત્રણમાં છે? જો છે તો સુધારો અને ન હોય તો એ છોડી દો. તમારું અડધું દુઃખ ત્યાં જ ઓછું થઈ જશે. મહાન લોકો પોતાની ઊર્જાને નિયંત્રિત કરે છે સકારાત્મક કાર્યમાં જ તેનો ઉપયોગ કરે છે એટલે જ એ સફળ હોય છે વિચારો તમારો સમય તમે યોગ્ય જગ્યાએ વાપરી રહ્યા છો? જો ના તો યોગ્ય જગ્યાએ સમય વાપરવાનું ચાલુ કરી દો. પોતાની જાતને સ્વીકારો તમે જેવા છો એનો સ્વીકાર કરો ઘણા લોકો બીજા ને જોઈને એવુ વિચારે છે કે કાશ હું આટલો સુંદર હોત કાશ મારી પાસે આ હોત પેલું હોત મારી કિસ્મત સારી હોત પણ આ તમારા વિચારો જ તમારા સૌથી મોટા દુશ્મન છે જ્યાં સુધી તમે તમારી જાતને સ્વીકાર નહીં કરો ત્યાં સુધી તમારા જીવનમાં તમને શાંતિ નહીં મળે પોતાના જીવનની સચ્ચાઈનો સ્વીકાર કરવો જે તમારી પાસે છે એ ઘણું છે પોતાની જાતને પ્રેમ કરો. પોતાની ભૂલોને માફ કરો અને ખૂબીઓ ની ઓળખ કરો. દરેક વ્યક્તિની અલગ જીવન યાત્રા છે તમારી પણ અલગ છે પોતાની જાતને સ્વીકારો એ જ સૌથી મોટું ધન છે જીવનનું .એટલે આજથી જ તમે જેવા છો એવા પોતાને અપનાવો અને જીવનને ગળે લગાવો કોઈપણ વ્યક્તિ કે સંજોગો તમારી માનસિક ખુશી છીનવી નથી શકતી. એકલા રહેવાથી તમને પહેલા કરતા પણ વધારે મજબૂત વ્યક્તિત્વ મળશે અને તમારું જીવન પહેલાથી પણ વધારે સુંદર બની જશે.

**પુસ્તકને સંસ્કૃતમાં ગ્રંથ કહેવામાં આવે છે, અને આપણી સંસ્કૃતિ તો આવા કેટલાય વૈદિક ગ્રંથોને સમાવીને બેઠી છે**

# આખાં વિશ્વને રાહ ચીંધી શકે! એવાં અમૂલ્ય ગ્રંથોનો વારસો હિન્દુસ્તાન ધરાવે છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સંતાનોનાં જન્મ સમયે આ વૈદિક શાસ્ત્રો વાંચવા જોઈએ એવું મમ્મી કહેતી, એટલે શ્રીમદ ભાગવત, શ્રી રામ ચરિત માનસ, અને ભગવત ગીતા જેવા વૈદિક ગ્રંથોનો થોડો ઘણો અભ્યાસ છે, બાકી રોજીંદા પાઠ સિવાય મારું એટલું વાંચન નથી, અને હવે તો લખવાનું જ ખૂબ રહે છે, એટલે હું વધુ તો એને વિશે શું કહું!**

૨૩ એપ્રિલ ના રોજ પુસ્તક દિવસ હતો, પણ ૨૨/૪ એ કાશ્મીરમાં આતંકી હુમલો થયો અને ચિંતનમાં કરંટ ટોપિક પર લેખ લખાયો! પણ પુસ્તકો આપણા જીવનમાં બહુ મહત્વનું સ્થાન ધરાવે છે, પુસ્તક દિવસ શુ કામ ઉજવવામાં આવે છે? એનાથી ફાયદો શું છે? અને મારી માટે પુસ્તક એટલે શું?એને વિશે આજે વાત કરીએ. આમ તો દરેક ઉજવાતા દિવસની જેમ પુસ્તક દિવસ ઉજવવા પાછળ પણ પશ્ચિમી સંસ્કૃતિના લેખકો જવાબદાર છે. ઘણીવાર વિચાર આવે કે શું આપણે ત્યાં કોઈ સારા લેખકો કે ઉચ્ચ કોટીની વિદ્યા ધરાવતા માનવનો જન્મ જ નહીં થયો હોય? કે પછી આપણે એમને આમ ખાસ રીતે યાદ કરવા એવું કંઈ વિચાર્યું જ નહીં!; ખેર પુસ્તક દિવસ ઉજવવા પાછળ યુનેસ્કો જવાબદાર છે! અને એ વાત પ્રશંસનીય પણ છે. યુનેસ્કોએ ૨૩ એપ્રિલ ૧૯૯૫નાં રોજ વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી શરૂ કરી હતી. ત્યારથી લોકોમાં પુસ્તકો વિશે જાગૃતિ આવે અને પુસ્તકોનું મહત્વ સમજાય માટે વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી કરવામાં આવે છે. એટલું જ નહીં ૨૩ એપ્રિલની તારીખ પસંદગી કરવા પાછળનું કારણ એ છે કે ૨૩ એપ્રિલના રોજ જાણીતા લેખક વિલિયમ શેક્સપીયર, મિગ્યુએલ દે સર્વેન્ટસ અને જોસેપ પ્લેયા એ તારીખે મૃત્યુ પામ્યા હતા. તે જ સમયે મેન્યુઅલ મેજિયા વલેજો અને મોરિસ ડ્રૂનનો જન્મ ૨૩ એપ્રિલના રોજ થયો હતો. પુસ્તકો ખરેખર ખૂબ જ મહત્વનાં છે, આમ તો બાળકનો પુસ્તક સાથેનો પરિચય કક્કા બારખડીની ચોપડીથી થાય છે. પછી પ્રાથમિક શિક્ષણની ચોપડીઓ, માધ્યમિક શિક્ષણની ચોપડીઓ, કોલેજ શિક્ષણની ચોપડીઓ, વાંચી એ શિક્ષિત થાય છે,પણ આ બધું જ એની માટે ડીગ્રી નામની સ્પર્ધામાં વિજયી બનવા માટે હોય છે, એટલે એ એટલી હદે એ પુસ્તકોને પ્રેમ કરી શકતો નથી, એનું મહત્વ સમજી શકતો નથી, બસ ભણવા ખાતર ભણી લીધું. બહુ ઓછા વિદ્યાર્થીઓ હશે જે પાઠ્યપુસ્તકોનું સાચું મહત્વ સમજી ભણ્યા હશે!; ટૂંકમાં કક્કાવારીનો એ કલમનો "ક" શીખવા વખતે જેટલો રસ હતો એ રસ છેક સુધી જળવાઈ રહેતો નથી, અને આ આપણાં સૌના જીવનની સચ્ચાઈ છે. પરંતુ પહેલાં મનોરંજનનાં આટલાં બધાં સાધનો નહોતાં, એટલે કે ટીવી, સ્માર્ટફોન, કોમ્પ્યુટર, લેપટોપ, ટેબલેટ, કે અદ્યતન મ્યુઝિક સીસ્ટમ, વિડીયો ગેમ, એનું ચલણ નહોતું, બહુ બહુ તો રેડિયો હતો. ફિલ્મો હતી પણ રોજ કંઈ પોષાય નહીં, ત્યારે વેકેશન કે પછી ફાજલ સમયનો ઉપયોગ આ રીતે સારાં સારાં પુસ્તકો



વાંચીને લોકો કાઢતાં. એમાં પણ સસ્પેન્સ, રોમેન્સ, થ્રીલર કે પછી એડવેન્ચર ની જાતભાતની નોવેલ કથા કે આત્મકથા આમ આવું સાહિત્ય, સૌનાં જીવનનો એક અનેરો ભાગ હતો. રવિવારનો દિવસ હોય કે પછી વેકેશન હોય ત્યારે, ગરમીના દિવસોમાં બહાર રમવા તો એટલું જઈ ન શકાય, ત્યારે વિદ્યાર્થીઓ આ રીતે પુસ્તકો વાંચતા, અને આમ પુસ્તક એનું એક સારું મિત્ર બની રહેતું! વાંચનનાં ઘણા ફાયદા પણ છે! અને સૌથી પહેલો ફાયદો આપણે જોયું તેમ તે મિત્ર બની રહે છે, અન્ય મિત્રો સારા ખોટા ખરાબ કે પછી મતલબી પુરવાર થઈ શકે, જ્યારે પુસતકમાં આવો કોઈ દુર્ગુણ હોય નહીં, એટલે ગુમાવવાની કે છેતરાવાની કોઈ જ બીક રહેતી નથી. બીજો ફાયદો એ છે કે જે પ્રકારનું વાંચન કરતા હોઈએ એ પ્રકારની કલ્પનાનો વિસ્તાર આપણી બુદ્ધિ પણ સ્વીકારે છે, અને ક્યારેક પ્રયોગમાં પણ મૂકે છે, અને એને કારણે લઘુતાગ્રંથી તૂટે છે, સંકીર્ણતા ઘટે છે, અને અન્ય સંસ્કૃતિ વિશેની માહિતી પણ આપે છે. તો ઉંમરનાં અમુક ભાવો સહજતાથી વ્યક્ત પણ થાય છે, અને જીવન સરળ બને છે. આ ઉપરાંત સ્થળનાં,કે વ્યક્તિના રૂપનાં, પહેરવેશના, કે પ્રકૃતિના વર્ણનો દુનિયાને કે અન્યને જોવા સમજવાથી આપણી દ્રષ્ટિમાં પણ બદલાવ લાવે છે, અને જાણે અજાણે આપણે જે કંઈ વાંચતાં હોઈએ એની સાથે આપણું માનસ જોડાય છે. આ ઉપરાંત મહત્વનો ફાયદો આપણે એકાંતને માણતા શીખીએ છીએ, તેમજ પુસ્તક વાંચનનો સમય આપણી માટે પોઝિટિવ બની રહે છે, એટલે કે અન્યની ઈર્ષા, નિંદા, આગ્રહ, નીગ્રહ, કે અપેક્ષા ઉપેક્ષા, ક્રોધ, કામ, લોભ, અને મોહ એ બધાં જ ભાવથી દૂર રાખવામાં મદદ કરે છે. હરક્ષણ નવી નવી ઈચ્છા કરતું અને અહીંતહીં ઉડાઉડ કરતું પતંગિયા જેવું આપણું મન એક જગ્યાએ કેન્દ્રિત થઈ જાય છે, એટલે થોડી શાંતિનો પણ અનુભવ થાય છે. કોઈ ની આત્મકથા માંથી પ્રેરણા લઈને જીવન ચરિત્ર પણ નિર્માણ થાય છે. આમ આવા નાના મોટા તો કેટલાય ફાયદા પુસ્તકોથી થાય છે, અને એ તો આપણે વાંચીએ અને એ રીતે આપણે એની સાથે જોડાઈએ તો જ વધુ સારી રીતે જાણી શકીએ. પુસ્તકને સંસ્કૃતમાં ગ્રંથ કહેવામાં આવે છે, અને આપણી સંસ્કૃતિ તો આવા કેટલાય વૈદિક ગ્રંથોને સમાવીને બેઠી છે. આપણી સંસ્કૃતિનો મુખ્ય આધાર જ ચાર વેદ, ઉપનિષદ, શ્રીમદ ભાગવત, શ્રી રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભગવત ગીતા, શિવપુરાણ, દેવીપુરાણ, ગરુડ પુરાણ, જેવા કેટલાયે વૈદિક ગ્રંથો છે, આપણાં ઋષિમુનિઓએ ખરેખર આપણે ચરિત્ર નિર્માણ કરી શકીએ એ માટે અદભુત ગ્રંથની રચનાઓ કરી છે, અને દરેકે દરેક ક્ષેત્રમાં જે આજે પણ આપણા માર્ગદર્શક બની રહે છે.પણ જેમ દીવા તળે અંધારું હોય, એમ આપણે આપણા આ વૈદિક શાસ્ત્ર, ગ્રંથ, કે પુસ્તકોનું એટલું મહત્વ સમજી શક્યા નહીં, એ હકીકતને નકારી શકાય એમ નથી. પણ છે અત્યંત અદભુત, અને એ આપણી જટિલ માં જટિલ સમસ્યાઓનો ઉકેલ આપનાર પણ છે. સંતાનોનાં જન્મ સમયે આ વૈદિક શાસ્ત્રો વાંચવા જોઈએ એવું મમ્મી કહેતી, એટલે શ્રીમદ ભાગવત, શ્રી રામ ચરિત માનસ, અને ભગવત ગીતા જેવા વૈદિક ગ્રંથોનો થોડો ઘણો અભ્યાસ છે. બાકી રોજીંદા પાઠ સિવાય મારું એટલું વાંચન નથી, અને હવે તો લખવાનું જ ખૂબ રહે છે, એટલે હું વધુ તો એને વિશે શું કહું! પણ પુસ્તકનો બીજો અર્થ સ્વીકારીને જીવન જીવવું એવું પણ કરી શકાય, અને એ પ્રયોગ પણ કરવા જેવો ખરો. ઘણાનાં જીવન વિશે આપણે બોલતા હોઈએ છીએ કે એનું જીવન તો ખુલ્લી કિતાબ જેવું છે! બસ આ અર્થ મને પ્રેરિત કરી ગયો, અને એટલે જ સદગુરુ કૃપા એ જીવનના દરેક પાનામાં ક્યાંય કોઈ વાત છુપાવવી પડે એવું થવાં જ નથી દીધું, એટલું આચરણ પર મહત્વ મુકી જીવાયું છે. વાણી વિચાર અને વર્તનનું સાતત્ય એ જ ચરિત્ર નિર્માણની પહેલી શરત છે,અને જેનો બોધ સદગુરુ હરક્ષણ કોઈ ને કોઈ રુપે આપતા રહે છે, એટલે આ આ જીવન કિતાબ વધુ ને વધુ પુષ્ટ થાય છે, અને એને કારણે જીવન રસ રાગના વિવિધ રંગોની રંગોળીથી સર્જ્યું છે, મહેકતા ફૂલ જેમ ખીલી ને અન્યનાં જીવન મહેકાવવા હરક્ષણ કટિબદ્ધ પણ રહે છે. જીવનને જ ખુલ્લી કિતાબ બનાવી શકીએ, એ માટે સદગુરુનો બોધ નિત્ય ચિંતન રુપે વહે છે, અને જીવ એ મંદાકિનીમાં નિત્ય સ્નાન કરી મોહ માયા મમતાના મેલ ધોઈને અસ્તિત્વમાં આનંદ મંગલ માટે પ્રાર્થના કરે છે. આપણે ત્યાં પણ વૈદિક ગ્રંથો રુપે ખૂબ જ ઉચ્ચ કોટિના પુસ્તકો છે! અને એને અનુસરીને આપણે વિશ્વમાં આપણી મહત્તા સિદ્ધ કરી શકીએ એમ છીએ. જય હિન્દ.

**સુગ્રીવને હનુમાને અપનાવેલા છે, હનુમાનજી એ બ્રહ્મચર્યનું સ્વરૂપ છે, બ્રહ્મચર્ય સાથે મૈત્રી કરશો, તો પરમાત્મા સાથે મૈત્રી થશે**


# જીવ ઈશ્વર સાથે મૈત્રી કરે તો ઈશ્વર જીવને ઈશ્વર બનાવે છે, પરમાત્મા અતિશય ઉદાર છે



**વિશેષ**
ચરણપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, ચરા)

**રામજીની સેવાના સંકલ્પ થી હનુમાનજીમાં આવેશ આવ્યો, હમણાં આખી લંકાને સમુદ્રમાં ડુબાડી દઉં! જાંબવાન કહે છે કે, ધીરજથી કામ કરો, લંકાને ડુબાડી દેશો તો સીતાજી ડુબી જશે! હનુમાનજીએ ત્યાંથી ઊડાન કર્યું, રસ્તામાં સુરસા આવી તેનો નાશ કર્યો અને લંકામાં આવ્યા, સાંજનો વખત છે, હનુમાનજી લંકાને ચારે તરફથી નિહાળે છે, લંકાનો અલૌ કિક વૈભવ છે, હનુમાનજી લંકામાં પ્રવેશ કરે છે તે વખતે લંકિની અટકાવે છે.**

પહેલગામમાં આતંકવાદી હુમલા પછી ભારત પાકિસ્તાન અને બંગલાદેશની પ્રજા એનકેન પ્રકારની વિહવળતા અનુભવી રહી છે. રાજકારણીઓ અને તેમના હજુરિયા ખજુરિયા ખુશ છે કારણકે તેમને તો આવો માહોલ ઊભો જ કરવો હોય છે આ તંગ કહેવાતા લોકસેવકો જેવા માહોલમાં આપણે પ્રાર્થના એ જ કરીએ મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહયા કરે શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે ગુણથી ભરેલા ગુણી જન દેખી હૈયું મારું નૃત્ય કરે આ સંતોના ચરણ કમલમાં મુજ જીવનનું અર્ધ્ય રહે દીન ક્રૂર ને ધર્મ વિહોણા દેખી દિલમાં દર્દ રહે કરુણાભીની આંખોમાંથી અશ્રુનો શુભ સ્રોત વહે માર્ગ ભૂલેલા જીવન પથિકને માર્ગ ચીંધવા ઊભો રહું કરે ઉપેક્ષા એ મારગની તો પણ સમતા ચિત્ત ધરું મૈત્ર્યાદિ આ ચાર ભાવના હૈયે ગુણીજન જે લાવે વેરઝેરના પાપ તજુંને મંગલ ગીતો એ ગાવે મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે રામ-સુગ્રીવની મૈત્રી હનુમાનજી દ્વારા થઈ છે. જીવની ઈશ્વર સાથે મૈત્રી ન થાય ત્યાં સુધી જીવન સફળ થતું નથી અને એ મૈત્રી હનુમાનજી વગર એટલે કે બ્રહ્મ ચર્ય વગર થતી નથી. હનુમાનજી વકીલાત ન કરે ત્યાં સુધી રામચંદ્ર અપનાવે નહીં. હનુમાનજી પણ ખરી આરઝૂ જુએ તો જ આવી વકીલાત કરે છે. રાજા રીઝે તો ધનથી ન્યાલ કરે પણ પોતાનો સમકક્ષ રાજા બનાવી શકે નહીં. પણ જીવ ઈશ્વર સાથે મૈત્રી કરે તો ઈશ્વર જીવને ઈશ્વર બનાવે છે.પરમાત્મા અતિશય ઉદાર છે. ઈશ્વર જીવને આપે છે ત્યારે આપવામાં સંકોચ કરતા નથી. જીવ આપે છે ત્યારે પોતાના માટે થોડુંક રાખી પછી બીજાને આપે છે. માટે પરમાત્મા સાથે મૈત્રી કરો. ઈશ્વર સાથે મૈત્રી તે જ કરી શકશે જે કામની દોસ્તી છોડશે. કામ અને શ્રીકૃષ્ણ, રામ અને રાવણ સાથે રહી શકે નહીં. સુગ્રીવને હનુમાને અપનાવેલા છે. તેથી રામજીએ તેને પોતાના મિત્ર માન્યા. હનુમાનજી એ બ્રહ્મચર્યનું સ્વરૂપ છે. બ્રહ્મચર્ય સાથે મૈત્રી કરશો, તો પરમાત્મા સાથે મૈત્રી થશે.હનુમાનજી જેની ભલામણ ન કરે તેને રામ મિત્ર માને નહીં. પરમાત્મા સાથે પ્રેમ ન થાય તો જીવન સુંદર થઈ શકે નહીં. મનુષ્ય પ્રેમ વગર રહી શકતો નથી. કોઈ પૈસામાં, કોઈ સ્ત્રીમાં, કોઈ બાળકોમાં પ્રેમ કરે છે. પણ પ્રેમ કરવા લાયક એક પરમાત્મા છે. પરમાત્મા વિના બીજા કોઈ સાથે કરેલો પ્રેમ પરિણામમાં જીવને રડાવે છે, કારણ કે તે વિનાશી છે અને વિનાશક છે. જીવ જ્યારે ઈશ્વર સાથે મૈત્રી કરે છે ત્યારે તે પૂર્ણ બને છે. પરમાત્મા સાથે મૈત્રી કરનાર જીવને પ્રભુ પૂર્ણ બનાવે છે. ઈશ્વર સાથે પ્રેમ કરવો હોયતો બીજા સાથેનો પ્રેમ છોડવો પડશે. ધીરે ધીરે લૌકિકસ્નેહ છોડો તો પ્રભુ સાથે પ્રેમ થાય. હનુમાનજીએ પૂછ્યું કે,આપ કોણ છો? ત્યારે રામજીએ ઓળખાણ આપી.હનુમાનજીએ સાષ્ટાંગ પ્રણામ કર્યા અને સ્તુતિ કરી.પછી કહ્યું, આ પર્વત પર વાનરરાજા સુગ્રીવ રહે છે, તેની સાથે મિત્રતા કરો. તે આપનો દાસ છે. રામ-લક્ષ્મણ સુગ્રીવ પાસે આવ્યા. રામજીએ સુગ્રીવને પૂછ્યું કે,તું કેમ દુઃખી છે? સુગ્રીવ કહે છેકે,મારા ભાઈ વાલી એ મને કાઢી મૂક્યો છે. વાલીએ મારું સર્વસ્વ હરી લીધું છે. મારી પત્નીનું પણ અપહરણ કર્યું છે. મિત્રના દુઃખે દુઃખી થાય




તે મિત્ર. વાલી-સુગ્રીવનું યુદ્ધ થયું, ત્યારે રઘુનાથજીએ સુગ્રીવનો પક્ષ લઈ વૃક્ષ પાછળથી વાલીને તીર માર્યું. ત્યારે વાલી રામને કહે કે, તમે તો ધર્મની રક્ષા કરવા માટે અવતાર ધર્યો છે.મેં કોઈ અપરાધ કર્યો નથી તો મારા કયા દોષથી મારો વધ કર્યો ? હું કહું છું કે,આપે અધર્મ કર્યો છે. ત્યારે રામચંદ્રજી કહે છે, તું તારા દોષનો વિચાર કરતો નથી અને મને ઠપકો આપે છે. ભ્રાતૃપત્ની પોતાની કન્યારૂપ હોવા છતાં તે તેના ઉપર કુભાવ રાખ્યો, એ તારો દોષ તું કેમ ભૂલી જાય છે? તારા જેવા પાપીનો ઉદ્ધાર કરવા મેં તને માર્યો છે. સ્વદોષ દર્શન વગર ઈશ્વર દર્શન થાય નહીં.પરદોષ દર્શન પરમાત્મા નાં દર્શનમાં કેવળ વિઘ્ન કરે છે. વાલી જવાબ આપે છેકે, મહારાજ હું પાપી છું એમ તમે કહો છું તો મને બતાવો કે, પાપીને તમારાં દર્શન થાય એવું કયા શાસ્ત્રમાં લખ્યું છે? ઊલટું એમ કહેવામાં આવ્યું છે કે, મુનિ ઓ અનેક જન્મ સુધી અનેક પ્રકારનાં સાધના કરતા રહે છે તો પણ અંતકાળે તેમના મુખમાંથી રામનું નામ નીકળતું નથી! એટલે કે મુનિઓને જેનાં દર્શન નથી થતાં તેનાં મને દર્શન થયાં અને એમના હાથે હું મરું છું, તો હું પાપી કે પુણ્યશાળી?ખરેખર હું પુણ્ય શાળી છું. તેથી આપનાં દર્શન પામ્યો છું. તમારાં દર્શન થયા એટલે હું પાપી રહ્યો નથી. તમારાં દર્શન દેવોને દુર્લભ છે તેમ છતાં અંતકાળે હું તમારાં દર્શન કરું છું.ત્યારે ભગવાન વાલીને કહે છે કે, મારા દર્શન તને થયા છે તે તારા પ્રતાપે નહીં, પણ સુગ્રીવ મારા શરણે આવ્યો છે અને સુગ્રીવનો તું ભાઈ છે તેથી. આ સાંભળી વાલી સુગ્રીવને પ્રણામ કરી કહે છે કે, તારે લીધે મને રામજીનાં દર્શન થયાં! તું ધન્ય છે! ત્યારે સુગ્રીવ કહે છે કે એમ નહીં. તમારા લીધે મને રામજીનાં દર્શન થયાં છે. જો તમે કાઢી મૂક્યો ન હોત, તો મને રામજીનાં દર્શન ક્યાં થવાનાં હતાં? આમ બંને ભાઈઓ એકબીજાનો આભાર માને છે. એમનાં વેર અને વાસનાનો અંત આવે છે. વેર અને વાસના રાખીને મરે છે તેને સદ્ગતિ મળતી નથી, માટે કોઈની સાથે વેર રાખવું નહીં એ મૃત્યુ સુધારવાની ચાવી છે. પછી રામ રામ બોલતાં વાલીએ પ્રાણનો ત્યાગ કર્યો. રામે સુગ્રીવને કિષ્કિંધાનું રાજ્ય આપ્યું. રામજીની અનાસક્તિ જુઓ! રાવણને માર્યા પછી લંકાનું રાજ્ય લીધું નથી. કંસને શ્રીકૃષ્ણે માર્યા પછી મથુરાનું રાજ્ય લીધું નથી પણ તે ઉગ્રસેનને આપ્યું છે. તુલસીદાસજી કહે છે કે, દેવતા, મનુષ્ય અને મુનિ સર્વની એક જ રીત છે. સ્વાર્થને માટે જ બધાં પ્રીતિ કરે છે,પણ રામ જેવો જગતમાં કોઈ હિતકારી નથી. ભગવાન પ્રવર્ષણ પર્વત ઉપર બિરાજ્યા છે. હનુમાનજી વાનર સેના ભેગી કરે છે. હનુમાનજીને રામજી પોતાના હાથની મુદ્રિકા આપી સીતાની શોધમાં મોકલે છે. હનુમાનજીએ વાનરો સહિત ત્યાંથી પ્રયાણ કર્યું. દક્ષિણ દિશા તરફ ગયા ત્યાં જાંબવાન મળ્યો. તેવામાં સંપાતિએ આવીને ખબર આપી કે,સીતાજી અશોકવનમાં છે. દરિયો ઓળંગીને જે જશે તેને સીતાજી મળશે. રામનામનું બળ અને સંયમનું બળ ન હોય તો આ દરિયો ઓળંગી શકાય નહીં. રામજીની સેવાના સંકલ્પથી હનુમાનજીમાં આવેશ આવ્યો. હમણાં આખી લંકાને સમુદ્રમાં ડુબાડી દઉં! જાંબવાન કહે છે કે, ધીરજથી કામ કરો. લંકાને ડુબાડી દેશો તો સીતાજી ડુબી જશે! હનુમાનજીએ ત્યાંથી ઊડાન કર્યું. રસ્તામાં સુરસા આવી તેનો નાશ કર્યો અને લંકામાં આવ્યા. સાંજનો વખત છે. હનુમાનજી લંકાને ચારે તરફથી નિહાળે છે. લંકાનો અલૌ કિક વૈભવ છે. હનુમાનજી લંકામાં પ્રવેશ કરે છે તે વખતે લંકિની અટકાવે છે. હનુમાનજી લંકિનીને મારે છે. લંકિનીએ કહ્યું, જોષીએ મને કહેલું છેકે,તેને કોઈ મારે ત્યારે જાણજે કે રાવણ મરવાનો થયો છે.લંકામાં હનુમાનજી ઘરે ઘરે ફરીને સીતાજીને શોધે છે.એક નાથજી મહારાજે સુંદરકાંડ ખૂબ સુંદર લખ્યો છે.તેઓ કહે છે કે, હનુમાનજીએ સાક્ષાત્ શિવનું સ્વ રૂપ છે.શિવજીએ અવતાર લીધો ત્યારે પાર્વતીજીએ અવતાર લેવા હઠ કરી એટલે શિવજી થયા હનુમાન અને પાર્વતી થયાં તેનું પૂંછડું. પગે પૂંછડુંએ યોગ માયા છે તેથી હનુમાનજીનું પૃચ્છ વધે છે. આખી રાત હનુમાનજીએ સૂક્ષ્મ રીતે ભ્રમણ કર્યું છે પણ સીતાજી ક્યાંય દેખાતાં નથી. પ્રાતઃ સમયે વિભીષણના મહેલમાં આવે છે. જાગતાંવેંત વિભીષણે રામનામનું સ્મરણ અને ઉચ્ચારણ કર્યું. હનુમાનજીને થયું કે,રાક્ષસોની દુનિયામાં આ કોણ વૈષ્ણવ હશે? હનુમાનજીએ બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું અને વિભીષણના મહેલમાં પ્રવેશ કર્યો. વિભીષણે પૂછ્યું, આપ કોણ છો? રામ તો નથી ને? સવારે આપનાં દર્શન થયાં તેથી મારું કલ્યાણ થશે. હનુમાનજીએ બધી વાત કહી. પૂછે છે, સીતાજી ક્યાં છે? ત્યારે વિભીષણે સીતાજી ક્યાં છે અને કેવી રીતે મળશે તે બતાવ્યું. હનુમાનજી અશોકવનમાં આવ્યા. સીતાજી સમાધિમાં બેઠાં છે અને હે રામરામનો જપ કરે છે.માતાજી નું શરીર દુર્બળ છે.માતાજીને મન થી પ્રણામ કરી જે વૃક્ષ નીચે બેસી સીતાજી ધ્યાન કરતાં હતાં તે વૃક્ષ ઉપર બેસી હનુમાનજીએ રામ કથા કહેવાની શરૂઆત કરી. એ સાંભળી સીતા જી ધ્યાનમાંથી જાગી પૂછે છે, આ કોણ બોલે છે? જે હોય તે પ્રત્યક્ષ થાઓ! માતાજી બોલાવે છે એટલે તરત હનુમાન જીએ ઠેકડો માર્યો. સીતાજીને પ્રણામ કરી કહે, મા, હું રામદૂત છું. તમે મારી માતા છો. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત વૈશાખી વાયરા શરૂ થઈ ગયા છે સાથે ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે ઉનાળુ વેકેશન શાળા કોલેજોમાં પડ્યું અત્યારે હવે વાલીઓ વિદ્યાર્થી ઓમાં એસ.એસ.સી. એચ.એસ. સી.ના પરિણામની તાલાવેલી જોવા મળી રહી છે તો આજ આપણે અહીં જ અટકીએ.. અસ્તુ..

# ‘કિંગ’ને આખરે ‘ક્વિન’ મળી : શાહરૂખ અને દીપિકાની જોડી ફરી જમાવટ કરશે

### દીપિકા પાદુકોણની ડેટ્સ નહીં મળતા એક તબક્કે શાહરૂખ ખાને કરીના અથવા કેટરિનાનો વિકલ્પ રખાયો હતો



શાહરૂખ ખાને ૫૮ વર્ષની ઉંમર વટાવ્યા પછી પણ સતત આગેકૂચ જારી રાખી છે. બ્લોકબસ્ટર ફિલ્મો સાથે કમબેક બાદ શાહરૂખે મેટ ગાલામાં ડેબ્યુ કરવાનો નિર્ણય લીધો છે. આ પહેલની ચર્ચા શમે તે પહેલા શાહરૂખ ખાને વધુ એક સરપ્રાઈઝ આપી છે. શાહરૂખ ખાને દીકરી સુહાના માટે બિગ બજેટ ‘કિંગ’ની શરૂઆત કરી છે. આ ફિલ્મમાં ફરી એક વાર શાહરૂખ અને દીપિકા પાદુકોણની સુપર હિટ જોડી જોવા મળે તેવી શક્યતા છે. શાહરૂખ ખાને સતત કંઈક નવું કરતા રહેવાની અને તેમાં સફળતા મેળવવવાની આદત વિકસાવી છે. મેટ ગાલામાં શાહરૂખ ખાન સબ્યસાચીની બોલ્ડ ફેશનને રજૂ કરવાના છે. રેડ કાર્પેટ પર જતા પહેલા શાહરૂખે ફિલ્મી જગતમાં હલચલ મચાવી દીધી છે. રોમેન્ટિક ફિલ્મોના બાદશાહ ગણાતા શાહરૂખે છેલ્લી કેટલીક ફિલ્મોથી એક્શન ‘કિંગ’નું સ્થાન મળવ્યું છે. આગામી એક્શન ફિલ્મમાં શાહરૂખે ‘ઓમ શાંતિ ઓમ’ (૨૦૦૭)ની હીરોઈન દીપિકા સાથે જોડી જમાવવાનું નક્કી કર્યુ છે. ડાયરેક્ટર સિદ્ધાર્થ આનંદે ‘કિંગ’નું પ્રિ-પ્રોડક્શન પૂરજોશમાં શરૂ કરી દીધું છે. આ ફિલ્મમાં સુહાના ખાનની સાથે અભિષેક બચ્ચન, અભય વર્મા, અરશદ વારસી અને જયદીપ અહલાવત જેવા જાણીતા કલાકારોને સમાવવામાં આવ્યા છે. શાહરૂખના સ્ટારડમની સાથે હવે ‘કિંગ’માં દીપિકાનું ગ્લેમર પણ ભળી રહ્યું છે. ચર્ચા મુજબ, આ એક્શન ફિલ્મ માટે દીપિકાને ફાઈનલ કરી દીધી છે. ફિલ્મનું આયોજન થયું ત્યારથી શાહરૂખની ઈચ્છા દીપિકાને લેવાની હતી. જો કે દીપિકા પ્રેગનન્ટ હતી અને પોતાના સંતાન સાથે સમય વીતાવવા માગતી હતી, જેથી વાત અટકેલી હતી. પ્રેગનન્સી પછી દીપિકાએ જીમમાં જવાનું શરૂ કર્યુ અને હવે તે ફરી ફોર્મમાં આવી ગઈ છે. દરમિયાન ‘કિંગ’નું શીડ્યુલ પણ વિલંબમાં મૂકાયુ હતું. જેના કારણે દીપિકાને કાસ્ટમાં સમાવવાની શાહરૂખની ઈચ્છા પૂરી થઈ છે. ‘કિંગ’માં દીપિકા પાદુકોણને ન લાવી શકાય તો શાહરૂખની ઈચ્છા કરીના કપૂર ખાન અથવા કેટરિના કૈફ સાથે ફિલ્મ બનાવવાની હતી. બંને એક્ટ્રેસ સાથે શાહરૂખની ટીમે અનેક વખત મીટિંગ કરી હતી. જો કે કરીના અથવા કેટરિનામાંથી કોઈ ફાઈનલ થાય તે પહેલા દીપિકાએ કમબેક કરી દીધું છે. શાહરૂખની પહેલી પસંદગી દીપિકા જ હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, આ ફિલ્મમાં દીપિકાનો લીડ રોલ નહીં હોય. દીપિકા તેમાં એક્સટેન્ડેડ કેમિયો કરવાની છે. ૧૦-૧૨ દિવસના શૂટિંગમાં દીપિકાના કેરેક્ટરનું શૂટિંગ થઈ જશે. ઓક્ટોબર મહિનામાં ‘કિંગ’ના સેટ પર દીપિકા જોવા મળે તેવી શક્યતા છે. ‘કિંગ’માં અમિતાભ બચ્ચનનો પણ સ્પેશિયલ રોલ હોવાનું કહેવાય છે. આ બાબતે હજુ કોઈ સ્પષ્ટતા થઈ નથી. જો કે દીકરી સુહાનાની ફિલ્મમાં કોઈ કચાશ રાખવાની શાહરૂખની તૈયારી નથી.




### આમિર આ ફિલ્મ કરી રહ્યો હોવાનો બોગસ દાવો

# આમિરને ગુરુ નાનકદેવના રોલમાં દર્શાવતું નકલી પોસ્ટર વાયરલ થયો

### એઆઈથી પોસ્ટર બનાવાયું છે, આમિર આવો કોઈ પ્રોજેક્ટ કરતો નથી તેવો ટીમનો ખુલાસો

આમિર ખાનને ગુરુ નાનક દેવના ગેટઅપમાં દર્શાવતું એક પોસ્ટર સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ અભિનેતાના ચાહકો મૂંઝવણમાં પડી ગયા હતા. પોસ્ટર સાથે એવો દાવો કરાયો હતો કે આમિર આ ફિલ્મ કરી રહ્યો છે. જોકે આમિરની ટીમે સ્પષ્ટતા કરી હતી કે આ પોસ્ટર કોઈએ એઆઈથી બનાવ્યું છે અને તે નકલી છે. આમિર આવો કોઈ પ્રોજેક્ટ કરી રહ્યો નથી. આમિર ક્યારેય કોઈ ધર્મનો અનાદર થાય તેવું કશું કરશે નહીં.



આમિર એઆઈ દ્વારા ફેક પોસ્ટનો શિકાર બન્યો હોય તેવો આ બીજો કિસ્સો છે. અગાઉ લોકસભા ચૂંટણી વખતે પણ આમિરના નામે એક નકલી વીડિયો વાયરલ કરાયો હતો.

# એકતા કપૂર પોતાની આગામી ફિલ્મ માટે તમન્ના ભાટીયાના સંપર્કમાં



એકતા કપૂરની આગામી ફિલ્મમાં સિદ્ધાર્થ મલ્હોત્રા અને તમન્ના ભાટીયાની જોડી જોવા મળે તેવી શક્યતા છે. આ ફિલ્મ એક હિસ્ટોરિકલ ડ્રામા હશે. એકતા કપૂરની આ ફિલ્મનું શીર્ષક વન છે જેને દીપક મિશ્રા દિગ્દર્શન કરવાનો છે. ફિલ્મ માટે જંગલનો પણ એક મોટો સેટ બનાવવામાં આવ્યો છે. હાલ એકતા અને અભિનેત્રી વાતચીત કરી રહ્યા છે. એકતા આ ફિલ્મનું શૂટિંગ જુન મહિનામાં શરૂ કરવાની યોજના બનાવી રહી છે. તમન્ના ભાટીયા પાસે હાલ નો એન્ટ્રી ટુ અને રેન્જર જેવી

### આ ફિલ્મ એક હિસ્ટોરિકલ ડ્રામા હશે, એકતાની આ ફિલ્મનું શીર્ષક વન છે જેને દીપક મિશ્રા દિગ્દર્શન કરવાનો છે

ફિલ્મો છે. હવે તે એકતા કપૂરની ફિલ્મ માટે વાતચીત તરી રહી છે. આફિલ્મને અલગ-અલગ લોકેશન પર શૂટ કરવામાં આવશે. ફિલ્મના વન શીર્ષક પરથી જંગલનો સેટ પણ તૈયાર કરવામાંઆવ્યો છે. આ ફિલ્મ એક હિસ્ટોરિકલ ડ્રામા હશે, એકતા કપૂરની આ ફિલ્મનું શીર્ષક વન છે જેને દીપક મિશ્રા દિગ્દર્શન કરવાનો છે એકતા કપૂરે આ ફિલ્મ વિશેની મોટા ભાગની માહિતી ગુપ્ત રાખી છે.

### કરીના કપૂર સૌથી લોકપ્રિય અભિનેત્રી

# સલમાન ખાન કરતા શાહરૂખ લાઈવ પર્ફોર્મન્સ માટે વધુ મોંઘો

### ઓસ્ટ્રેલિયામાં શોના આયોજકો, પેસ ડી અને બિક્રમ સિંહ રંધાવા, સિદ્ધાર્થ કન્નન સાથેની એક મુલાકાતમાં, કલાકારોની લોકપ્રિયતા વિશે વાત કરે



ઓસ્ટ્રેલિયામાં કોન્સર્ટ આયોજકોએ તાજેતરમાં ખુલાસો કર્યો છે કે લોકો શાહરૂખ ખાન માટે દિવાના છે. અને તે સલમાન ખાન કરતા વધુ ફી લે છે. જ્યારે કરીના કપૂર ઓસ્ટ્રેલિયામાં, દીપિકા પાદુકોણ અને આલિયા ભટ્ટ જેવી અભિનેત્રીઓ કરતાં વધુ લોકપ્રિય છે.ફિલ્મોમાં અભિનય કરવા ઉપરાંત, બોલિવૂડ કલાકારો વિદેશમાં શો કરીને પણ પૈસા કમાય છે. કલાકારો તેમના લાઈવ પર્ફોર્મન્સ માટે તગડી ફી વસૂલ કરે છે. વિદેશમાં લાઈવ પર્ફોર્મન્સ આપતા કલાકારોમાં સૌથી વધુ ફી કોણ લે છે? તાજેતરમાં, એક મુલાકાતમાં, કોન્સર્ટ આયોજકોએ બોલિવૂડ કલાકારોની લોકપ્રિયતા વિશે વાત કરી. તેમણે કહ્યું કે ઓસ્ટ્રેલિયામાં શાહરૂખ ખાન સૌથી વધુ ફી વસૂલનારા કલાકારોમાંનો એક છે. જ્યારે કરીના કપૂર દીપિકા પાદુકોણ, આલિયા ભટ્ટ અને કેટરિના કૈફ કરતાં વધુ લોકપ્રિય છે.ઓસ્ટ્રેલિયામાં શોના આયોજકો, પેસ ડી અને બિક્રમ સિંહ રંધાવા, સિદ્ધાર્થ કન્નન સાથેની એક મુલાકાતમાં, બોલિવૂડ કલાકારોની લોકપ્રિયતા વિશે વાત કરે છે. તેમણે કહ્યું કે અન્ય દેશોની જેમ ઓસ્ટ્રેલિયામાં પણ શાહરૂખ ખાન માટે એક અલગ સ્તરનો ક્રેઝ છે. છોકરીઓ અભિનેતાની એક ઝલક મેળવવા માટે પાગલ થઈ જાય છે. અને જ્યારે અભિનેતા પોતાના હાથ ખોલે છે, ત્યારે દેશની અડધી વસ્તી તેની સામે ઝૂકી જાય છે. અહીં આયોજકોએ જણાવ્યું હતું કે શાહરૂખ ખાન ઓસ્ટ્રેલિયામાં તેના લાઈવ પર્ફોર્મન્સ માટે સલમાન ખાન કરતા વધુ ફી લે છે. તે સૌથી લોકપ્રિય અભિનેતા છે.વધુમાં, આયોજકોએ જણાવ્યું હતું કે દીપિકા પાદુકોણ, કેટરિના કૈફ, કૃતિ સેનન અને આલિયા ભટ્ટ જેવી અભિનેત્રીઓની તુલનામાં કરીના કપૂર ઓસ્ટ્રેલિયામાં સૌથી લોકપ્રિય અભિનેત્રી છે. આયોજકોએ વધુમાં જણાવ્યું હતું કે જે લોકો તેમને પસંદ કરે છે તે કોલેજના વિદ્યાર્થીઓ નથી પરંતુ એવા લોકો છે જેઓ તેમને વર્ષોથી પસંદ કરે છે. કરીના, ઐશ્વર્યા રાય, પ્રીતિ ઝિન્ટા જેવી અભિનેત્રીઓ તેમના માટે ખાસ છે. જ્યારે કરીના આવે છે ત્યારે લોકો પાગલ થઈ જાય છે. વધુમાં, આયોજકોએ જણાવ્યું હતું કે રણવીર સિંહ કાર્તિક આર્યન કરતા વધુ ફી લે છે.

# મૌની રોયને હીથ્રો એરપોર્ટ પર કડવો અનુભવ

### મૌની રોયએ એક્સ પ્લેટફોર્મ પર પોસ્ટમાં જણાવ્યુ હતું કે, નજીકમાં ઊભેલી મહિલાઓ માંથી કોઈએ અમને સપોર્ટ કર્યો ન હોતો






મૌની રોયની આગામી ફિલ્મ ‘ભૂતની’ પહેલી મેના રોજ રિલીઝ થઈ રહી છે. ફિલ્મની રિલીઝ પૂર્વે મૌની પોતાની ટીમ સાથે ઈંગ્લેન્ડથી ભારત પરત ફરી રહી હતી ત્યારે હીથ્રો એરપોર્ટ પર તેને ખૂબ કડવો અનુભવ થયો હતો. બ્રિટિશ એરવેઝના સ્ટાફ દ્વારા ઉદ્ધત વર્તન અંગે ફરિયાદ કરતા મૌનીએ કહ્યુ હતું કે, ફ્લાઈટમાં બોર્ડિંગ કરવા માટે પણ બે હાથ જોડીને રડી પડી હતી. મૌની રોય અને તેની ટીમના કેટલાક સભ્યો ૧૧ કલાકની મુસાફરી કરીને હીથ્રો એરપોર્ટ પહોંચ્યા હતા. તેની ટીમના અન્ય સભ્યોની ફ્લાઈટ અલગ હતી. તેથી મૌનીએ ફરજ પરના અધિકારીને ટીમના ચાર સભ્યોને પોતાની જ ફ્લાઈટમાં ટિકિટ આપવા વિનંતી કરી હતી. મૌનીએ એક્સ્ટ્રા પેમેન્ટની તૈયારી બતાવી હતી, મૌનીએ એક્સ પ્લેટફોર્મ પર પોસ્ટમાં જણાવ્યુ હતું કે, નજીકમાં ઊભેલી મહિલાઓમાંથી કોઈએ અમને સપોર્ટ કર્યો ન હોતોપરંતુ ફરજ પરના મુસ્લિમ માણસે તોછડાઈથી વાત કરી હતી અને મૌનીનો ફ્લાઈટમાં જવાનો વિચાર છે કે નહીં? તેમ કહી ઉતારી પાડી હતી. મૌનીએ એક્સ પ્લેટફોર્મ પર પોસ્ટમાં જણાવ્યુ હતું કે, નજીકમાં ઊભેલી મહિલાઓમાંથી કોઈએ અમને સપોર્ટ કર્યો ન હોતો. જો કે તેમના કારણે જ ફ્લાઈટમાં બોર્ડ કરી શક્યા હતા તેવુ મને લાગે છે. પેલા ભયંકર માણસના હાથાં હોત તો અમારી ફ્લાઈટ મિસ થઈ જાત અને તે ખુશ થઈને હસતો હોત. આ મામલે કાર્યવાહી થવી જોઈએ. મહિલાઓ માટે અને અન્ય દેશના લોકો માટે, જેઓ સોશિયલ મીડિયા પર નથી, તેમના માટે પણ આ બાબત ધ્યાને લેવાવી જોઈએ. મૌનીએ પોતાની આ પોસ્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ ટેગ કરી હતી. મૌનીએ વધુમાં જણાવ્યુ હતું કે, ફ્લાઈટમાં બોર્ડિંગ કરવા માટે તેને આજીજીઓ કરવાની ફરજ પડી હતી અને નિઃરાશ થઈને તે રડી પડી હતી. પોતાની અને ટીમને સાથે ગેરવર્તણૂક કરનારા કર્મચારી સામે આકરા પલગા લેવાની માગણી મૌનીએ કરી હતી. મૌનીએ હીથ્રો એરપોર્ટ અને બ્રિટિશ એરવેઝને સંબોધીને કહ્યુ હતું કે, દરેક વ્યક્તિને સમાનતાથી જોનારા માણસને નોકરી પર રાખવા જોઈએ. વંશીય રીતે પોતાની જાતને ચડિયાતા માનતા હોય તેવા લોકોને નોકરીથી દૂર રાખો. કંઈ ખોટું ના કર્યુ હોય અને માત્ર વાત કરી હોય તો પણ ફ્લાઈટમાં બોર્ડિંગ માટે રડવું પડે તેવી હાલત કોઈની થવી જોઈએ નહીં. નજીકમાં ઊભેલી મહિલાઓ સમજતી હતી કે આ માણસ ખોટો હતો. આમ છતાં તેને સપોર્ટ કરતી હતી. મારી અને મારી ટીમની સાથે ભયંકર વર્તન થયું હોવાથી મારે આ વાત જાહેરમાં કહેવી પડે છે. સમગ્ર મુસાફરી દરમિયાન પોતાને કે ટીમના સભ્યોને પાણી પણ નહીં અપાયું હોવાની ફરિયાદ મૌનીએ કરી હતી અને આ પ્રકારના વર્તનને વંશીય ભેદભાવ યુક્ત ગણાવ્યુ હતું.




### ફ્લાઈટમાં બોર્ડિંગ કરવા માટે બે હાથ જોડીને રડી પડી

### હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં ફ્રેન્ચાઈઝીનો ટ્રેન્ડ પૂરબહારમાં ખીલેલો છે

# કહાની, ક્વીન-મુજસે શાદી કરોગીની સ્ટોરી આગળ વધશે, નવી કાસ્ટ લેવા કવાયત

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં ફ્રેન્ચાઈઝીનો ટ્રેન્ડ પૂરબહારમાં ખીલેલો છે. ઓડિયન્સને પસંદ આવેલી ફિલ્મોના પ્રમોશનમાં ઓછી મહેનત કરવી પડે છે અને પહેલી ફિલ્મ જોનારું ઓડિયન્સ સરળતાથી સીક્વલ માટે ટિકિટ ખરીદવા તૈયાર થાય છે. આવતી કાલે ‘રેડ ૨’ આવી રહી છે અને ત્યારબાદ પણ સંખ્યાબંધ હિટ ફિલ્મોની સીક્વલ આવવાની છે. આ યાદીમાં હવે ‘કહાની’, ‘ક્વીન’ અને ‘મુજસે શાદી કરોગી’નું નામ ઉમેરાયું છે. આ ત્રણેય ફિલ્મોમાં જૂની સ્ટોરીને આગળ વધારવામાં આવશે. અક્ષય કુમારની ‘કેસરી ૨’ ધીમી ગતિએ બોક્સઓફિસ પર પકડ જમાવી રહી છે. ‘રેડ ૨’ને ઓડિયન્સ વધાવી લેશે તેવું મનાય છે. આગામી સમયમાં ‘હાઉસફુલ ૫’ અને ‘સિતારે જમીન પર’ આવી રહી છે. આમ, ફિલ્મ ઈન્ડસ્ટ્રીને લોકપ્રિય બનેલા ટાઈટલનો લાભ લેવાનું ગમી રહ્યું છે. સીક્લવના આ સદાબહાર ટ્રેન્ડમાં ઝંપલાવતા ડાયરેક્ટર સુજોય ઘોષ ‘કહાની ૩’ની સ્ક્રિપ્ટ તૈયાર કરી રહ્યા છે. તેઓ અગાઉની ફિલ્મની સ્ટોરીને આગળ વધારવાની સાથે વિદ્યા બાલનને પણ ફિલ્મમાં યથાવત રાખવા માગે છે. વિદ્યા બાલન અને સુજોય ઘોષ વચ્ચે આ ફિલ્મ માટે સંમતિ સધાઈ ગઈ છે અને સુજોય ઘોષ તરફથી સંપૂર્ણ સ્ક્રિનપ્લે મળે તેની રાહ દીપિકા જોઈ રહી છે. ડાયરેક્ટર વિકાસ બહેલે કંગના રણોતને લીડ રોલમાં રાખીને ‘ક્વીન’ની સીક્વલ બનાવવા તૈયારી શરૂ કરી છે. વિકાસે સ્ક્રિપ્ટ પસંદ કરી લીધી હોવાનું કહેવાય છે, જો કે ફિલ્મના ટાઈટલ અંગે કાનૂની સમસ્યા છે. ‘ક્વીન’ના પ્રોડ્યુસર્સ હવે અલગ થઈ ગયા છે અને તેથી ટાઈટલ મળવાનું અઘરું છે. ટાઈટલ ના મળે તો પણ કંગનાને લીડ રોલમાં યથાવત રાખીને વિકાસ બહેલે ફિલ્મ બનાવવાનું વિચાર્યુ છે. કંગના સાથે તેમણે સ્ક્રિપ્ટ બાબતે ચર્ચા કરેલી છે અને કંગના તેનાથી ખુશ છે. ડેવિડ ધવનની આઈકોનિક કોમેડી ‘મુજસે શાદી કરોગી’માં સલમાન ખાન, અક્ષય કુમાર, પ્રિયંકા ચોપરા લીડ રોલમાં હતા. પ્રોડ્યુસર સાજિદ નડિયાદવાલા ‘મુજસે શાદી કરોગી ૨’ બનાવવા માગે છે. તેઓ સ્ક્રિપ્ટને આખરી ઓપ આપી રહ્યા છે. જો કે જૂની કાસ્ટને રીપિટ કરવાના બદલે નવી પેઢીના સ્ટાર્સ સાથે ફિલ્મ બનાવવાની તેમની ઈચ્છા છે. સ્ક્રિપ્ટ પસંદ આવશે તો સાજિદ આગળ વધશે. સ્ક્રિપ્ટ યોગ્ય નહીં જણાય તો તેઓ સીક્વલ બનાવવાનો વિચાર પડતો મૂકશે.




### નવાઝુદ્દીન સિદ્દીકી બોલિવૂડના શ્રેષ્ઠ અભિનેતાઓમાંના એક છે

# નવાઝુદ્દીન સિદ્દીકી કોસ્ટારિકામાં મગરોથી ભરેલા તળાવમાં તર્યા

નવાઝુદ્દીન સિદ્દીકી બોલિવૂડના શ્રેષ્ઠ અભિનેતાઓમાંના એક છે. તેમણે બોલિવૂડમાં ઘણા મહાન પાત્રો ભજવ્યા હતા, હવે તેમની ફિલ્મ કોસ્ટાઓ ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહી છે. ચાહકો તેમની ફિલ્મને લઈને ખૂબ જ ઉત્સાહિત છે.બોલિવૂડ અભિનેતા નવાઝુદ્દીન સિદ્દીકી ઉદ્યોગના શ્રેષ્ઠ અભિનેતાઓ માંના એક છે. તેમણે પોતાના કરિયરમાં ઘણી શાનદાર ફિલ્મો કરી છે. હવે નવાઝુદ્દીન સિદ્દીકીની ફિલ્મ કોસ્ટાઓ ટૂંક સમયમાં ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થવા જઈ રહી છે. નવાઝુદ્દીનની ફિલ્મને લઈને ચાહકો ખૂબ જ ઉત્સાહિત છે. ફિલ્મના દિગ્દર્શક સેઝલ શાહે જણાવ્યું હતું કે નવાઝુદ્દીન સિદ્દીકીએ આ ફિલ્મના બધા સ્ટંટ પોતે કર્યા છે. આ ફિલ્મ માટે, તે પોતે મગરોથી ભરેલા તળાવમાં તર્યો હતો.એક અહેવાલ મુજબ, દિગ્દર્શક સેઝલ શાહે ખુલાસો કર્યો કે નવાઝુદ્દીન સિદ્દીકીએ પોતે ફિલ્મ માટે સ્ટંટ કર્યા હતા. દિગ્દર્શકે જણાવ્યું કે કોસ્ટાઓ માટે, નવાઝુદ્દીન સિદ્દીકી પોતે મગરોથી ભરેલા તળાવમાં તર્યા હતા.તેમણે કહ્યું કે ફિલ્મની ટીમ ઈચ્છતી હતી કે ફિલ્મમાં બધી જ એક્શન વાસ્તવિક અને સાચી દેખાય, આ માટે નવાઝુદ્દીન સિદ્દીકી સહિત તમામ કલાકારોએ ખૂબ મહેનત કરી છે. આ ફિલ્મ માટે નવાઝુદ્દીન સિદ્દીકીએ કેટલાક અઠવાડિયા સુધી બોક્સિંગ અને દોડવાની તાલીમ લીધી.મગરોથી ભરેલા તળાવમાં તરવા અંગે સેજલે કહ્યું કે તે (નવાઝુદ્દીન સિદ્દીકી) તાલીમ પામેલો તરવૈયો નથી છતાં તેણે સ્ટંટ જાતે કરવાની ઓફર કરી. સેઝલે કહ્યું, નવાઝુદ્દીન હંમેશા મુશ્કેલ દ્રશ્યો લેતો હતો. ફિલ્મમાં એક ક્ષણ એવી છે જ્યાં તેને તળાવમાં કૂદવાનું હોય છે, પરંતુ તળાવમાં મગર હતા.



કાળીમહુડી, મોટી હાંડી, નાની હાંડી, પારેવા અને આંબા પ્રાથમિક શાળાનું ખાતમુર્હુત કરવામાં આવ્યું

# ઝાલોદ તાલુકા ધારાસભ્ય મહેશ ભુરીયા દ્વારા ૪ કરોડ ૬૭ લાખ ખર્ચે સ્કૂલના નવીનઓરડા ખાતમુર્હુત કર્યું

। (પ્રતિનિધી) વિરમગામ, તા.૧ ।



ઝાલોદ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય દ્વારા ૩૦-૦૪-૨૦૨૫ બુધવારના રોજ પાંચ અલગ અલગ વિસ્તારોમાં પ્રાથમિક શાળાઓનુ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ઝાલોદ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયાનુ સ્વાગત અલગ અલગ સ્કૂલોમાં ગ્રામજનો, સરપંચ, આગેવાનો તેમજ સ્કૂલોના આચાર્યો દ્વારા કરવામાં આવ્યું હતું. આજરોજ ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા કાળી મહુડી ગામે કાળીમહુડી પ્રાથમિક શાળામાં ૮૮ લાખના ખર્ચે ૮ નવીન ઓરડાનું ખાતમુર્હૂત કરવામાં આવ્યું, મોટી હાંડી ગામે મોટી હાંડી પ્રાથમિક શાળામાં ૪૪ લાખના ખર્ચે નવીન ૪ ઓરડાનું ખાતમૂર્હત કરવામાં આવ્યું, નાની હાંડી ગામે નાનીહાંડી પ્રાથમિક શાળામાં એક કરોડ ૧૬૫ લાખના ખર્ચે નવીન ૧૫ ઓરડા નું ખાતમૂર્હત કરવામાં આવ્યું,પારેવા ગામે પારેવા પ્રાથમિક શાળામાં ૯૯ લાખ રૂપિયાના ખર્ચે નવીન ૯ ઓરડાનું ખાતમૂર્હત કરવામાં આવ્યું,આંબા ગામે અંબા પ્રાથમિક શાળામાં ૭૧ લાખના ખર્ચે નવીન ૬ ઓરડા નું ખાતમૂર્હત કરવામાં આવ્યું. ઝાલોદ વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ વિવિધ ગામ ખાતે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોને વધુ સારી સુવિધા મળી રહે તે હેતુથી સમગ્ર શિક્ષા અંતર્ગત રૂ.૪૬૭ લાખના માતબર ખર્ચે ૪૨ ઓરડાઓનું ખાતમુહૂર્ત કર્યું.આ નવીન ઓરડાઓનું સકારાત્મક અને ઉર્જાસભર વાતાવરણ વિદ્યાર્થીઓના ભણતરને વધું સુદ્રઢ બનાવશે.આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય લલિતભાઈ ભુરીયા, કૃષ્ણરાજ ભુરીયા,તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી,તાલુકા સદસ્ય,સરપંચ શાળાના આચાર્ય અને સ્ટાફગણ તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## ભારતીય સંસ્કૃતિની દુલ્હન જ્વેલરી ને વૈશ્વિક ઓળખ અપાવતી નિધિ શાહ વોરા (ARNI Fashion)



। વિરમગામ, તા.૧ ।

દક્ષિણ અમેરીકાના શાંટીઆગો ખાતે **Runway 7** આયોજીત **Chile Fashion Show** માં ભારતીય પરંપરાગત સંસ્કૃતિની ભાતીગળ ડીઝાઈન આધારીત દુલ્હન આભુષણો **(bridal Jewellery)** ને ભારતીય મોડલ્સ ધ્વારા નોર્થ કેરોલીના (શાર્લોટ શહેર) સ્થિત અમદાવાદની ફેશન ડીઝાઈનર નિધિ શાહ વોરા એ **'ARNI Fashion Design'** ના માધ્યમથી રજૂ કરી વધુ પ્રગતિનું સ્થાન સિદ્ધકરેલ છે જે ભારતીય મૂળના નિવાસીઓ તથા આભુષણપ્રેમી વિદેશીઓમાં પ્રશંસિત પામેલ છે.

નિધિ શાહ એ પોતાની કાબેલીયત તથા આગવી સુઝબુજ થી મિલાન(**Italy**), પેરીસ (ફ્રાંસ) તથા ન્યુયોર્કના સફળ ફેશન શૉ માં ગુજરાતી તથા ભારતીય પોશાક તથા દુલ્હન જ્વેલરીને વૈશ્વિક વિરાસત તરીકે જાણીતું કરી વિદેશી ફેશન મેગેઝીનમાં સ્થાન પ્રાપ્ત કરી **'Chile Santiago'** ફેશન શો પણ પૂર્ણ કરેલ છે.

**'ARNI Fashion'** આગામી કેન્સ ફેસ્ટીવલ (ફ્રાન્સ) મે-૨૦૨૫, ન્યુયોર્ક ફેશન શો- સપ્ટેમ્બર-૨૦૨૫ તથા અમીરાત ફેશન વીક (દુબઈ)-નવેમ્બર-૨૦૨૫ માં ભારતીય પરંપરાની વધુ એક ઓળખ આપવા જઈ રહેલ છે.

# ઝાલોદ વિશ્વકર્મા મંદિરનો ૪૮ મો વાર્ષિક પાટોત્સવ ભજન કીર્તન-સમૂહ આરતી સાથે ધામધૂમ થી યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

ઝાલોદ પંચાલ સમાજ દ્વારા વર્ષ ૧૯૭૭ માં વિશ્વકર્મા મંદિરની સ્થાપના અખાત્રીજના પાવન દિવસે કરવામાં આવી હતી. નગરના પંચાલ સમાજ દ્વારા જ્ઞાતિબંધુઓની ઉપસ્થિતિ હેઠળ દર વર્ષે પાટોત્સવની ઉજવણી કરવામાં આવતી હોય છે.



૩૦-૦૪-૨૦૨૫ અક્ષય તૃતીયાંના પાવન દિવસે સાંજે સાત વાગે પંચાલ સમાજની બહેનો દ્વારા મંદિરના પાટોત્સવની ઉજવણી પ્રસંગે ભજનની રમઝટ બોલાવી હતી.ત્યારબાદ સમૂહ આરતી તેમજ મહાપ્રસાદનુ આયોજન પણ પંચાલ સમાજ દ્વારા જ્ઞાતિબંધુઓ માટે કરવામાં આવ્યું હતું. આજના આ ઉત્સવમાં વિશ્વકર્મા કારોબારી સમિતિ, પંચાલ યુવક મંડળ તેમજ પંચાલ મહિલા મંડળ દ્વારા પાટોત્સવ નિમિતે કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. પંચાલ સમાજના લોકો મોટા પ્રમાણમાં ઉપસ્થિત રહી સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા નોટિસ બોર્ડ પર ગરમીથી બચવાના ઉપાયો લખવામાં આવ્યા

# વિરમગામ તાલુકામાં જાહેર નોટિસ બોર્ડ પર ગરમીથી બચવાના ઉપાયો લખી જનજાગૃતિ કરવામાં આવી

। વિરમગામ, તા.૧ ।



સામાન્ય રીતે એવી માન્યતા છે કે ગામના જાહેર નોટિસ બોર્ડ પર લખવામાં આવતી સૂચના તરફ ગામના લોકો વિશેષ ધ્યાન આપતા હોય છે ત્યારે આરોગ્ય વિભાગના અધિકારીઓ કર્મચારીઓ દ્વારા ગરમી અંગે જનજાગૃતિ કરવા માટે ગામના જાહેર નોટિસ બોર્ડનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શૈલેષ પરમાર અને જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો.ચિંતન દેસાઈના માર્ગદર્શન હેઠળ વિરમગામ તાલુકાના વિવિધ ગામમાં આવેલા જાહેર નોટીસ બોર્ડ પર આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા ગરમીથી બચવાના ઉપાયો લખી જનજાગૃતિ કરવામાં આવી છે.

વિરમગામ તાલુકાના જાહેર નોટિસ બોર્ડ પર લખવામાં આવ્યું છે કે, લુ અને ગરમીથી બચવા આટલુ કરો. (૧) વધુ ગરમીમાં બિનજરૂરી બહાર જવું નહી. (૨) વધુ પ્રમાણમાં પ્રવાહીનો ઉપયોગ કરવો જેવા કે લીબુ શેરડીનો રસ, તાજા ફળોનો રસ પાણી, ઓ.આર.એસ શરબત, વગેરે. (૩) લાંબો સમય સુધી તડકામાં ઊભા રહેવું નહી. (૪) આખું શરીર ઢંકાય તેવા કપડાં પહેરવા. (૫) આંખો પર ગોગલ્સ પહેરવા, માથા પર ટોપી પહેરવી (૬) ભીના કપડાંથી માથું ઢાંકી રાખવું. (૭) નાનાં બાળકો, સગર્ભા સ્ત્રી, વૃદ્ધોએ ગરમીમાં બહાર નીકળવું નહી. લાંબો સમય ભૂખ્યા રહેવું નહીં. (૮) ખુલ્લા પગે તડકામાં ચાલવું નહી. (૯) માથાનો દુખાવો, બેચેની, ઊલટી-ઉબકા, તાવ વગેરે જેવાં લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરાવી સલાહ અને સારવાર લેવી.

# આજે નવસારીના ટાટા હોલ આશાનગર ખાતે યોગ સંવાદનું આયોજન

। (પ્રતિનિધી) નવસારી, તા.૧ ।

આપણા દેશના લોકલાડીલા અને ગુજરાતના પનોતા પુત્ર માનનીય વડાપ્રધાનશ્રીના પ્રયાસો થી સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિન ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે રમત ગમત વિભાગ હેઠળ ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના કરવામાં આવેલ જેનો હેતુ સમગ્ર ગુજરાતમાં લોકો નિરોગી રહે અને દરેક નાગરિક સ્વસ્થ જીવનશૈલી જીવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે જે સંદર્ભે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા "સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાન" અંતર્ગત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અન્વયે નવસારીમાં આજે તારીખ ૦૨-૦૫-૨૦૨૫,શુક્રવારના રોજ સાંજે ૦૩ થી ૦૬ વાગ્યા દરમિયાન ટાટા હોલ આશાનગર નવસારી ખાતે યોગ સંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ તારીખ ૦૩-૦૫-૨૦૨૫,શનિવારના રોજ સવારના ૦૫.૩૦ થી ૦૭.૩૦ કલાક દરમિયાન લુનસીકુઈ ગ્રાઉન્ડ પર ચેરમેનશ્રી યોગ સેવક શિશપાલજી ગુજરાત રાજ્ય યોગ બોર્ડની અધ્યક્ષતામાં યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરનો હેતુ લોકોને માનસિક અને શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે આવનારી પેઢીમાં યોગ અંગેની જાગૃતતા આવે અને લોકો યોગ કરતા થાય તે માટે યોગ શિબિરમાં નવસારી જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે નવસારી જિલ્લામાં કાર્યક્રમ થશે.

# સુરત જિલ્લા પંચાયત દ્વારા વેરા વસુલાત ઝુંબેશમાં ૧૦૦% વસુલાત કરનાર ૬૮ ગ્રામ પંચાયતોને સન્માનપત્ર એનાયત

। (માહિતી) સુરત, તા.૧ ।



સુરત જિલ્લા પંચાયત દ્વારા છેલ્લા ત્રણ માસથી સમગ્ર જિલ્લામાં વેરા વસુલાતને વધારવા માટે ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. આ ઝુંબેશના અમલમાં તાલુકાવાર નોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી હતી તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી શિવાની ગોયલના માર્ગદર્શન હેઠળ સમયાંતરે સમીક્ષા બેઠક અને તાલીમ સેમિનારો યોજવામાં આવ્યા હતા.આ પ્રયાસોના પરિણામે જિલ્લાની કુલ રૂ.૯૦ કરોડથી વધુની વેરા વસુલાત થવા પામી છે,જે રાજ્યમાં પ્રથમ ક્રમની સિદ્ધિ છે. સુરત જિલ્લાના ૩૨૧ ગ્રામ પંચાયતમાં થી ૮૦%થી વધુ વસુલાત કરવામાં સફળતા મળેલી છે, જયારે ૬૮ ગ્રામ પંચાયતોએ ૧૦૦% વસુલાત કરી અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ નોંધપાત્ર સિદ્ધિ માટે જિલ્લા પંચાયત દ્વારા તલાટી કમ મંત્રીઓ અને સરપંચોનું નો વિશેષ સન્માન કરાયું હતું. તેમને મહાનુભાવોના હસ્તે સન્માનપત્ર આપવામાં આવ્યા હતા. ખાસ કરીને માંડવી તાલુકાની લાખગામ અને ઉમરપાડા તાલુકાની ચિતલદા ગ્રામ પંચાયતે ન માત્ર ૧૦૦% વસુલાત કરી પરંતુ ગયા વર્ષની સરખામણીમાં પણ વધુ વસુલાત સાથે અગ્રતાક્રમ હાંસલ કર્યો. જેથી જિ.પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ અને જિ.વિકાસ અધિકારીશ્રી શિવાની ગોયલે તેમનું વિશેષ સન્માન કર્યું હતું.આ ઉપરાંત ભારુંડી (તા.ઓલપાડ), દઢવાડા (તા.માંડવી) અને હથુરણ (તા.માંગરોળ) ગ્રામ પંચાયતે પણ નોંધપાત્ર કામગીરી કરતા સન્માનપત્ર આપાયા હતા. તાલુકાવાર વસુલાતની વાત કરીએ તો બારડોલીતાલુકામાં૮૬.૪૫%વસુલાતસાથેરૂ.૮.૬૧ કરોડ, ઉમરપાડા ૭૪.૯૬% વસુલાત સાથે રૂ.૧.૦૭ કરોડ, મહુવા ૭૩.૯૭% વસુલાત સાથે ૨.૬૬ કરોડ, ચોર્યાસીમાં ૭૧.૨૦% વસુલાત સાથે ૯૧.૦૯ લાખ, માંડવી ૬૨.૯૭% વસુલાત સાથે રૂ.૪.૧૮ કરોડ, પલસાણામાં ૫૯.૦૧% વસુલાત સાથે ૧૭.૬૩ કરોડ, ઓલપાડમાં ૪૭.૬૨% વસુલાત સાથે ૧૭.૬૦ કરોડ, કામરેજ ૪૪.૭૨% વસુલાત સાથે ૧.૯૬ કરોડ અને માંગરોળ ૪૪.૨૨% ટકાવારીથી ૧૦.૩૨ કરોડ વસુલાત કરવામાં આવી છે. આ પ્રસંગે જિ.પંચાયત પ્રમુખ, જિ.વિકાસ અધિકારી, પૂર્વ જિ.પંચાયત પ્રમુખ ભાવેશ પટેલ, નાયબ જિ.વિકાસ અધિકારી જી.એ. પટેલ તેમજ સરપંચો અને તલાટીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# થરા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજનું ગૌરવ

। (પ્રતિનિધી) થરા, તા.૧ ।



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી-પાટણના આદરણીય કુલપતિશ્રી દ્વારા તાજેતરમાં યુનિવર્સિટીનાં વિવિધ ફેકલ્ટીના ડીનની પાંચ વર્ષ માટે નિમણૂંક કરવામાં આવી છે જેમાં શ્રી સેવંતીલાલ અમૃતલાલ સુરાણી વિદ્યાસંકુલ, શ્રીમતી કાન્તાબેન કીર્તિલાલ શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કોલેજ,થરાના કર્મયોગી આચાર્ય ડૉ.દિનેશ કુમાર એસ.ચારણની વિનયન વિદ્યા શાખામાં (આર્ટ્સ ફેકલ્ટી) ના ડીન તરીકે વરણી કરવામાં આવી છે. જે ફકત કાંકરેજ પ્રદેશ માટે જ નહીં, પરંતુ સમગ્ર બનાસકાંઠા જીલ્લા માટે તેમજ આનર્ત પ્રદેશ માટે ગૌરવની બાબત છે.જેઓ નિષ્ઠાપૂર્વક પોતાનો સ્વધર્મ નિભાવી,યુનિ.ની શોભામાં અભિવૃદ્ધિ કરશે. આ ગૌરવપ્રદ નિમણૂંક બદલ શ્રી કાંકરેજ તાલુકા કેળવણી મંડળ ના પ્રમુખ ધીરજકુમાર કે.શાહ, મંત્રી જીતુભાઈ શાહ, મંડળના તમામ સદસ્યઓ, અધ્યાપક-ગણ અને કર્મચારીગણ હૃદયપૂર્વકની અઢળક શુભેચ્છાઓ પાઠવે છે સવિશેષ સમગ્ર કોલેજ- પરિવાર ગૌરવની લાગણી વ્યક્ત કરે છે.

# 'આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ'ની ઉજવણીના ભાગરૂપે અમદાવાદના વિવિધ ધાર્મિક સ્થળોએ સફાઈ અભિયાન યોજાયું

। (માહિતી) અમદાવાદ, તા.૧ ।




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ દ્વારા આપવામાં આવેલા 'સહકારથી સમૃદ્ધિ' સંકલ્પનાને વૈશ્વિક સમર્થન આપતા સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૨૫ને 'આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ' જાહેર કરવામાં આવ્યું છે.

આ 'આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ'ની ઉજવણીના ભાગરૂપે આજે તા. ૦૧ મે, ૨૦૨૫ના રોજ ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ નિમિત્તે જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ અમદાવાદ(શહેર)ની કચેરી દ્વારા અમદાવાદના ધાર્મિક સ્થળો લક્ષ્મીમાતાજીનું મંદિર, હીરામણિ સ્કૂલ, વૈષ્ણોદેવી સ્કૂલ, બળિયાદેવનું મંદિર, લાંભા, મહાદેવજીનું મંદિર, થલતેજ, પ્રેરણાતીર્થ દેરાસર, જોધપુર ગામ અને ઈસ્કોન મંદિર, એસ.જી. હાઈવે ઉપર સવારે ૦૮:૦૦થી ૧૦:૦૦ કલાક સુધી સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ત્યારે શહેરના ઈસ્કોન મંદિર વેજલપુરના ધારાસભ્ય શ્રી અમિત ઠાકર પણ આ સફાઈ અભિયાનમાં સહભાગી થયા હતા. વિવિધ ધાર્મિક સ્થળોએ આયોજિત આ કાર્યક્રમમાં વ્યાપક પ્રમાણમાં લોકો જોડાય અને સમાજમાં સહકારની ભાવનાનો ફેલાવો થાય; તેમજ મહાત્મા ગાંધી દ્વારા આપવામાં આવેલો 'સ્વચ્છતા એ જ સેવા'નો મંત્ર સાર્થક થાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. સફાઈ અભિયાનના આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સહકારી સભાસદો, મંડળી સાથે જોડાયેલા લોકો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....



### મેષ (અ,લ,ઇ) :

આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે. યાદ રાખો આપણે અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા જ આપણા જીવનને અર્થસભર બનાવીએ છીએ.



### વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. મતભેદોને કારણે અંગત સંબંધો તૂટી શકે છે.



### મિથુન (ક,છ,ઘ) :

આજે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે- જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે.



### કર્ક (ડ,હ) :

આજના દિવસે સવારે કરવામાં આવેલ યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો.



### સિંહ (મ,ટ) :

સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. સાવધાન રહો કેમ કે કોઈક તમારી છબીને બટ્ટો લગાડવાની કોશિષ કરી શકે છે. ઓફિસ માં આજ તમારે સ્થિતિ ને સમજી ને વર્તન કરવું જોઈએ? જો બોલવા નું જરૂરી ના હોય તો શાંત રહો.



### કન્યા (પ,ઠ,ણ) :

આજે તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે.



### તુલા (ર,ત) :

આજે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. જો આખા પરિવારનો સમાવેશ થતો હોય તો મનોરંજન ખરેખર રસપ્રદ સાબિત થશે.



### વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે તમારા વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. સાંજના સમયે એકાએક મળેલા સારા સમાચાર આખા પરિવાર માટે ખુશી તથા હર્ષોલ્લાસ લાવશે. ગુપ્ત બાબતો તમારી પ્રતિષ્ઠાને હાનિ કરી શકે છે.



### ધન (ભ,ધ,ફ) :

આજે કોઈ વાત પર નિરાશ ન થાવ. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારી સિદ્ધિઓ તમારા પરિવારના સભ્યોનું મનોબળ વધારશે અને તમારી પ્રતિષ્ઠામાં એક નવા ઘરેણાનો વધારો થશે. તમારી જાતને અન્યો માટે રૉલ મૉડૅલ બનાવવા માટે સખત મહેનત કરો.



### મકર (ખ,જ) :

આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? કામનું ટૅન્શન તમારા મગજને ઘેરી વળશે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નહીં બચે. તમારૂં પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે. વ્યાપારી ભાગીદારો સહકારપૂર્વક વર્તશે અને તમે સાથે મળીને અધૂરાં કાર્યો પૂરાં કરશો.



### કુંભ (ગ,શ,સ) :

આજે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.



### મીન (દ,ચ,ઝ,થ) :

આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાય? જયારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. આખા બ્રહ્માંડની તમામ ખુશીઓ એ બે વ્યક્તિઓ વચ્ચે હોય છે જેઓ એકમેકના પ્રેમમાં હોય છે.

# દિવ્યાંગો માટે ડિજિટલ KYCની માર્ગદર્શિકા સુધારોઃ સુપ્રીમનો આદેશ

## તમામ નબળા, વંચિત વર્ગો માટે સરકારી પોર્ટલ, ફાઇનાન્સિયલ સર્વિસ સાર્વત્રિક રીતે સુલભ બનાવવાનો પણ સુપ્રીમનો આદેશ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

સુપ્રીમ કોર્ટે દિવ્યાંગ અને એસિડ હુમલાના પીડિતો માટે ડિજિટલ KYC માર્ગદર્શિકામાં સુધારો કરવાનો આદેશ આપીને જણાવ્યું હતું કે ડિજિટલ સુલભતાનો અધિકાર બંધારણની કલમ ૨૧ હેઠળ જીવનના અધિકારનો સહજ હિસ્સો છે. સર્વોચ્ચ અદાલતે આ બાબતે ૨૦ દિશાનિર્દેશો જારી કર્યા હતાં તથા તમામ સરકારી પોર્ટલ, લર્નિંગ પ્લેટફોર્મ અને નાણાકીય ટેકનોલોજી સેવાઓ તમામ નબળા અને વંચિત વર્ગો માટે સાર્વત્રિક રીતે સુલભ બનાવવાનો પણ આદેશ આપ્યો હતો. ન્યાયાધીશ જેબી પારડીવાલા અને આર મહાદેવનની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે અંધ અને એસિડ એટેક બચી ગયેલા લોકો સહિત વિકલાંગ લોકો માટે ડિજિટલ કેવાયસી માર્ગદર્શિકામાં ફેરફાર જરૂરી છે, કારણ કે તેઓ કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરી શકતા નથી અને બેંક ખાતા ખોલવા જેવી સુવિધાઓ અને સરકારની યોજનાઓનો લાભ લઈ શકતા નથી.આવા KYC પ્રોસેસમાં તેઓ માથુ હલાવવું અને ચહેરાનું સ્થાન બદલવું જેવી વિઝ્યુઅલ પ્રક્રિયા કરવી પડે છે. આવા કાર્યો તેઓ ચહેરાની ક્ષતિ અને વિકૃતિને કારણે કરી શકતા નથી. તેના પરિણામ દિવ્યાંગો તેમની ઓળખ સ્થાપિત કરવામાં, બેંક ખાતા ખોલવામાં, આવશ્યક સેવાઓનો ઉપયોગ કરવામાં અથવા સરકારી યોજનાઓનો લાભ લેવામાં વિલંબ થાય છે અથવા લઈ શકતા નથી. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં દિવ્યાંગોની મુશ્કેલીઓને હાઈલાઈટ કરીને ખંડપીઠે જણાવ્યું હતું કે હેલ્થકેર જેવી આવશ્યક સેવાઓ હવે વધુને વધુ પ્રમાણ ડિજિટલ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ બની રહી છે. કલમ ૨૧ હેઠળ જીવન જીવનના અધિકારનું ટેકનોલોજીની વાસ્તવિકતાના સંદર્ભમાં અર્થઘટન કરવું જોઈએ.

### ૧૪૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતાં ઝાડ, વીજળીના થાંભલા તૂટ્યા

# USમાં વાવાઝોડું, વીજળી ગુલ ૫ લાખ લોકો અંધારામાં રહ્યા

## નેશનલ વેધર સર્વિસના પિટ્સબર્ગ ઓફિસે જણાવ્યું હતું કે સમગ્ર પ્રદેશમાં વિનાશક પવનથી નુકસાન જોવા મળ્યું હતું

। (એજન્સી) પિટ્સબર્ગ, તા.૧ ।

અમેરિકાના મધ્ય-પશ્ચિમ ભાગમાં હવામાન સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. એક શક્તિશાળી વાવાઝોડાને કારણે ઝાડ અને વીજળીના તાર તૂટી પડતા પેન્સિલવેનિયા, ઓહિયો અને પડોશી રાજ્યોમાં ૫ લાખથી વધુ ગ્રાહકો અંધારામાં રહ્યા હતા. જ્યારે બે લોકો વીજળીનો કરંટ લાગવાથી મૃત્યુ પામ્યા છે. પેન્સિલવેનિયામાં ૪૪૦,૦૦૦થી વધુ ગ્રાહકો અને ઓહિયોમાં અન્ય ૫૦,૦૦૦ ગ્રાહકો અંધારામાં હતા. જ્યારે મિશિગન, ન્યૂયોર્ક અને વેસ્ટ વર્જિનિયા સહિતના પડોશી રાજ્યોમાં પણ હજારો લોકોએ પાવર કટનો સામનો કરવો પડ્યો હતો.સ્ટેટ કોલેજ વિસ્તારમાં ભારે હવામાનને કારણે યુટિલિટી થાંભલા પાસે લાગેલી આગને ઓલવવાનો પ્રયાસ કરતી વખતે ૨૨ વર્ષીય યુવક જ્યારે પિટ્સબર્ગમાં સાઉથ સાઈડ સ્લોપ્સ વિસ્તારમાં પણ એક વ્યક્તિને કરંટ લાગતા ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. એટલું જ નહીં, ઘણા વૃક્ષો અને યુટિલિટી લાઈનોને પણ



નુકસાન થયું હતું. નેશનલ વેધર સર્વિસના પિટ્સબર્ગ ઓફિસે જણાવ્યું હતું કે સમગ્ર પ્રદેશમાં વિનાશક પવનથી નુકસાન જોવા મળ્યું હતું. ૧૪૫ કિમી પ્રતિ કલાક સુધીની ઝડપે ફૂંકાયા હતા, જે આ પ્રદેશમાં સામાન્ય રીતે જોવા મળતા ઘણા EF0 અને EF1 ટોર્નેડો કરતા વધુ મજબૂત છે. રાષ્ટ્રીય હવામાન સેવાએ ચેતવણી આપી હતી કે ભારેથી વધુ વરસાદને કારણે દક્ષિણ મેદાનોના ભાગોમાં પૂર આવી શકે છે, જેમાં રેડ રિવર વેલીથી પશ્ચિમ અરકાનસાસ સુધી સૌથી વધુ જોખમ છે. ઉત્તર મધ્ય ટેક્સાસથી સમગ્ર પ્રદેશ અને લ્યુઈસિયાનામાં ભારે વાવાઝોડા શક્ય છે, જેમાં કરા સાથે વરસાદ, પવન અને ટોર્નેડોનો સમાવેશ થાય છે.

# ભારત અને પાકિસ્તાનને તંગદિલીમાં વધારો ન કરવા અમેરિકાનો અનુરોધ

## વિદેશ પ્રધાન માર્કો રુબિયો આજે કે કાલે વહેલી તકે પાકિસ્તાન અને ભારતના વિદેશ પ્રધાનો સાથે વાતચીત કરવાની અપેક્ષા રાખે છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા જતાં તણાવ વચ્ચે અમેરિકાએ બંને દેશોને તંગદિલીમાં વધારો ન કરવાનો અનુરોધ કરતાં જણાવ્યું હતું કે દુનિયા આ જોઈ રહી છે. અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયો આજે કે કાલે વહેલી તકે બંને દેશોના વિદેશ પ્રધાનો સાથે વાતચીત કરશે.મંગળવારે એક પ્રેસ બ્રીફિંગમાં અમેરિકાના વિદેશ વિભાગના ટેમી બ્રુસે જણાવ્યું હતું કે વોશિંગ્ટન કાશ્મીરની પરિસ્થિતિ અંગે ભારત અને પાકિસ્તાન બંનેનો સંપર્ક કરી રહ્યું છે અને પરિસ્થિતિને વધુ ખરાબ ન કરવા કહી રહ્યું છે. વિદેશ પ્રધાન માર્કો રુબિયો આજે કે કાલે વહેલી તકે પાકિસ્તાન અને ભારતના વિદેશ પ્રધાનો સાથે વાતચીત કરવાની અપેક્ષા રાખે છે. તેઓ બીજા દેશોના રાષ્ટ્રીય નેતાઓ અને વિદેશ પ્રધાનોને આ મુદ્દા પર ભારત -પાકિસ્તાનનો સંપર્ક કરવા માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે. દરરોજ પગલાં લેવામાં આવી રહ્યાં છે. આ કિસ્સામાં વિદેશ પ્રધાન ભારત અને પાકિસ્તાનમાં તેમના સમકક્ષો સાથે સીધી વાતચીત કરશે. પાકિસ્તાન અમેરિકા વતી આ ગંદુ કામ (ત્રાસવાદને પ્રોત્સાહન) કરી રહ્યું છે તેવા પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફના નિવેદન અંગેના સવાલનો સીધો જવાબ આપવાનો ઈનકાર કરતાં પ્રવક્તાએ જણાવ્યું હતું કે હું અહીં ફક્ત એક જ મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છું કે વિદેશ પ્રધાન બંને દેશોના વિદેશ પ્રધાનો સાથે વાતચીત કરવાના છે. અમે આ સમગ્ર વિસ્તારમાં ગતિવિધિઓ પર દેખરેખ રાખી રહ્યાં છીએ.

### પાકિસ્તાનીઓને ભારત છોડવાની છેલ્લી તારીખ ૨૯મી એપ્રિલ હતી

# ભારતમાંથી ૭૮૬ પાકિસ્તાની નાગરિકોને દેશનિકાલ, ૧૪૬૫ ભારતીય સ્વદેશ પરત

## પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારત સરકારના રાજદ્વારી નિર્ણયથી પાકિસ્તાનની મુશ્કેલી વધી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

પહેલગામ આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારના આદેશ પછી છેલ્લા છ દિવસોમાં ૫૫ રાજદ્વારીઓ, તેમના આશ્રિતો અને સહાયક કર્મચારીઓની ઉપરાંત પાકિસ્તાની વીઝા ધરાવતા આઠ ભારતીય સહિત ૭૮૬ પાકિસ્તાની નાગરિકો અટારી-વાઘા સરહદ પાર કરીને ભારતમાંથી નીકળી ગયા છે, તેમ ભારતીય અધિકારીઓએ બુધવારે જણાવ્યું છે. ૨૪ એપ્રિલથી હમણાં સુધી ૨૫ રાજદ્વારીઓ અને અધિકારીઓ સહિત કુલ ૧૪૬૫ ભારતીય તથા ૧૫૧ ભારતીય નાગરિકો, જેમની પાસે ભારતીય વીઝા છે, જે પંજાબમાં સ્થિત આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને પાકિસ્તાનમાંથી ભારત આવ્યા છે. ૨૨મી એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં પાકિસ્તાની આતંકવાદીઓ દ્વારા કરાયેલા હુમલામાં ૨૬ પ્રવાસીઓના મોત થયા હતા, ત્યાર પછી ભારત સરકારે પાકિસ્તાની નાગરિકોને દેશ છોડવા માટે આદેશ આપ્યો હતો. સાર્ક વીઝા ધરાવતા પાકિસ્તાનીઓને ભારત છોડવાની છેલ્લી તારીખ ૨૬મી એપ્રિલ હતી. જ્યારે મેડિકલ વીઝા ધરાવતા પાકિસ્તાની નાગરિકોને ૨૯મી એપ્રિલની મુદત આપવામાં આવી હતી. અન્ય ૧૨ શ્રેણીઓના વીઝા ધરાવતા પાકિસ્તાની નાગરિકોને ૨૭ એપ્રિલ સુધી ભારત છોડવા માટે નોટિસ અપાઈ હતી. આ વીઝા ઓન અરાઈવલ તથા વ્યવસાય, ફિલ્મ, પત્રકાર, ટ્રાન્ઝિટ, સંમેલન, પર્વતારોહણ, વિદ્યાર્થી, પ્રવાસી, સમૂહ, તીર્થયાત્રી અને સમૂહ તીર્થયાત્રીઓ માટે હતા. નવી દિલ્હીમાં પાકિસ્તાની દૂતાવાસમાં ત્રણ સંરક્ષણ-સૈન્ય, નૌકાદળ અને વાયુસેના સલાહકારોને ૨૩મી એપ્રિલે અનિચ્છનીય વ્યક્તિ જાહેર કર્યા હતા અને તેમને ભારત છોડવા માટે એક સપ્તાહનો સમય આપવામાં આવ્યો હતો. આ સંરક્ષણ સલાહકારોને પાંચ સહાયક કર્મીઓને પણ ભારત છોડવા કહેવામાં આવ્યું છે. ભારતે પણ ઈસ્લામાબાદ સ્થિત ભારતીય દૂતાવાસમાંથી પોતાના સંરક્ષણ સાથે જોડાયેલા અધિકારીઓને પણ પરત બોલાવી લીધા છે. જોકે, લાંબાગાળાના, રાજદ્વારી કે સત્તાવાર વીઝા ધરાવનારાઓને ભારત છોડવાના આદેશમાં કેટલીક છૂટ અપાઈ છે. ભારતીય અધિકારીઓના કહેવા મુજબ ૨૯મી એપ્રિલે અટારી-વાઘા બોર્ડર ક્રોસિંગ પોઈન્ટથી ૧૦ રાજદ્વારી સહિત કુલ ૯૪ પાકિસ્તાની નાગરિકોએ ભારતમાંથી જતા રહ્યા હતા.

### દિલ્હી કેપિટલ્સનો વિપરાજ નિગમ ટીમના વળતા પ્રહાર માટે આશાવાદી

# દિલ્હી વળતો પ્રહાર કરીને મોખરાના બે ક્રમે રહેવા પ્રયાસ કરશેઃ નિગમ

। (એજન્સી) મુંબઈ, તા.૧ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૫ની સિઝનમાં ઘરઆંગણે ત્રણ પરાજય સહન કરનારી દિલ્હી કેપિટલ્સ હાલમાં ચોથા ક્રમે છે પરંતુ આ લીગમાં જે રીતે અનિશ્ચિતતા જોવા મળતી હોય છે તેને ધ્યાનમાં રાખતા દિલ્હી હાલના તબક્કે તેની કોઈ મેચને હળવાશથી લઈ શકે તેમ નથી. દિલ્હ કેપિટલ્સનો સ્પિન ઓલરાઉન્ડર વિપરાજ નિગમ પણ આ બાબતથી માહિતગાર હશે અને તેથી જ તેણે બુધવારે જણાવ્યું હતું કે તેની ટીમ માત્ર વળતા પ્રહાર માટે જ પ્રતિબદ્ધ નથી પરંતુ પ્લે ઓફમાં મોખરાની બે ટીમ તરીકે સ્થાન હાંસલ કરવા પણ પ્રયાસ કરશે.આઈપીએલમાં હાલમાં દિલ્હી કેપિટલ્સ ચોથા ક્રમે છે અને તે દસ મેચમાંથી ૧૨ પોઈન્ટ ધરાવે છે. મંગળવારે કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની મેચમાં દિલ્હી ૨૦૫ રનના ટારગેટ સામે રમી રહી હતી અને અંતે ૧૪ રનથી પાછળ રહી ગઈ હતી. આ અંગે વિપરાજ નિગમે કબૂલ્યું હતું કે કેટલાક ખેલાડીની શોટ સિલેક્શનમાં ભૂલ રહી ગઈ હતી અને અમારે મેચ ગુમાવવી પડી હતી.તેણે જણાવ્યું હતું કે આ મેચમાં વારંવાર ઉતાર ચઢાવ આવ્યા હતા અને તેને કારણે અમારે ઉતાવળમાં કેટલાક નિર્ણય લેવા પડ્યા હતા જેને કારણે સમસ્યા સર્જાઈ હતી. જોકે અમારી પાસે હજી ચાર મેચ રમવાની બાકી છે જેમાં અમે વળતો પ્રહાર કરવાનો પ્રયાસ કરીશું અને મોખરાના બે ક્રમે રહેવાની અમારી યોજના છે.દિલ્હી કેપિટલ્સ હાલમાં ચોથા ક્રમે છે અને ૧૨ પોઈન્ટ ધરાવે છે. અમારો પ્રયાસ તેમના મુખ્ય બે સ્પિનરને ટારગેટ બનાવવાનો હતો અને પહેલી બે ઓવરમાં અમે આમ કર્યુ પણ હતું પરંતુ એવો તબક્કો આવ્યો હતો જયારે અમે શોટની પસંદગીમાં ભૂલ કરી બેઠા હતા અથવા તો એવું કાંઈક બન્યું હતું જેમાં અમારા સેટ થયેલા બેટ્સમેન આઉટ થઈ ગયા હતા તેમ વિપરાજ નિગમે ઉમેર્યુ હતું.નિગમે જણાવ્યું હતું કે કોલકાતા નાઈટ રાઈડર્સ જેવી બોલિંગ સામે બેટિંગમાં ઉતરવાની સાથે જ આક્રમક બનવું આસાન હોતું નથી. આથી જ જો સેટ થયેલો બેટ્સમેન ટકી રહે અને બેટિંગ કરી હોત તો અમે આસાનીથી મેચ જીતી શકીએ તેમ હતા.દિલ્હી કેપિટલ્સ માટે ઓપનર ફાફ ડુ પ્લેસિસે ૬૨ અને કેપ્ટન અક્ષર પટેલે ૨૩ બોલમાં ૪૩ રન ફટકાર્યા ત્યાર બાદ વિપરાજ નિગમે આક્રમક બેટિંગ કરીને ૧૯ બોલમાં ૩૮ રન ફટકાર્યા હતા. જોકે ૨૦ વર્ષના આ સ્પિન ઓલરાઉન્ડર અને લેગ સ્પિનર બોલિંગમાં કાંઈ કરી શક્યો ન હતો અને તેને એકેય વિકેટ મળી ન હતી. તેણે ઉમેર્યુ હતું કે આઈપીએલ એક એવી ટુર્નામેન્ટ છે જ્યાં તમને ઉતાર અને ચઢાવ બંનેનો સામનો કરવાનો આવે છે.

# ઉ.કોરિયા વહેલામાં વહેલી તકે યુદ્ધ જહાજો ઉપર ન્યૂક્લિયર મિસાઈલ્સ ગોઠવવા માંગે છે : રીપોર્ટ

। (એજન્સી) પ્યોગ્યાંગ, તા.૧ ।

ઉત્તર કોરિયાએ ૫૦૦૦ ટનના ડીસ્ટ્રોયર શ્રેણીનું યુદ્ધ જહાજ 'ચોએ-હયોન' તરતું મૂક્યું છે. કેટલાક એક્ષપર્ટસનું માનવું છે કે તે ટૂંકા અંતરના પરમાણુ મિસાઈલ્સ પણ ધરાવતું હશે.ઉનને શસ્ત્રો બહુ જ ગમે છે. શસ્ત્રોનાં પરીક્ષણ સમયે તેઓ ત્યાં પહોંચી જ જાય છે અને નવા નવા શસ્ત્રો ઉપયોગમાં લેવાતા જુવે છે, તેની કાર્યક્ષમતા કેટલી છે તે પણ જુવે છે. તેઓએ હવે ઉ.કોરિયાનાં યુદ્ધ જહાજો ઉપર વહેલામાં વહેલી તકે પરમાણુ શસ્ત્રો ધરાવતાં મિસાઈલ્સ ગોઠવવા કહી દીધું છે.આજે તેઓ નવા વોરશિપ 'ડ્રેગન' પરની નવી 'વોરશિપ-વેપન-સીસ્ટીમ'નું પહેલું પરીક્ષણ જોવા પોતાની પુત્રી સાથે પહોંચી ગયા હતા. (એમ મનાય છે કે તેઓ તેમની સૌથી નાની પુત્રીને તેમની 'વારસ' બનાવશે).આ 'વોર શિપ વેપન-સીસ્ટીમ' એવી સીસ્ટીમ છે કે, જે ટાર્ગેટ પર હુમલો કરવા તેમજ દુશ્મન જહાજને તબાહ કરવા માટે ઉપયોગમાં લેવાય છે.આ વિકેન્ડમાં નોર્થ કોરિયાએ ૫૦૦૦ ટનની ડીસ્ટ્રોયર શ્રેણીની યુદ્ધ નૌકા ઓએ-હ્યોન તરતી મુકી હતી તે અંગે કેટલાક એક્ષપર્ટસનું અનુમાન છે કે, તે ટૂંકા અંતરના પરમાણુ શસ્ત્ર વહી શકે તેવાં મિસાઈલ્સ ધરાવતું હશે.

### મંજૂરી વિના નહિ મળે એન્ટ્રી

# પહેલગામ આતંકી હુમલા બાદ ૨૧ ટાપુ પર મૂકાયો પ્રતિબંધ

। (એજન્સી) દ્વારકા, તા.૧ ।

પહેલગામ આંતકી હુમલા બાદ સમુદ્રી સુરક્ષામાં વધારો કરાયો છે. દ્વારકા જિલ્લાની સમુદ્ર સુરક્ષામાં વધારો કરતો એક મહત્વનો નિર્ણય તંત્ર દ્વારા લેવાયો છે. દ્વારકા જિલ્લાના ૨૩ માંથી ૨૧ ટાપુ પર લોકોની અવરજવરમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. દેશમાં સૌથી મોટો દરિયાઈ વિસ્તાર ગુજરાત પાસે છે. તેમજ અનેકવાર દરિયાઈ વિસ્તારોથી દુશ્મન દેશ પોતાના મનસૂબા પાર પાડતા હોય છે. આવામાં ત્રણ તરફથી સમુદ્ર સીમાથી ઘેરાયેલો દ્વારકા જિલ્લો દેશની સુરક્ષા માટે અતિ મહત્વનો છે. તેથી દ્વારકા જિલ્લાની સુરક્ષાને ધ્યાનમાં રાખીને દ્વારકા જિલ્લામાં કુલ ૨૩ માંથી ૨૧ ટાપુ પર લોકોને જવા પર તંત્રએ રોક લગાવી છે. હાલ સમુદ્ર સીમામાં મરીન પોલીસ , ફોરેસ્ટ , કોસ્ટ ગાર્ડ સહિત ની એજન્સીઓનું સમગ્ર જિલ્લાના દરિયાઈ વિસ્તારમાં જબરજસ્ત પેટ્રોલિંગ થઈ રહ્યું છે. સમુદ્રમાં જતી તમામ બોટના ડોક્યુમેન્ટનું ચેકીંગ કરાઈ રહ્યું છે. બંદર વિસ્તારમાંથી પસાર થતા તમામ વાહનોનું ચેકીંગ કરાઈ રહ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટએ એક જાહેરનામું પ્રસિધ્ધ કરી, જિલ્લામાં આવેલા નીચે મુજબના ૨૧ ટાપુઓ જેવા કે ખંભાળિયા તાલુકા હકુમત હેઠળના ધાની ઉર્ફે ડની ટાપુ, ગાંધીયોકડો ટાપુ, કાલુભાર ટાપુ, રોઝી ટાપુ, પાનેરો ટાપુ, કલ્યાણપુર હકુમત હેઠળના ગડુ (ગારૂ) ટાપુ, સાનબેલી (શિયાળી) ટાપુ, ખીમરોઘાટ ટાપુ, દ્વારકા હકુમત હેઠળના આશાબાપીર ટાપુ, ભૈદર ટાપુ, ચાંક ટાપુ, ધબધબો (દબદબો) ટાપુ, દીવડી ટાપુ, સામીયાણી ટાપુ, નોરૂ ટાપુ, માન મરૂડી ટાપુ, લેફા મરૂડી ટાપુ, લંધા મરૂડી ટાપુ, કોઠાનું જંગલ ટાપુ, ખારા મીઠા ચુષ્ણા ટાપુ અને કુડચલી ટાપુ ઉપર જે તે ટાપુની મહેસુલી હકુમત ધરાવતા મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેના ઉપરી અધિકારીની લેખીત પુર્વ મંજુરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકયો છે. દ્વારકા જિલ્લા કલેકટરે જાહેરનામું પ્રસિદ્ધિ કર્યા મુજબ ૨૯/૫/૨૦૨૫ સુધી ૨૧ ટાપુ પર અવર જવર પર પ્રતિબંધ લગાવાયો છે. દ્વારકાનું જગત મંદિર વિશ્વ પ્રખ્યાત છે, તેમજ દ્વારકામાં બ્લ્યૂફ્લેગનો શિવરાજપુર બીચ પણ આવેલો છે.

## વિશેષ

### જિલ્લા રજિસ્ટ્રાર (રૂરલ) દ્વારા કાર્યક્ષેત્રના તમામ તાલુકામાં સફાઈ અભિયાનનું આયોજન કરાયું

# 'આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ'ની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ ગ્રામ્ય વિસ્તારોના ધાર્મિક સ્થળે સફાઈ અભિયાન યોજાયું

। અમદાવાદ ।

'આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ' અને 'ગુજરાત સ્થાપના દિવસ'ની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ ગ્રામ્ય વિસ્તારોમાં પણ ધાર્મિક સ્થળો ખાતે સફાઈ અભિયાન યોજાયું હતું. જિલ્લા રજિસ્ટ્રાર (રૂરલ) અમદાવાદ દ્વારા તેઓના કાર્યક્ષેત્રમાં આવતા તાલુકા અને ગ્રામ્યમાં ધાર્મિક સ્થળો ખાતે સફાઈ અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સફાઈ અભિયાન તાલુકા સ્થિત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને ખરીદ વેચાણ સંઘના સંયુક્ત ઉપક્રમે કરાયું હતું.

જે અંતર્ગત ધોળકા ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ધોળકા દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર તથા આસપાસના





વિસ્તારમાં સફાઈ અભિયાન યોજાયું હતું. જેમાં સ્થાનિક ધારાસભ્ય શ્રી કિરીટસિંહ ડાભી અને એપીએમસી ના વાઈસ ચેરમેન, ડિરેક્ટર તથા નગરપાલિકા પ્રમુખ જેવા વિવિધ મહાનુભાવો સફાઈ અભિયાનમાં સહભાગી થયા હતા.

બાવળા ખાતે ખેતીવાડી ઉત્પ્ન બજાર સમિતિ, બાવળા દ્વારા શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિર તથા આસપાસના વિસ્તારોમાં સફાઈ અભિયાન કરાયું હતું. જેમાં જિલ્લા રજિસ્ટ્રારશ્રી સ.મં. (રૂરલ) અમદાવાદ, એપીએમસીના વાઈસ ચેરમેન શ્રી લાલુભાઈ ડાભી તથા ડિરેક્ટર્સ અને જિલ્લાના આગેવાનો, બાવળા તાલુકાના પંચાયતના પ્રમુખ, નગરપાલિકાના પ્રમુખ અને સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

સાણંદ ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, સાણંદ દ્વારા શંકરવાડી (હનુમાનજીનું મંદિર) ખાતે સાફ સફાઈનું આયોજન કરવામાં આવેલ. જેમાં અમદાવાદ જિલ્લા ભાજપ પ્રમુખશ્રી – શૈલેષભાઈ દાવડા, સાણંદ તાલુકા ભાજપ પ્રમુખશ્રી, બજાર સમિતિના ડિરેક્ટરશ્રી અને સ્ટાફગણ હાજર રહી મંદિરની સાફ સફાઈ કરવામાં આવી હતી. વિરમગામ ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વિરમગામ દ્વારા ગાયત્રી મંદિર તથા ખોડિયાર માતાજીના મંદિર ખાતે સાફ સફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બજાર સમિતિના ચેરમેનશ્રી ભરતસિંહ સિંધવ, વાઈસ ચેરમેનશ્રી હસમુખભાઈ પટેલ તથા ડિરેકટરશ્રી અને સ્ટાફગણ દ્વારા મંદિરની સાફ સફાઈ કરાઈ હતી.

માંડલ ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, માંડલ દ્વારા વાવેશ્વર મહાદેવ મંદિર ખાતે સાફ સફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બજાર સમિતિના ચેરમેનશ્રી મણીલાલ પટેલ તથા ડિરેકટરશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રી, તાલુકા પંચાયત પ્રમુખશ્રી, સદસ્ય તાલુકા પંચાયત, બજાર સમિતિ અને એ.ડી.સી.બેંકના સ્ટાફગણ તથા ગ્રામજનો દ્વારા મંદિરની સાફ સફાઈ કરવામાં આવી હતી. રામપરા-દેત્રોજ ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, રામપુરા – દેત્રોજ દ્વારા તથા બજાર સમિતિ, ધંધુકા દ્વારા અનુક્રમે ગોગા મહારાજનું મંદિર અને ભવાની મંદિર ખાતે સાફ સફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બજાર સમિતિના વાઈસ ચેરમેન તથા ડિરેકટરશ્રીઓ અને સ્ટાફગણ હાજર રહી મંદિરની સાફ સફાઈ કરાઈ હતી.

દસક્રોઈ ખાતે તાલુકા ખરીદ વેચાણ સંઘ લી. દસક્રોઈ દ્વારા સ્વામિનારાયણ મંદિર, બારેજા ખાતે સફાઈ અભિયાન યોજાયું હતું. જેમાં દસક્રોઈ તાલુકા ભાજપ પ્રમુખ, બારેજા નગર પાલિકા પ્રમુખ, સ્ટાફ મિત્રો તથા બારેજા સેવા મંડળીના સભાસદો દ્વારા મંદિરની સાફ સફાઈ કરવામાં આવી હતી. આ ઉપરાંત ધોળકા તાલુકા ખરીદ વેચાણ સંઘ દ્વારા નાગનાથ મહાદેવ મંદિર ખાતે સ્ટાફગણ દ્વારા સાફ સફાઈ કરવામાં આવી હતી. જ્યારે અમદાવાદ ગ્રામ્ય વિસ્તારની આશરે ૮૦ જેટલી મંડળીઓ દ્વારા ગામમાં આવેલ મંદિરોમાં સાફ સફાઈ કરવામાં આવી હતી.

## ગુજરાતના તટ નજીક નૌસેનાનું ગ્રીન નોટિફિકેશન

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

પહલગામમાં આતંકી હુમલો થયા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ થઈ ગઈ છે. એકતરફ ભારત સરકારે સેનાને તમામ પ્રકારની છૂટ આપી છે, તો બીજીતરફ પાકિસ્તાન પણ યુદ્ધના ભયથી એલર્ટ થઈ ગયું છે. ભારતીય નૌકાદળે સુરક્ષાના ભાગરૂપે ગઈકાલથી ગુજરાતના તટ નજીક મોટાપાયે સૈન્ય અભ્યાસ શરૂ કરી દીધો છે. આ સૈન્ય અભ્યાસ ૩૦ એપ્રિલથી ત્રણ મે સુધી ચાલશે. આ દરમિયાન કોઈપણ અસામાન્ય પ્રવૃત્તિને લઈ યુદ્ધજહાજોને એલર્ટ પર રખાયા છે. ભારતીય નૌકાદળએ તાજેતરમાં જ દૂર દૂર સુધીના ટાર્ગેટ પર સટિક હુમલાની તૈયારીના ભાગરૂપે મિસાઈલોનું ટેસ્ટિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન યુદ્ધજહાજોથી અનેક એન્ટી-શિપ મિસાઈલ ફાયરિંગ કરી સફળતા પૂર્વક ટેસ્ટિંગ કરાયું હતું.

## સુરતમાં પકડેલા ૧૫૦ શંકાસ્પદમાંથી ૧૦૦થી વધુ બાંગ્લાદેશી નીકળ્યા

। (એજન્સી) સુરત, તા.૧ ।

સુરતમાં ઓપરેશન બાંગ્લાદેશ અંતર્ગત ઝડપાયેલા ૧૫૦ શંકાસ્પદમાંથી ૧૦૦થી વધુ બાંગ્લાદેશી હોવાનો ઘટસ્ફોટ થયો છે, જેમાં ૪૫થી વધુ મહિલાઓ છે તથા ૫૦ લોકોના મોબાઈલમાંથી બાંગ્લાદેશનાં નંબર-ચેટ પણ મળ્યાં છે. ઝડપાયેલા બાંગ્લાદેશીઓ એજન્ટની મદદથી ભારતની સરહદ ક્રોસ કરીને ગેરકાયદે રીતે ભારતમાં ઘૂસ્યા હતા. તેઓ સુરત શહેરમાં વિવિધ ભાગોમાં છુપાઈને રહેતા હતા.ઓપરેશન દરમિયાન અન્ય ૫૦ શંકાસ્પદ લોકોના મોબાઈલમાંથી પણ બાંગ્લાદેશના નંબર અને ચેટ મળ્યાં છે, હાલમાં તમામ ઝડપાયેલા બાંગ્લાદેશીઓને સુરતના ભિક્ષુક ગૃહમાં રાખવામાં આવ્યા છે. અહીં દરેકની ઓળખ પુષ્ટિ કરવા માટે તમામ દસ્તાવેજોની તપાસ કરાઈ રહી હતી.

### ગુજરાત ગૌરવ દિવસનો રાજ્ય ઉત્સવ – ગોધરા

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત પોલીસ દ્વારા યોજાયેલ પોલીસ એક્સ્પો - ૨૦૨૫ની લીધી મુલાકાતઃ પોલીસ ફોર્સના આધુનિક શસ્ત્રોનું કર્યું નિરીક્ષણ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ગુજરાત ગૌરવ દિવસ ૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે ગુજરાત પોલીસ દ્વારા પોલીસ એક્સ્પો - ૨૦૨૫ અંતર્ગત શસ્ત્ર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ શસ્ત્ર પ્રદર્શનની મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે મુલાકાત લઈ આધુનિક શસ્ત્રોનું નિરીક્ષણ કર્યું હતું. પોલીસ એક્સ્પો શસ્ત્ર પ્રદર્શનમાં ચેતક કમાન્ડો ફોર્સ દ્વારા નોનલીથલ વેપનથી માંડી ૧૦૦૦ મીટર સુધી મારક ક્ષમતા ધરાવતા આધુનિક હથિયારોનુ પ્રદર્શન કરવામાં આવ્યું છે. બી.ડી.ડી.એસ. સ્કવોડના ૬ સ્ટોલ્સ થકી એક્સ્પ્લોઝીવની જાણકારી આપવા હેતુસર તમામ પ્રકારના આઈ.ઈ.ડી. (IED)ના ડીવાઈસ તેમજ સર્ચિંગ ઈકવીપમેન્ટ અને ડીસ્પોઝલ ઈકવીપમેન્ટસ પ્રદર્શનમાં મુકવામાં આવ્યા છે.



સ્ટેટ ડીઝાસ્ટર રીસ્પોન્સ ટીમ SDRF દ્વારા ૮ સ્ટોલ્સ દ્વારા કુદરતી આપત્તિ સમયે બચાવ કામગીરીના તમામ સાધનો તેમજ ગુજરાત મરીન ટાસ્ક ફોર્સ દ્વારા ૬ સ્ટોલ્સ થકી દરીયાઈ સુરક્ષા માટેના આધુનિક હથિયાર અને ઈકવીપમેન્ટસ પ્રદર્શનમાં મુકવામાં આવ્યા છે. પંચમહાલ ટ્રાફીક પોલીસ, મહિલા પોલીસની કામગીરી તથા વાયરલેસના ઈકવીપમેન્ટસ તેમજ પોલીસ દ્વારા વપરાતા બોડી વોર્ન કેમેરા તથા આધુનિક ડ્રોન વગેરેના ૭ સ્ટોલ્સ ઉભા કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત પોલીસની સ્પેશ્યલ ફોર્સ વર્ષ ૧૯૯૨થી અસ્તિત્વમાં આવી છે. જેનું વર્ષ ૨૦૦૮ માં ચેતક કમાન્ડ ફોર્સ તરીકે નામાભિધાન કરવામાં આવ્યું છે. આતંકવાદી હુમલાનો પ્રતિકાર કરવા માટે ચેતક કમાન્ડો ફોર્સ આધુનિક હથિયારો અને સામાન સાથે સુસજજ છે.

### પહલગામ હુમલા મામલે બોલ્યા મનિન્દરજીતસિંઘ

# લોકલ પોલીસ અને ઇન્ટેલિજન્સની ક્યાંકને ક્યાંક ખામી રહી ગઇ હશે

। (માહિતી) ભાવનગર, તા.૧ ।

જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામમાં મંગળવારે (૨૨મી એપ્રિલ, ૨૦૨૫) થયેલા આતંકવાદી હુમલામાં ત્રણ ગુજરાતીના મોત થયા છે. જેમાં સુરતના શૈલેષભાઈ કળથિયા અને ભાવનગરના પિતા-પુત્ર સ્મિત અને યતીશભાઈ પરમારનું ગોળીબારમાં મોત નીપજ્યું હતું. ત્યારે ઓલ ઈન્ડિયા એન્ટિ ટેરેરિસ્ટ ફ્રન્ટના ચેરમેન મનિન્દરજીત સિંઘ બીટ્ટા ભાવનગરની મુલાકાતે આવ્યા હતા. તેમણે પહેલગામ આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા કાળિયાબીડના મૃતક પિતા પુત્રના ઘરે શ્રદ્ધાંજલિ અર્પણ કરી સાંત્વના પાઠવી અને તેમના પરિવારજનો સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન મનિન્દરજીત સિંઘ બીટ્ટાએ પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે ગુજરાતના લોકોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ જેવા નેતા આપ્યા છે. જો આપણને આવા નેતાઓ મળ્યા ન હોત તો આપણું શું થાત. આ બે લોકોએ આર્ટિકલ ૩૭૦ ખતમ કરી નાખી અને કાશ્મીરની સ્થિતિ સામાન્ય કરી દીધી છે. હું ઘણીવાર ગુજરાતની મુકાલે આવ્યું છું, અહીંની પોલીસ સતર્ક જોવા મળે છે. ગુજરાતમાં કોઈ આતંકવાદ નથી.

પહલગામ આતંકવાદી હુમલાની ઘટનામાં લોકલ પોલીસ અને ઈન્ટેલિજન્સની ક્યાંકને ક્યાંક ખામી રહી ગઈ હશે જેથી આતંકવાદીઓને હુમલો કરવાનો મોકો મળી ગયો. આતંકવાદીઓએ ધાર્યું હોત તો હજુ પણ વધુ લોકોને મોતને ઘાટ ઉતારી શક્યા હોત.

## બોર્ડની પરીક્ષા બાદ હવે બોર્ડના પરિણામ પર સૌની બાજ નજર

। (માહિતી) અમદાવાદ, તા.૧ ।

બોર્ડની પરીક્ષા બાદ હવે બોર્ડના પરિણામ પર સૌની નજર છે. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ નું પરિણામ ક્યારે આવશે તેના પર સૌની નજર છે. ત્યારે બોર્ડ દ્વારા મે મહિનાની શરૂઆતમાં પરિણામ જાહેર કરે તેવી શક્યતા છે. ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા આ વર્ષે પ્રથમવાર ફેબ્રુઆરીમાં ધો.૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા શરૂ કરાઈ હતી અને વહેલી પરીક્ષા લેવાઈ હતી પરંતુ તેમ છતાં બોર્ડનું પરિણામ હજુ સુધી જાહેર થઈ શકયુ નથી. હાલ વિદ્યાર્થીઓ વિવિદ એન્ટ્રન્સ પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યાં છે. આગામી ૪ મેના રોજ નીટની પરીક્ષાને ધ્યાનમાં રાખીને તેના બાદ બોર્ડનું પરિણામ જાહેર થઈ શકે છે. આગામી ૪ મેના રોજ નીટ (નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ) ની પરીક્ષા છે. આ પરીક્ષા મેડિકલ, ડેન્ટલ, આયુર્વેદ અને હોમિયોપેથી માટેની એન્ટ્રન્સ એક્ઝામ છે. હાલ વિદ્યાર્થીઓ છેલ્લી ઘડીની તૈયારીઓ કરી રહ્યા છે. પરીક્ષાને બસ ત્રણ દિવસ બાકી છે. આવામાં બોર્ડનું પરિણામ જાહેર કરવામાં આવે તો નીટની પરીક્ષા પર અસર થઈ શકે છે.

# પોસ્ટ વિભાગે શરૂ કરી 'જ્ઞાન પોસ્ટ' સેવા, ઓછી કિંમતે મોકલી શકાશે શૈક્ષણિક પુસ્તકો અને સામાજિક-સાંસ્કૃતિક સાહિત્ય

### 'જ્ઞાન પોસ્ટ' સેવા 'ઘરે ઘરે જ્ઞાન, દરેક સપનાને ઉડાન' ની સંકલ્પના સાથે પોસ્ટ વિભાગની દર્શાવે છે પ્રતિબદ્ધતા : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ





। અમદાવાદ, તા.૧ ।

ભારતીય પોસ્ટ વિભાગે પુસ્તકો અને અભ્યાસ સામગ્રીને ઓછી કિંમતમાં મોકલવા માટે ૧ મે, ૨૦૨૫થી 'જ્ઞાન પોસ્ટ સેવા'ની શરૂઆત કરી. આ અંગે માહિતી આપતાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, 'જ્ઞાન પોસ્ટ' અંતર્ગત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક બોર્ડ, યુનિવર્સિટીઓ, સરકાર હેઠળની સ્વાયત્ત સંસ્થાઓ અને વૈધાનિક સંસ્થાઓને લગતા પુસ્તકો, વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો દ્વારા ઉપયોગમાં લેવાતા પાઠ્યપુસ્તકો તથા દેશના સંબંધિત કાયદા અનુસાર પ્રકાશિત સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રકૃતિને લગતા સાહિત્યને પોસ્ટ મારફતે મોકલી શકાય તેવી સુવિધા મળશે. આવા તમામ પેકેટ પર ''જ્ઞાન પોસ્ટ'' લખેલું હોવું આવશ્યક રહેશે. 'જ્ઞાન પોસ્ટ' હેઠળ મોકલવામાં આવતી પુસ્તકો અને મુદ્રિત શૈક્ષણિક સામગ્રીને ટ્રેક કરવાની સુવિધા ઉપલબ્ધ રહેશે અને ઓછી કિંમતમાં અસરકારક વિતરણ સુનિશ્ચિત કરવા માટે તેને જમીન માર્ગે મોકલવામાં આવશે. આ સેવામાં બુકિંગ માટેના પેકેટનું ન્યૂનતમ વજન ૩૦૦ ગ્રામ અને મહત્તમ ૫ કિલોગ્રામ રહેશે. આ માટેનો શુલ્ક રૂ. ૨૦થી શરૂ થઈને મહત્તમ રૂ. ૧૦૦ (લાગુ કર મુજબ) રહેશે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે 'જ્ઞાન પોસ્ટ' સેવા 'ઘરે ઘરે જ્ઞાન, દરેક સપનાને ઉડાન' જેવી સંકલ્પનાને આધારે દેશના દરેક ખૂણામાં શિક્ષણને પ્રોત્સાહન આપવા અને શિક્ષાર્થીઓ સુધી પહોંચી જવા માટે પોસ્ટ ઓફિસની સતત પ્રતિબદ્ધતાને દર્શાવે છે. શિક્ષણ એ સશક્ત ભવિષ્ય માટેનો આધાર છે, પરંતુ શીખવા માટેના સાધનો સુધી પહોચવા ભૌગોલિક સ્થિતિ કે વ્યક્તિગત સામર્થ્ય પર આધારિત ન હોવી જોઈએ. 'જ્ઞાન પોસ્ટ' આ મક્કમ માન્યતાને ધ્યાનમાં રાખીને રચવામાં આવી છે કે એક પાઠ્યપુસ્તક, માર્ગદર્શિકા અથવા સાંસ્કૃતિક પુસ્તિકા જ્યારે ઓછી કિંમતે પોસ્ટ ઓફિસ મારફતે અંતિમ વ્યક્તિ સુધી પહોંચે છે, ત્યારે તે લોકોને સશક્ત બનાવે છે અને જીવનમાં બદલાવ લાવે છે.

ઉલ્લેખનીય છે કે 'જ્ઞાન પોસ્ટ' અંતર્ગત માત્ર બિન-વાણિજ્યિક, શૈક્ષણિક સામગ્રી જ મોકલી શકાય છે. આ સેવાની હેઠળ કોઈપણ વ્યવસાયિક અથવા વાણિજ્યિક પ્રકાશન, તેમજ જાહેરાતો ધરાવતા પ્રકાશનો (આકસ્મિક જાહેરખબરો અથવા પુસ્તકોની યાદી સિવાય) સ્વીકારવામાં આવશે નહીં. દરેક પુસ્તિકા પર નિર્ધારિત શરતો મુજબ મુદ્રક અથવા પ્રકાશકનું નામ સ્પષ્ટ રીતે ઉલ્લેખિત હોવું આવશ્યક રહેશે.

'જ્ઞાન પોસ્ટ' શરૂ થતાં જ, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અભ્યાસ પ્રેમીઓએ તેના વિશે માહિતી એકત્રિત કરવા માટે પોસ્ટ ઓફિસની મુલાકાત લેવાનું શરૂ કર્યું. ઉત્તર ગુજરાતમાં સૌથી પહેલું 'જ્ઞાન પોસ્ટ' પાર્સલ મહેસાણા જિલ્લાની કડવા પટેલ બી.એડ. કોલેજ, વિસનગર દ્વારા મહેસાણા હેડ પોસ્ટઓફિસ માંથી બુક કરાયું. તે જ રીતે, ગાંધીનગર હેડ પોસ્ટઓફિસમાંથી પ્રથમ વખત શ્રી પ્રિન્સ મકવાણાએ 'જ્ઞાન પોસ્ટ' હેઠળ બુકિંગ કરાવ્યું. આ સાથે ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના તમામ મંડળોએ પણ આ નવી સેવાના પ્રચાર-પ્રસારની શરૂઆત કરી છે અને લોકોને આ કિફાયતી અને ઉપયોગી સેવાનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કર્યાં છે.

# ખેડામાં બાળકીને વીજ કરંટથી બચાવવા જતાં માતા-ભાઇના મોત

। (એજન્સી) ખેડા, તા.૧ ।

ગુજરાતના ખેડામાં કરૂણાંતિકા સર્જાઈ છે. ખેડા જિલ્લામાં માતરના મહેલજ ગામમાં વરસાદને કારણે વીજ કરંટ લગતા ત્રણ વ્યક્તિઓના મૃત્યુ થયા છે. માતા, પુત્ર અને અન્ય એક વ્યક્તિનું વીજ કરંટ લાગતા કમકમાટી ભર્યું મૃત્યુ થયું છે. દુકાનનું શટર ખોલવા જતા ચાર વ્યક્તિને વીજ કરંટ લાગ્યો હતો.

ખેડાના ઠાસરના આગરવા ગામે કરૂણાંતિકા સર્જાઈ છે. કૂવાની મોટરમાં ખેતી વિષયક જોડાણ મેળવેલું હતું. જેનો છેડો અડી જતા તેમાં કરંટ ઉદ્ભવ્યો હતો. કરંટ ચાલુ હતો તે દરમિયાન બે વર્ષની બાળકી મીરાને કૂવાની મોટરનો વીજકરંટ લાગ્યો. ત્યારબાદ ૩૯ વર્ષીય માતા ગીતાબહેન પરમાર અને ભાઈ દક્ષેશ પરમાર તેને બચાવવા ગયા હતાં. જોકે, વીજકરંટ તીવ્ર હોવાના કારણે ત્રણેયનું શોક લાગવાના કારણે મોત નિપજ્યું હતું. આ દરમિયાન અન્ય એક લીલાબહેન નામની મહિલા ત્રણેયને બચાવવા આવી તો તે પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી.

# મેશ્વો નદીમાં ન્હાવા ગયેલા ૬ બાળકોના ડુબી જવાથી મોત

। (એજન્સી) ખેડા, તા.૧ ।

ખેડા જિલ્લામાં ગત રોજ એક મોટી દુર્ઘટના ઘટી ગઈ. અહીં બુધવાર સાંજે એક જ પરિવારના ૬ બાળકોમાં નદીમાં ડૂબી ગયા હતા. જેમાં મોટા ભાગના પિતરાઈ ભાઈ બહેન હતા. પરિવારના ૬ સભ્યો ડૂબી જવાની સૂચના જેવી પરિવારના લોકોને મળી તો માતમ ફેલાઈ ગયો. પોલીસે જણાવ્યું છે કે, આ ઘટના કનીજ ગામમાં થઈ હતી. ખેડા પોલીસ રાજેશ ગઢિયાએ જણાવ્યું હતું કે, છ વ્યક્તિ જે ૧૪-૨૧ વર્ષના ભાઈ બહેન અથવા સંબંધમાં પિતરાઈ ભાઈ બહેન થાય છે. તેઓ મેશ્વો નદીમાં ન્હાવા માટે ગયા હતા, જ્યાં ડૂબી ગયા હતા. તેમાંથી ચાર છોકરીઓ અને બે છોકરા હતા. આ તમામના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે, ૬ મૃતકોમાંથી બે કનીજ ગામમાં રહેવાસી હતા અને ચાર તેમના સંબંધમાં ભાઈ બહેન થતાં હતા, જે અમદાવાદના નરોડાથી રજા માણવા માટે મામાના ઘરે ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે, સૂચના મળ્યા બાદ અમદાવાદ પોલીસ અને ફાયર વિભાગની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી અને રેસ્ક્યૂ ઓપરેશન શરુ કર્યું.

### બે દિવસ અહીં રોકાશે

# INS સુરત પહેલીવાર પહોંચ્યું હજીરા પોર્ટ

। (એજન્સી) સુરત, તા.૧ ।

પહલગામ આતંકી હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી તણાવની સ્થિતિ વચ્ચે ભારતીય નૌકાદળની તાકાતનું પ્રતીક અત્યાધુનિક યુદ્ધ જહાજ INS સુરત આજે સુરતના હજીરા પોર્ટ ખાતે પહોંચ્યું છે. રાજ્યસભાના સાંસદ ગોવિંદ ધોળકિયા અને સુરતના કલેક્ટર દ્વારા આ યુદ્ધ જહાજનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ગત ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુંબઈમાં આ જહાજનું લોકાર્પણ કર્યું હતું, જે આજે પ્રથમ વખત ગુજરાત પહોંચ્યું છે. INS સુરત આગામી બે દિવસ સુરતના હજીરા પોર્ટ ખાતે રહેશે. આ દરમિયાન આવતીકાલે પોલીસ અધિકારીઓ, NCC વિદ્યાર્થીઓ, વિવિધ અધિકારીઓને જહાજની અંદરની સુવિધાઓ અને તેની તાકાતથી પરિચિત કરવામાં આવશે. આ પગલું ખાસ કરીને વર્તમાન ભૌગોલિક-રાજનૈતિક તણાવની સ્થિતિમાં ભારતની નૌસૈનિક શક્તિનું પ્રદર્શન કરવા માટે લેવાયું છે. હાલના સમયમાં ખાસ કરીને ભારત-પાકિસ્તાન વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો વચ્ચે INS સુરતનું ગુજરાતમાં આગમન એક મજબૂત સંદેશ છે. જેના પર ગત ૨૪ એપ્રિલ ૨૦૨૫ના રોજ અરબી સમુદ્રમાં MR-SAM (મીડિયમ રેન્જ સરફેસ-ટુ-એર મિસાઈલ)નું સફળ પરીક્ષણ કરી, સમુદ્રમાં એક લક્ષ્યને ચોકસાઈપૂર્વક નષ્ટ કરાયું હતું. આ પરીક્ષણે ભારતની સ્વદેશી યુદ્ધજહાજ ડિઝાઈન, વિકાસ, અને સંચાલનની ક્ષમતાઓને ઉજાગર કરી છે. INS સુરતનું નામ ગુજરાતના ડાયમંડ સિટી સુરત પરથી રાખવામાં આવ્યું છે, જે પોતાના સમૃદ્ધ દરિયાઈ ઈતિહાસ અને જહાજ નિર્માણના વારસા માટે જાણીતું છે. ૧૮૩૬માં બનેલું ભારતનું પ્રથમ લાઈટહાઉસ ક્રેસ્ટ હજીરા લાઈટહાઉસ અને એશિયાટિક સિંહએ INS સુરતની શક્તિ, દીર્ઘાયુષ્ય અને દરિયાઈ રક્ષણનું પ્રતીક છે. નવેમ્બર ૨૦૨૩માં CM ભૂપેન્દ્ર પટેલે સુરતમાં આ જહાજના ક્રેસ્ટનું અનાવરણ કર્યું હતું. ઈન્ડિયન નેવીએ કોલકાતા ક્લાસ ડિસ્ટ્રોયર્સને અપગ્રેડ કરી તેનું નામ બદલીને વિશાખાપટ્ટનમ ક્લાસ ડિસ્ટ્રોયર રાખ્યું છે. આ પ્રોજેક્ટનું નામ P-15 બ્રાવો-ક્લાસ અથવા P15-B રાખવામાં આવ્યું હતું. INS સુરત ભારતીય નૌકાદળનું વિશાખાપટ્ટનમ-ક્લાસ (પ્રોજેક્ટ ૧૫મ)નું ચોથું અને અંતિમ સ્ટીલ્થ ગાઈડેડ-મિસાઈલ ડિસ્ટ્રોયર છે.

### જૈન મુનિ અરવિંદસાગર મહારાજની મહેનત રંગ લાવી

# જૈન મુનિ અરવિંદસાગર મહારાજે બનાવ્યું ૧૦૦ વર્ષનું પંચાંગ

। (એજન્સી) મહેસાણા, તા.૧ ।

એક બે વર્ષનું નહિ પણ ૧૦૦ વર્ષનું પંચાંગ. એક વર્ષનું પંચાંગ બનાવવું પણ શાસ્ત્રીઓ માટે મુશ્કેલ હોય છે ત્યારે અહીં તો ૧૦૦ વર્ષનું પંચાંગ બનાવવામાં આવ્યું છે. જૈન સમાજના અરવિંદસાગર સૂરીશ્વરજી એકસાથે ૧૦૦ વર્ષનું પંચાંગ બનાવ્યું છે. આગામી ૧૦૦ વર્ષના તિથિ, વાર, નક્ષત્ર, યોગ, કરણ સહિત પાંચ અંગોની સૂક્ષ્મ-પ્રત્યક્ષ માહિતી પંચાંગ ગણિત- શાસ્ત્રાર્થ સાથે રજૂ કરવામાં આવી. મહેસાણાના સીમંધર સ્વામી તીર્થનીમાં રાષ્ટ્રસંત પદ્મસાગર સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શ્રી સીમંધર સ્વામી પ્રત્યક્ષ પંચાંગના શતવર્ષીય શાસ્ત્રાર્થ'' ગ્રંથના ચાર ભાગોનું વિમોચન કરવામાં આવ્યું છે. જેમાં ૧૦૦ વર્ષ સુધીનું પંચાંગ જોઈ શકાશે.

દૈનિક જીવનમાં ધાર્મિક અને સામાજિક જીવનમાં શુભકાર્યો માટે યોગ્ય મુહૂર્તો પંચાગ મારફતે જોવામાં આવે છે અને એ પંચાગ બનાવા માટે ખૂબ મહેનત માગી લે છે. તજજ્ઞો દ્વારા મથામણ કરીને એક વર્ષનું પંચાંગ તૈયાર કરવામાં આવે છે. પરંતુ હવે આ શાસ્ત્રાર્થ પંચાંગ દ્વારા શતવર્ષીય એટલે કે ૧૦૦ વર્ષ સુધી પંચાંગ ૪ ભાગ જેમાં, ૨૫ - ૨૫ વર્ષ ના કુલ ચાર ભાગમાં જોઈ શકાશે. જે તારીખની વિગતો જે પેજ અને લાઈનમાં છે. તે જ વિગતો શાસ્ત્રાર્થ પંચાંગમાં પણ દર્શાવવામાં આવી છે. જેથી જરૂરી માહિતી ઘડીના છઠ્ઠા ભાગમાં મેળવી શકાય છે.

આ શાસ્ત્રાર્થ પંચાંગમાં દરેક શુભ-અશુભ યોગો, મહાપાતો, ગ્રહ લોપ -દર્શન, ગ્રહણ સહિતની ગણતરી મિનિટ મિનિટના આધારે સરળતાથી સમજાય તે રીતે તૈયાર કરવામાં આવી છે. જેનું આજે લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ સહિત આચર્ય પણ જોડાયા હતા આચાર્યદેવ અરવિંદસાગર સૂરીશ્વરજીએ ૨૦૨૦માં દક્ષિણ ભારતના પોંડિચેરીમાં સ્થિરતા દરમિયાન કોરોના મહામારીના સમયમાં આ શતવર્ષીય ૧૦૦ વર્ષ શાસ્ત્રાર્થ પંચાંગની તૈયારી શરૂ કરી હતી.

